રવિવાર, 31 ડિસેમ્બર 2023

gujaratvandan.com




નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

માગશર વદ-4, વિક્રમ સંવત 2080 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 260 | વર્ષ : 07 | અંક : 34 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12




**નવું એરપોર્ટ-નવું રેલ્વે સ્ટેશનનું લોકાર્પણ**

ઉદ્ઘાટન પહેલા અયોધ્યા નવોઢાની જેમ નવા સાજ-શણગાર સાથે ઝાકમઝોળ રોશનીથી ઝળહળી ઉઠી, કિલોમીટર લાંબો રોડ શો, ઠેર-ઠેર જય શ્રીરામના નારા, ફુલોની વર્ષા-નવી પેઢી દ્વારા સેલ્ફી માટે પડાપડી

# રામનગરીને મોદી દ્વારા 16 હજાર કરોડની ભેટસોગાદ

ગુજરાત | વંદન

અયોધ્યામાં આકાર લઈ રહેલ ભવ્ય રામ મંદિરના લોકાર્પણની સાથે જેમનું નામ પણ અર્વાચીન ઈતિહાસના નામે લખાવવાનું તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકાર્પણના 23 દિવસ પહેલા આજે રામનગરી અયોધ્યાને 16 હજાર કરોડની ભેટ ધરી હતી. જેમા અયોધ્યા ખાતે નવું વિમાની મથક નવું રેલ્વે સ્ટેશન વગેરેનું સમાવેશ થાય છે. આ ઉપરાંત રામપથ, ધરમ પથ, ભક્તિ પથ અને NH-27 બાયપાસથી રામ જન્મભૂમિ હાઈવે અને બડી બુઆ રેલવે ઓવરબ્રિજનો પણ સમાવેશ થાય છે. અયોધ્યામાં વડાપ્રધાને એક જંગી રોડશોનું પણ આયોજન કર્યું હતું જેમા જયશ્રી નારાઓથી અયોધ્યાનું આકાશ ગૂંજી ઉઠયું હતું. રોડશોમાં રસ્તાની બન્ને તરફ ઉભેલા રામ ભક્તો દ્વારા વડાપ્રધાન પર ફૂલોની વર્ષા કરવામાં આવી હતી. આ મુલાકાત દરમ્યાન વિમાની મથકે રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. દરમ્યાન અયોધ્યાથી જ મોદી વર્ચ્યુલી છ વંદે ભારત અને બે અમૃત ભારત સહિત આઠ ટ્રેનોને પણ લીલી ઝંડી બતાવી હતી.

રામ મંદિર ઉદ્ઘાટન નવા વર્ષમાં 22 જાન્યુઆરીના રોજ થવાનું છે તે પહેલા વિદાય લઈ રહેલા વર્તમાન વર્ષ 2023ના અંતમાં વડાપ્રધાને આજે રામનગરીની મુલાકાત લીધી હતી. પીએમ મોદી 8 કિલોમીટર લાંબો રોડ શો કર્યો હતો. રોડ શો દરમિયાન લોકો, ઋષિ-મુનિઓ અને વેદપાઠીઓ શંખના ફૂંક વચ્ચે પીએમ મોદીનું સ્વાગત કર્યું હતું. PM મહર્ષિ વાલ્મિકી આંતરરાષ્ટ્રીય અયોધ્યા ધામ એરપોર્ટ અને અયોધ્યા ધામ રેલ્વે સ્ટેશનનું ઉદ્ઘાટન કર્યું હતું. બંને સ્થળોને રામકથાની થીમ પર શણગારવામાં આવ્યા હતા. પીએમ મોદીએ ત્યાર બાદ 16 હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા હતા.

દરમ્યાન ઉત્તર પ્રદેશના ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્યએ કહ્યું કે હું ખૂબ જ ખુશ છું કે પીએમ નરેન્દ્ર મોદી અયોધ્યા આવી રહ્યા છે. અયોધ્યામાં આજે ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉદ્ઘાટન થવા જઈ રહ્યું છે. હવે વિશ્વભરમાંથી ભગવાન રામના ભક્તો અહીં આવી શકશે. જ્યારે યુપીના મંત્રી જિતિન પ્રસાદે કહ્યું કે આજનો દિવસ ઐતિહાસિક છે. પીએમ મોદીએ અયોધ્યાના રેનોવેટ કરવાનું વચન આપ્યું હતું. લોકોની નજર સામે આ પૂર્ણ થઈ રહ્યું છે. એરપોર્ટ લોકો માટે કાર્યરત થશે. અમને નવા અયોધ્યા શહેર માટે કામ કરવાની તક મળી છે.

## અવધવાસીઓ દ્વારા PM પર ફુલોની વર્ષા




અયોધ્યા પહોંચ્યા બાદ પીએમ મોદીનો રોડ શો શરૂ થઈ ગયો હતો. અહીં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રસ્તાની બંને બાજુઓ પર લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી અને લોકો 'જય રામ, શ્રી રામ'ના નારા લગાવતા પીએમ મોદીનું ફૂલોની વર્ષા કરીને સ્વાગત કર્યું હતું. આ દરમિયાન લોકો પીએમના રોડ શોની મોબાઈલ દ્વારા તસવીરો લેતા જોવા મળ્યા હતા. રોડ શો દરમ્યાન મહિલાઓ રસ્તા પર ડાન્સ કરતી જોવા મળી હતી. મહર્ષિ વાલ્મીકિ ઈન્ટરનેશનલ એરપોર્ટ અયોધ્યા ધામથી પીએમ મોદીનો 8 કિમી લાંબો રોડ શો યોજાયો હતો. રોડ શોને ખાસ બનાવવા માટે થાઈલેન્ડ, મલેશિયા, કોલકાતા, બેંગલુરુ, દેહરાદૂન, ઉત્તરાખંડ અને દિલ્હીથી ફૂલો અને આગરાના પાંદડા લાવવામાં આવ્યા હતા.

**PMએ રેલવે સ્ટેશનનું મોડલ જોયું** | પીએમ મોદી અયોધ્યા રેલવે સ્ટેશન પહોંચ્યાં હતા. જ્યાં કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, સીએમ યોગી આદિત્યનાથ, રાજ્યપાલ આનંદીબેન પટેલ, કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રિજેશ પાઠક પણ અહીં હાજર હતા. કેન્દ્રીય રેલવે મંત્રી વૈષ્ણવે પીએમ મોદીને રેલ્વે સ્ટેશનનું મોડેલ બતાવ્યું અને ત્યાંની સુવિધાઓ વિશે માહિતી આપી હતી.

**મોદી પર ગર્વ છે: મોરેશિયસ સાંસદ**

મોરેશિયસના સાંસદ મહિન્દા ગુનાગપ્રસાદે કહ્યું- હું આ અવસર પર ભારતમાં આવીને ખૂબ જ ખુશ છું. હું કહી શકતો નથી કે અયોધ્યામાં રામ મંદિરના ઉદ્ઘાટન પર મને કેટલો ગર્વ છે. મોરેશિયસમાં મોટાભાગના લોકો હિન્દુ છે, તેઓ બધા ખૂબ જ ખુશ છે અને ગર્વ અનુભવે છે. કારણ કે રામ મંદિર એ જ જગ્યાએ બનેલું છે જ્યાં ભગવાન રામનો જન્મ થયો હતો. હું એક વાત પ્રામાણિકપણે કહેવા માગુ છું કે પીએમ નરેન્દ્ર મોદી અયોધ્યાને ફરી લાઈમલાઈટમાં લાવ્યા. જે રીતે મંદિરનું નિર્માણ થયું, તેનાથી મોદી પર ગર્વ છે.

**અયોધ્યા ધામ સ્ટેશનનું ઉદ્ઘાટન કર્યું** | વડાપ્રધાને અયોધ્યા ધામ સ્ટેશનનું ઉદ્ઘાટન કર્યું. ત્યારે સ્ટેશન ખાતે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવએ તેમને નવા સ્ટેશનની વ્યવસ્થા વિશે માહિતી પૂરી પાડી હતી.

**સિંધિયાએ અયોધ્યા એરપોર્ટનું નિરીક્ષણ કર્યું** | નાગરીક ઉડ્યન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા અને રાજ્ય મંત્રી વીકે સિંહ મહર્ષિ વાલ્મિકી ઈન્ટરનેશનલ એરપોર્ટ અયોધ્યા ધામ પહોંચ્યા હતા. તેમણે એરપોર્ટની તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. ટૂંક સમયમાં મોદી ત્યાં પહોચ્યા અને એરપોર્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. મહર્ષિ વાલ્મીકિ આંતરરાષ્ટ્રીય અયોધ્યાધામ એરપોર્ટને રામકથાની થીમ પર શણગારવામાં આવ્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### પાયલોટની ભૂલ અને ગયા 72 લોકો જીવ



નેપાળમાં વર્ષ 2023ના જાન્યુઆરી મહિનામાં થયેલા ભયાનક વિમાન દુર્ઘટનાનો તપાસ રિપોર્ટ સામે આવ્યો છે. જેમાં આ દુર્ઘટનાનું કારણ જણાવતા અનેક ખુલાસા થયા છે. પાયલોટે ખોટું લીવર ખેંચી લીધું હતું, તેના કારણે વિમના ક્રેશ થયું અને 72 લોકોના મૃત્યુ પામ્યા હતા

### દિલ્હી એરપોર્ટ પર 'ડંકી' વેથી લંડન જતો યાત્રી પકડાયો

દિલ્હી એરપોર્ટ પર 'ડંકી' વેથી એટલે કે બોગસ દસ્તાવેજો પર લંડન જતા એક યાત્રી પકડી પાડવામાં આવ્યો છે, જેની પુછપરછમાં બહાર આવ્યું હતું કે અન્ય બે યાત્રીઓ બોગસ દસ્તાવેજોથી લંડન પહોંચવામાં સફળ થયા છે. આ અંગેની વિગત એવી છે કે દિલ્હી એરપોર્ટ પર બોગસ દસ્તાવેજોથી લંડન જતો યાત્રી પકડાયો હતો. આઈજીઆઈ એરપોર્ટ પર આ મામલો 27 ડિસેમ્બરે બહાર આવ્યો હતો. સીઆઈએસએફે યાત્રી દિલજોતસિંહને ડિપાર્ચર ગેટ નં.5 પર બેઠેલા જોયો હતો અને તેની ગતિવિધિ શંકાસ્પદ લાગતા તેની તલાશી લેવાઈ હતી.

### પાયલટે ભૂલથી થીજી ગયેલી નદી પર વિમાન લેન્ડ કર્યું

રશિયામાં એક મોટી વિમાન દુર્ઘટના ટળી ગઇ છે. ખરેખર તો 30 મુસાફરો સાથેના એક વિમાનને પાયલટે રન-વે પર લેન્ડ કરવાની જગ્યાએ થીજી ગયેલી નદી પર લેન્ડ કરી દીધું હતું. જોકે લેન્ડિંગ સુરક્ષિત રહેતાં તમામ મુસાફરો સુરક્ષિત છે. માહિતી અનુસાર સોવિયેત કાળના એન્ટોનોવ-24 વિમાનના પાયલટથી આ મોટી ભુલ થઇ ગઇ હતી. માહિતી અનુસાર આ એક મોટી વિમાન દુર્ઘટના સર્જાતા રહી ગઈ. પોલર એરલાઈન્સનું વિમાન AN-24 યાકુટિયા ક્ષેત્રમાં જિર્યંકા નજીક કોલિમા નદી પર લેન્ડ થયું હતું. એરલાઇન્સના પ્રવક્તાએ આપેલી માહિતી અનુસાર પાયલટે આ મોટી ભૂલ કરી હતી.

### IPLમાં રમનારો આ ખેલાડી દુષ્કર્મના કેસમાં દોષિત ઠર્યો



નેપાળ ક્રિકેટ ટીમના સ્ટાર ખેલાડી અને પૂર્વ કેપ્ટન સંદીપ લામિછાને ફરી એકવાર મુશ્કેલીમાં મુકાયો છે. તેને કાઠમંડુની એક કોર્ટે ગઈકાલે દુષ્કર્મના કેસમાં દોષિત ઠેરવ્યો હતો. હવે તેની સામેની સજાની જાહેરાત આગામી સુનાવણીમાં કરવામાં આવશે. કાઠમંડુની એક હોટલના રૂમમાં 17 વર્ષની યુવતીએ તેના પર દુષ્કર્મનો આરોપ લગાવ્યા બાદ ગયા વર્ષે ઓગસ્ટમાં તેની ધરપકડ કરવામાં આવી હતી. નેપાળની કોર્ટે તેને જાન્યુઆરીમાં મુક્ત કર્યો હતો.

## ઉ. ભારતમાં ગાઢ ધુમ્મસનો સિલસિલો યથાવત, રેડએલર્ટ જાહેર, 9 લોકોના મોત

■ 40થી વધુ ઉડ્ડયનો રદ-ડાઈવર્ટ, વંદેભારત જેવી ટ્રેનો પણ 20-20 કલાક મોડી

ગુજરાત | વંદન



પાટનગર દિલ્હીથી માંડીને ઉતરભારતના મોટાભાગના રાજયોમાં ગાઢ ધુમ્મસનો સિલસિલો યથાવત રહ્યો છે ત્યારે ઉતરપ્રદેશમાં માર્ગ અકસ્માતોમાંના લોકોએ જીવ ગુમાવ્યા હતા. ઉતરપ્રદેશમાં સતત ચોથા દિવસે સૂર્યપ્રકાશ જોવા મળ્યો ન હતો અને ગાઢ ધુમ્મસ છવાયેલુ રહ્યું હતું. કડકડતી ઠંડી અને ધુમ્મસને કારણે જનજીવન પ્રભાવિત થયુ હતું. લખનૌ, કાનપુર સહિતના શહેરોમાં વીઝીબીલીટી ઝીરો થઈ ગઈ હતી. જેને કારણે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં 9 લોકોના મોત નિપજયા હતા અને 20થી વધુ ઘાયલ થયા હતા. સાત વિમાની ઉડ્ડયનો રદ કરાયા હતા. મોટાભાગની ટ્રેનો મોડી હતી. માર્ગો પરનું પરિવહન અત્યંત ધીમુ હતું.

હવામાન વિભાગ દ્વારા ઉતરપ્રદેશના 30 જીલ્લામાં ગાઢ ધુમ્મસ તથા 'કોલ્ડ ડે' સંબંધી રેડએલર્ટ જારી કરવામાં આવ્યું છે. બીજી તરફ પાટનગર દિલ્હીમાં પણ સમાન હાલત હતી. 40 વિમાનો મોડા પડયા હતા. ટ્રેન વ્યવહાર પણ વેરવિખેર થયો હતો. વંદેભારત જેવી વીઆઈપી ટ્રેનો પણ 20-20 કલાક મોડી હતી.

દિલ્હી, ઉતરપ્રદેશ ઉપરાંત બિહાર, રાજસ્થાન, પંજાબ, હરિયાણા જેવા રાજયોમાં પણ કાતિલ ઠંડી સાથે ગાઢ ધુમ્મસની સ્થિતિથી લોકો ધ્રુજયા હતા.

### મોટેરાથી ગાંધીનગર સુધી મેટ્રો દોડાવાની તૈયારી

## ગાંધીનગર સુધી એપ્રિલમાં દોડશે મેટ્રો, પીએમ મોદી કરશે ઉદ્ઘાટન

ગુજરાત | વંદન



ગાંધીનગરમાં આવેલું ગિફ્ટ સિટી અત્યારે ચર્ચા કેન્દ્ર બન્યું છે. દારૂ પરમિટ બાદ ગિફ્ટ સિટી માટે વધુ એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. આગામી એપ્રિલમાં મહિના સુધીમાં મોટેરાથી ગિફ્ટ સિટી અને ત્યાંથી સેક્ટર 1 સુધી મેટ્રો પ્રાયોગિક ધોરણે મેટ્રો શરૂ થાય તેવી પૂરેપૂરી સંભવનાઓ સેવાઈ રહી છે. એક માહિતી મુજબ મોટેરાથી ગાંધીનગરના સેક્ટર 1સુધી મેટ્રોની કામગીરી અંતિમ તબક્કામાં ચાલી રહી છે. ત્યારે મોટેરાથી ગાંધીનગર સેક્ટર 1 સુધી લોકોસભાની ચૂંટણી પહેલા મેટ્રો પ્રોયગિક ધોરણે ચાલુ કરે તેવી સંપૂર્ણ શક્યતાઓ છે. તો બીજી તરફ વાત કરવામાં આવે તો કાંકરિયા ઈસ્ટ સ્ટેશન પણ બનીને તૈયાર થઈ ગયો છે, હવે તેને ચાલુ કરવા માટે ગ્રીન સિગ્નલની રાહ જોવાઈ રહી છે.

અમદાવાદ મેટ્રો કમાઉ દિકરો સાબિત થયો છે. ઓક્ટોમ્બર 2022થી 28 ડિસેમ્બર 2023 સુધીમાં કુલ મુસાફરોની અવર જવરની વાત કરી તો તેનો આંકડો 2.50 કરોડને પાર થયો છે. જેની આવકની વાત કરીએ તો કુલ 36.97 કરોડની આવક થઈ છે.

ગાંધીનગર મેટ્રો રૂટમાં સ્ટેશનની વાત કરીએ તો કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ, કોબા સર્કલ, જુના કોબા, કોબા ગામ, જીએલએલયુ, પીડીઈયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોળાકૂવા સર્કલ, ઈન્ફોસિટી જેવા અન્ય સ્ટેશનનો સમાવેશ થઈ શકે છે.

## USના મેક્સિકોમાં અંધાધૂંધ ગોળીબારમાં 6 લોકોના મોત

■ ગન કલ્ચરની વધુ એક ઘટના, 26 ઘવાયા

ગુજરાત | વંદન

અમેરિકામાં ફરી એકવાર ગોળીબારની ઘટના બની છે. આ વખતે ઉત્તર-પશ્ચિમી મેક્સિકોમાં ગોળીબરની ઘટના બની હતી જેમાં 6 લોકો માર્યા ગયા હતા. જ્યારે 26 અન્ય ઘવાયા હતા. અધિકારીઓએ આ માહિતી આપી હતી. મેક્સિકોમાં આવી ઘટના અવારનવાર બને છે.સોનોરા રાજ્યના એટોર્નીના કાર્યાલયે કહ્યું કે શરૂઆતની તપાસમાં જાણ થઈ કે આ હુમલો એક ગુનાઈત સમૂહના નેતા પર કરાયો હતો જેના પર હત્યાના પ્રયાસ સહિત અનેક મામલે ધરપકડ વૉરન્ટ ઈશ્યૂ કરાયા હતા. ઉલ્લેખનીય છે કે બંદૂકધારીઓનો મેક્સિકોમાં સામાજિક સમારોહને નિશાન બનાવવાનો લાંબો ઈતિહાસ રહ્યો છે.

જ્યાં 2006થી નશીલી દવાઓ સંબંધિત હિંસામાં 420000થી વધુ લોકોની હત્યા કરી દેવામાં આવી હતી. જ્યારે 17 ડિસેમ્બરે પણ આ પ્રકારની ઘટના બની હતી જ્યાં બંદૂકધારીઓએ મધ્ય રાજ્ય ગુઆનાજુઆતોમાં સ્વતંત્રતા દિવસ મનાવવા માટે એકઠી થયેલી ભીડ પર ગોળીબારની ઘટનાને અંજામ આપ્યો હતો. તે ઘટનામાં પણ 6 લોકો માર્યા ગયા હતા. ઉલ્લેખનીય છે કે આ ક્ષેત્ર પણ સામૂહિક હિંસાથી પ્રભાવિત છે.

## વૈષ્ણોદેવીમાં 10 વર્ષનો રેકોર્ડ તૂટયો: 95 લાખથી વધુ યાત્રીઓ પહોંચ્યા

ગુજરાત | વંદન



કટરા શહેરની ત્રિકુટા પહાડીઓમાં આવેલ વૈષ્ણોદેવીના પવિત્ર ગુફા મંદિરમાં આ વર્ષે 95 લાખથી વધુ તીર્થયાત્રીઓનું આગમન થયુ હતું. જે છેલ્લા 10 વર્ષનો રેકોર્ડ છે. તીર્થયાત્રાનાં ઈતિહાસમાં સૌથી વધુ સંખ્યા 2012 માં હતી, ત્યારે 1 કરોડ 4 લાખ 9 હજાર 569 શ્રધ્ધાળુઓએ પવિત્ર મંદિરમાં દર્શન કર્યા હતા.

ડિસેમ્બરની શરૂઆતમાં ઉપ મહાનિરિક્ષક (ડીઆઈજી) ઉધમપુર રિયાસી રેન્જ મોહમ્મદ સુલેમાન ચૌધરીએ યાત્રાની આધાર શિબીર કટરામાં માતા વૈષ્ણોદેવી તીર્થની સુરક્ષા સમીક્ષા અને પરિચાલન તૈયારીની બેઠકમાં ચર્ચા કરી હતી.

બેઠકમાં હાજર દરેક અધિકારી પાસેથી યાત્રા દરમ્યાન બહેતર ભીડ મેનેજમેન્ટ અને સુરક્ષા વ્યવસ્થાની તૈયારીના બારામાં ડીઆઈજી યુઆરએ વિસ્તૃત જાણકારી મેળવી હતી.

## પાકિસ્તાને આતંકી નેતા હાફિઝ સઈદને ભારતને સોંપવાનો ઈન્કાર કર્યો

ગુજરાત | વંદન

પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે આતંકવાદી નેતા હાફિઝ સઈદના પ્રત્યાર્પણની ભારતની માંગને ફગાવી દીધી છે. પાકિસ્તાનના વિદેશ કાર્યાલયના પ્રવક્તા મુમતાઝ ઝહરા બલોચે જણાવ્યું હતું કે પાકિસ્તાનને ભારતીય અધિકારીઓ તરફથી સઈદના પ્રત્યાર્પણની વિનંતી કરવામાં આવી છે. "એ નોંધવું જોઈએ કે પાકિસ્તાન અને ભારત વચ્ચે કોઈ દ્વિપક્ષીય પ્રત્યાર્પણ સંધિ અસ્તિત્વમાં નથી," તેમણે કહ્યું. તેથી તેનું પ્રત્યાર્પણ શક્ય નથી.

...અનુસંધાન પાના નં. 06 પર

### 1 જાન્યુઆરીએ વિશ્વની વસ્તી આઠ અબજને પાર કરશે

## વિશ્વભરમાં છેલ્લા એક વર્ષમાં વસ્તીમાં 7.5 કરોડનો વધારો નોંધાયો

ગુજરાત | વંદન



વિશ્વભરમાં વસ્તી સતત વધી રહી છે. યુએસ સેન્સસ બ્યુરો દ્વારા જારી કરવામાં આવેલા ડેટા અનુસાર, 1 જાન્યુઆરી, 2024 ના રોજ મધ્યરાત્રિએ વિશ્વની વસ્તી આઠ અબજને વટાવી જશે.

સૌથી ચોંકાવનારી વાત એ છે કે છેલ્લા એક વર્ષમાં વિશ્વની વસ્તીમાં 75 મિલિયન લોકોનો વધારો થયો છે. આ સાથે, નવા વર્ષના દિવસે એટલે કે 1 જાન્યુઆરીએ તે આઠ અબજને વટાવી જશે. ગયા વર્ષે વિશ્વભરમાં વિકાસ દર માત્ર એક ટકાથી ઓછો હતો. સેન્સસ બ્યુરોના ડેટા અનુસાર, 2024ની શરૂઆતમાં વિશ્વભરમાં દર સેકન્ડે 4.3 જન્મ અને બે મૃત્યુ થવાની ધારણા છે. સત્તાવાર આંકડાઓ અનુસાર, વસ્તીમાં આ વધારો છેલ્લા એક વર્ષમાં 75,162,541 નો વધારો છે, જે 1 જાન્યુઆરી, 2024 ના રોજ અંદાજિત વિશ્વ વસ્તીને 8,019,876,189 પર લઈ જાય છે. કોવિડ-19 વસ્તી વૃદ્ધિને અસર કરે છે જો કે, ઘટતા પ્રજનન દર અને યુવાનોના નાના પ્રમાણ જેવા પરિબળોને કારણે, સેન્સસ બ્યુરોનો અંદાજ છે કે નવ અબજની વસ્તી સુધી પહોંચવામાં 14 વર્ષથી વધુ સમય લાગશે. વધુમાં, 10 અબજ સુધી પહોંચવામાં સાડા 16 વર્ષનો સમય લાગવાનો અંદાજ છે. આ અંદાજ ધીમો વિકાસ દર દર્શાવે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કોવિડ-19 રોગચાળાએ વસ્તી વૃદ્ધિને પણ અસર કરી છે.

ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે નવેમ્બરમાં યુએનના એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે વિશ્વની વસ્તી આઠ અબજ સુધી પહોંચી ગઈ છે.પૃથ્વી પર 2030 સુધીમાં 850 કરોડ, 2050 સુધીમાં 970 કરોડ અને 2100 સુધીમાં 1040 કરોડ લોકો થઈ શકે છે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે આજે મનુષ્યની સરેરાશ ઉંમર 72.8 વર્ષ છે, જે 1990ની સરખામણીમાં 2019 સુધીમાં નવ વર્ષ વધી છે. 2050 સુધીમાં, માનવી સરેરાશ 77.2 વર્ષ જીવશે.યુનાઈટેડ નેશન્સ સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે આ અભૂતપૂર્વ વધારા પાછળનું ...અનુસંધાન પાના નં. 06

## જમીન કૌભાંડ કેસમાં ED એ CM હેમત સોરેનને સાતમી વખત સમન્સ પાઠવ્યા

ગુજરાત | વંદન

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એ જમીન કૌભાંડ કેસમાં ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનને PMLK હેઠળ સાતમું સમન્સ જારી કર્યું છે. EDએ તેમને આ કેસમાં તેમનું નિવેદન નોંધવા કહ્યું છે. મંગળવારે, સીએમ સોરેન એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે દુમકા જવા રવાના થયા હતા, તે દરમિયાન અટકળો શરૂ થઈ હતી કે તેઓ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) સમક્ષ હાજર થયા નથી. EDએ કથિત જમીન સોરેનને કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે નવેસરથી સમન્સ જારી કરવામાં આવ્યું હતું. મળતી માહિતી ...અનુસંધાન પાના નં. 06 પર

### કેન્સર પીડિતોને હવે કષ્ટદાયક પીડામાંથી મળશે મુક્તિ

## કેન્સર પીડિતો માટે ગુડ ન્યૂઝ, નવી અક્સીર સિરપ તૈયાર

■ ડૉક્ટરોએ બેંગ્લુરુની IDRS લેબ્સના સહયોગથી આ દવા તૈયાર કરી

ગુજરાત | વંદન



ભારતના વૈજ્ઞાનિકોએ કેન્સર દર્દીઓ માટે પ્રથમ સીરપ તૈયાર કરવામાં સફળતા મેળવી લીધી છે. તેનું નામ પ્રીવેલ રખાયું છે. શું આ કફ સીરપ બની જવાથી અત્યંત પીડાદાયક કીમોથેરેપીથી મુક્તિ મળી જશે? એ એક મોટો સવાલ છે.

ટાટા મેમોરિયલ હોસ્પિટલ એન્ડ એડવાન્સ્ડ સેન્ટર ફોર ટ્રેનિંગ રિસર્ચ એન્ડ એજ્યુકેશન ઈન કેન્સર (ACTREC) એ કેન્સર દર્દીઓની સારવાર માટે ભારતની આ પહેલી સીરપ (ઓરલ સસ્પેન્શન) તૈયાર કરવામાં સફળતા મેળવી હતી. કીમોથેરેપીમાં વપરાતી આ દવા (6- મર્કેપ્ટોપ્યૂરિન કે પછી 6-MP) નું નામ પ્રીવેલ (PREVALL) રખાયું છે. ACTRECના ડૉક્ટરોએ બેંગ્લુરુની IDRS લેબ્સના સહયોગથી આ દવા તૈયાર કરી હતી. બ્લડ કેન્સરના દર્દીઓ માટે આ દવા ક્રાંતિ લાવી શકે છે. ખાસ કરીને બાળકોની કેન્સરની સારવારમાં પરંપરાગત ટેબલેટ માટે આ અસરદાર વિકલ્પ બની શકે છે.

મર્કેપ્ટોપ્યૂરિનનો ઉપયોગ તમામ પ્રકારના કેન્સરની ...અનુસંધાન પાના નં. 06

### જરા હટકે....

**સ્પેનમાં ઈંડા અને લોટથી લડાઈ**



ગાંધીનગર સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

# અનેક રીતે ઐતિહાસિક બન્યું વિદાયમાન વર્ષ 2023...

વર્ષ 2023 વિદાય લઈ રહ્યું છે. અને નવુ વર્ષ 2024 બારણે ટકોરા મારીને "સ્વાગત નહીં કરોંગે હમારા...?" એમ પૂછી રહ્યું છે. વિદાયમાન વર્ષમાં દેશ-વિદેશમાં અનેક નાની મોટી રાજકીય-આર્થિક-સામાજિક ઘટનાઓ બની જેમાંથી ઘણી ઘટનાઓએ લાંબાગાળાની અસરો છોડી છે. જેમ કે હમાસ દ્વારા ઈઝરાયલ પર હુમલો અને તેના પગલે સર્જાયેલી ઘટનાઓ નવા વર્ષ 2024માં પણ આકાર લે તેમ છે. તો ચંદ્રયાન-3 અને આદિત્ય એલવન ભારતની અંતરિક્ષક્ષેત્રે સીમા ચિંહનરૂપ છે.

## નવા વર્ષમાં લોકસભાની ચૂંટણીઓ



2024માં જે મહત્વની રાજકીય ઘટના બનવાની છે તે લોકસભાની ચૂંટણીઓ છે. એપ્રલ-મેમાં 543 બેઠકો માટે યોજાનાર ચૂંટણીમાં સતત ત્રીજીવાર જીતીને હેટ્રીક રેકોર્ડ બનાવવા ભાજપ અને વડાપ્રધાન મોદી તૈયાર છે. મોદીનો સામનો કરવા 2023માં ઈન્ડિયા ગઠબંધનની રચના થઇ અને 2024માં આ ગઠબંધનનો લિટમસ ટેસ્ટ નવા વર્ષમાં થશે. 2024માં લોકસભાની આ ચૂંટણીઓના પરિણામો અનેક નવા સમીકરણો રચીને ક નયા ઈતિહાસની રચના કરે તો નવાઈ નહીં.

## 2023ની મહત્વની ઘટનાઓ પર એક ઉડતી નજર....

### પાંચ રાજ્યોમાં ચૂંટણીઓ

વિદાયમાન વર્ષમાં રાજકીય મોટી ઘટનામાં પાંચ રાજ્યોની ચૂંટણીઓ છે. પાંચમાંથી 3 રાજ્યો રાજસ્થાન-મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ભાજપે વડાપ્રધાન મોદીના નામે અને મોદી ગેરંન્ટીના પગલે સત્તા મેળવી તો કોંગ્રેસને માત્ર તેલંગાણાથી સંતોષ માનવો રહ્યો. આ ચૂંટણીઓમાં મોદી કી ગેરંટી નામનું અએક નવુ રાજકીય સમીકરણ રાજકારણમાં ઉમેરાયુ. નવા વર્ષમાં સૌથી મોટી રાજકીય ઘટનામાં એપ્રિલ-મેમાં યોજાનાર લોકસભાની ચૂંટણીઓ છે જે ન ભૂતો ન ભવિષ્યતિ..ની જેમ દેશના વિરોધપક્ષો માટે અને ખાસ તો કોંગ્રેસ માટે નિર્ણાયક અને મહત્વની બની રહેશે..2024માં પણ મોદી કી ગેરન્ટી અને મોદી કા જાદુ.ચાલે તેમ છે.




### જી20 સમિટ

▪ જી20ની અધ્યક્ષતા માટે ભારતને દુનિયાભરના દેશોની સામે બ્રાન્ડ ઈન્ડિયાની છબી મજબૂત બનાવવાની તક મળી છે. તેની શરૂઆત વડાપ્રધાન મોદીએ ઈન્ડોનેશિયામાં થયેલી જી20 સમિટથી કરી હતી. તેમને દેશના અલગ અલગ ભાગમાં બનેલા ઉત્પાદન દુનિયાના દિગ્ગજ નેતાઓને ભેટમાં આપ્યા હતા.




▪ નિષ્ણાંત માને છે કે તેના દ્વારા ટૂરિઝમને અગ્રિમતા મળશે. આ કાર્યક્રમો દ્વારા દુનિયાના દેશોમાં ભારતના પર્યટન સ્થળોની લોકપ્રિયતા વધશે. મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટને વધારો મળી શકે છે. દુનિયાભરના દેશોની વચ્ચે ભારતમાં બનેલા ઉત્પાદનોની પહોંચ વધશે. તેની સીધી અસર દેશની અર્થવ્યવસ્થા પર પડશે.

### નવું સંસદ ભવન

જ્યારે કોઈ દેશનું સંસદ ભવન સારૂ હોય છે અને ત્યાં કોઈ વિદેશી મહેમાન આવે છે તો તેના વિશે સમગ્ર દુનિયા જાણે છે. તેનાથી તે દેશની છબી સારી બને છે. હવે ભારતની પાસે પણ શાનદાર સુવિધાઓથી સજ્જ આલિશાન સંસદ ભવન છે. નવા સંસદ ભવના નિર્માણનું ભૂમિપૂજન 10 ડિસેમ્બર 2020એ વડાપ્રધાન મોદીએ કર્યું અને. 28 મે 2023એ વડાપ્રધાન મોદીએ જ તેનું ઉદ્ઘાટન કર્યુ. ટાટા પ્રોજેક્ટસે નવા સંસદ ભવનને લગભગ 971 કરોડ રૂપિયાના ખર્ચથી તૈયાર કર્યુ છે.



### શ્રી અન્ન યોજના

યુએનમાં બાજરીના આંતરરાષ્ટ્રીય વર્ષનો પડઘો પડ્યોઃ ભારત એક કૃષિ પ્રધાન દેશ છે. દેશની મોટાભાગની વસ્તી તેની પર નિર્ભર છે. તો જ્યારે વાત દેશની સાથે જોડાયેલા મોટા ઈવેન્ટસની હોય અને ખેતીથી જોડાયેલ ઈવેન્ટને લિસ્ટમાં ના રાખવામાં આવે તો દેશની અર્થવ્યવસ્થા પર પ્રશ્ન ઉભો થાય. કેન્દ્ર સરકારે મોટા અનાજની ખેતીને પ્રોત્સાહન આપવા માટે શ્રી અન્ન યોજનાની શરૂઆત કરી છે. સરકારનું માનવુ છે કે આ યોજના હેઠળ દેશમાં બાજરાની ખેતીથી નાના અને સીમાંત ખેડૂતોની આવકમાં વધારો થશે. વર્ષ 2023ને ભારત દ્વારા એક પ્રસ્તાવ બાદ સંયૂક્ત રાષ્ટ્રએ બાજરા મિશનને ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ તરીકે જાહેર કર્યો છે, જે બાજરા માટે એક વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવા ઈચ્છે છે.





### વિદેશી રોકાણ 60 અબજ ડોલરને પાર



ભારતે વિશ્વના રોકાણકારો માટે રેડ કાર્પેટ એટલે કે લાલજાજમ બિછાવી. જેના કારણે ભારતમાં વિદેશી રોકાણ ૬૦ અબજ ડોલરને પાર થઇ ગયું છે. ૨૦૨૪ના લોકસભા ચૂંટણી જંગને નજરમાં રાખીને સરકારે રોજગારી વધારવા લીધેલા પગલાં અને મેક ઇન ઇન્ડિયા જેવા પગલાંથી ઉત્પાદકો આકર્ષાયા હતા. રશિયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધના કારણે સેમિકન્ડક્ટર જેવા મહત્વના મટીરીયલની અછત ઉભી થઇ તેના કારણે. ભારત હવે સેમિકન્ડક્ટર બનાવવાના હબ તરીકે ઉભરી રહ્યું છે.

### ચંદ્રયાન 3 અને આદિત્ય L1



ભારતે ચંદ્રયાન 3 અને આદિત્ય એલ 1ની સફળતાની ચર્ચા વિશ્વના ખૂણે ખૂણે થઈ રહી છે. ચંદ્રયાન 3 માટે 615 કરોડ, જ્યારે આદિત્ય એલ 1 માટે 400 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આ મિશનની સફળતા ના માત્ર વૈજ્ઞાનિક દષ્ટિથી મહત્વની છે પણ દુનિયાને બતાવે છે કે ઓછા ખર્ચની સાથે અંતરીક્ષમાં મિશન સંભાળવુ શક્ય છે. આ મિશનની સફળતા બાદ ઈસરો અન્ય મિશન માટે પણ આગળ કામ કરી રહ્યું છે.

### વિશ્વ કપ 2023



ભારતમાં વિશ્વ કપ 2023નું આયોજન થવાથી કોઈ ગ્રાઉન્ડ પર ફોર અને સિક્સની વરસાદ થઈ, જ્યારે ઈન્ડિયન ઈકોનોમીને પણ શાનદાર બૂસ્ટ મળ્યુ. બેન્ક ઓફ બરોડાના અર્થશાસ્ત્રીઓ મુજબ 2011 બાદ પ્રથમવાર ભારતમાં આયોજિત કરવામાં આવ્યો હતો. ખાસ વાત એ છે કે વિશ્વ કપ 2023નું આયોજન એવા સમયે કરવામાં આવ્યું, જ્યારે દેશમાં ફેસ્ટિવલનો માહોલ ચાલી રહ્યો હતો. જેના કારણે રિટેલ સેક્ટરને ફાયદો થયો. આઈસીસી ક્રિકેટ વિશ્વ કપથી ભારતની ઈકોનોમીને 2.4 અરબ ડોલર એટલે કે 20 હજાર કરોડ રૂપિયાનો ફાયદો થયો. ક્રિકેટ ટૂર્નામેન્ટથી ટિકિટોનું વેચાણ, હોટલ, રેસ્ટોરન્ટનો ઉપયોગ થયો. જેના દ્વારા સરકારને મોટી આવક ટેક્સ દ્વારા મળી.

### ઓટો એક્સ્પો 2023




ઈન્ડિયન ઓટો એક્સ્પોનું આયોજન 13 જાન્યુઆરીથી લઈ 18 જાન્યુઆરી સુધી ગ્રેટર નોઈડા એક્સ્પો માર્ટમાં કરવામાં આવ્યું હતું. ગયા વર્ષે પણ તેનું આયોજન કરવાની અપેક્ષા હતી પણ કોરોનાના કારણે તેને રદ્દ કરવામાં આવ્યો હતો. આ એક્સ્પોમાં ટાટા મોટર્સ, મારૂતિ, કિયા, હુન્ડાઈ મોટર, લેક્સસ, ટોયોટા, એમજી મોટર, બીવાયડી અને બેંગ્લુરૂ બેસ્ડ ઈવી સ્ટાર્ટઅપ કંપની Pravaig Dynamicsએ પણ ભાગ લીધો હતો. આ તમામ ગાડીઓનું મેન ફોક્સ ઈવી ગાડીઓને માર્કેટમાં રજૂ કરવા પર રહ્યું. ઘણી કંપનીઓએ હાઈબ્રિડ મોડલને પણ રજૂ કર્યુ. ટોયોટા અને ટાટા મોટર્સે હાઈડ્રોજન કારના ફ્યૂચર મોડલને પણ રજૂ કર્યુ.

### વસ્તી વધારામાં ભારતે ડ્રેગનને પછાડ્યું



સંયુક્ત રાષ્ટ્રના વસ્તી ડેટા રેકોર્ડમાં આ પ્રથમ વખત છે કે 1950 પછી ભારતની વસ્તી મહાકાય ડ્રેગન સમાન ચીન કરતા વધુ નોંધાઇ. 2023માં ભારતની વસ્તી 1,428,627,663 નોંધાઇ અને તે આંકડો ચીનની વસ્તી કરતાં પાર થઇ ગયો હતો. સને 2020માં ભારતની વસ્તી 1,396,387,127 હતી, જે 2019ની સરખામણીમાં 0.96% વધુ હતી.

### બાલાસોર ટ્રેન દુર્ઘટના



ઓડિશાના બાલાસોરમાં સર્જાયેલ ટ્રિપલ ટ્રેન દુર્ઘટના વિશ્વની સૌથી ભયંકર ટ્રેન દુર્ઘટનાઓમાંની એક છે. આ અકસ્માતમાં લગભગ 296 લોકોના મોત થયા હતા. આ ઘટનાને 6 મહિના વીતી ગયા હોવા છતાં હજુ ઘા રૂઝાયા નથી. આ દુર્ઘટના 2 જૂન 2023 ના રોજ સર્જાઈ હતી. શાલીમાર-હાવડા કોરોમંડલ એક્સપ્રેસ (12841) લગભગ સાંજે 6:51 વાગ્યે બહાનાગા સ્ટેશન પર પાટા પરથી ઉતરી ગઈ હતી. થોડા સમય પછી બેંગલુરુ-હાવડા સુપરફાસ્ટ (12864) ટ્રેન લગભગ 6:55 વાગ્યે તે જ સ્થળે પાટા પરથી ઉતરી ગઈ હતીસમાચાર મળ્યા પછી સેંકડો સ્થાનિક યુવાનો ઘાયલ અને પીડિતો માટે રક્તદાન કરવા માટે હોસ્પિટલોમાં લાઇનમાં ઉભા હતા. વડાપ્રધાન મોદીએ પણ સ્થળ મુલાકાત લીધી હતી.

### ટનલ દુર્ઘટના



ઉત્તરાખંડમાં દિવાળીના તહેવારોમાં જ 12 નવે. ના રોજ પવિત્ર ચારધામ પ્રોજેક્ટ હેઠળ બનાવવામાં આવી રહેલી સિલ્ક્યારા ટનલમાં ભૂસ્ખલન બાદ મોટી દુર્ઘટના થઈ હતી. એક તરફ સમગ્ર દેશ દિવાળીની ઉજવણી કરી રહ્યો હતો. બીજી બાજુ, બ્રહ્મખાલ-યમુનોત્રી હાઈવે પર નિર્માણાધીન સિલ્ક્યાર-દંડલગાંવ ટનલનો એક ભાગ તૂટી પડ્યો, જેના કારણે 41 મજૂરો ફસાઈ ગયા.. અનેક પ્રયાસો બાદ રેટમાઇનર્સ દ્વારા તેમને સહીસલામત બહાર લાવવામાં આવ્યાં હતા.

### સોનામાં 65 હજારનો ચળકાટ



સોનાના ભાવ વધઘટે એકંદરે ઉંચા જતા જોવા મળ્યા અને વર્ષના આરંભમાં 2થી 3 મહિના તેજીના રહ્યા પછી 3થી 4મહિના ભાવમાં પ્રત્યાઘાતી પીછેહટ જોવા મળી હતી અને ત્યારબાદ ખાસ કરીને વર્ષના ઉત્તરાધમાં ભાવ ઉંચા જવાનો આરંભ થયો હતો. વિશ્વબજારમાં સોનાના ભાવ ઑંશદીઠ એક તબક્કે ઉંચામાં 2100ભારતમાં એક તોલાનો ભાવ 65 હજારે પહોંચ્યો હતો. 2024ના નવા વર્ષમાં પણ સોનાના ભાવમાં વધારો જોવા મળી શકે.

### સંસદમાં સ્મોક એટેક



દેશમાં 13મી ડિસેમ્બર 2001ના દિવસે સંસદ પર આતંકવાદી હુમલો થયો તે દિવસે 22 વર્ષ પછી 13મી ડિસેમ્બર 2023, બુધવારે. સુરક્ષિત મનાતી સંસદમાં કેટલાક યુવાનો પ્રેક્ષક ગેલેરીમાંથી સદનમાં કૂદી પડ્યા અને સ્મોક એટેક કર્યો હતો. અંદર પ્રવેશ કરી તેમણે સૂત્રો પોકાર્યા, સ્મોક ક્રેકર ફોડીને ધુમાડા કર્યા. સદની સુરક્ષામાં ચૂક બાદ કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં સંસદની સુરક્ષાની જવાબદારી હવે સીઆઇએસએફ- કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળને સોંપાઇ છે.

### હમાસ-ઇઝરાયલ યુધ્ધ



7 ઓક્ટોબર 2023ના રોજ હમાસે ઇઝરાયલ પર હુમલો કરતાં વર્ષની તે સૌથી મોટી ઘટના બની. પેલેસ્ટાઇનની આતંકી સંસ્થા હમાસના આતંકીઓએ માત્ર ઈઝરાયેલ પર હુમલો જ ન કર્યો પરંતુ અંદર ઘૂસીને લોકોની સામૂહિક હત્યા પણ કરી નાખી અને તેઓનું અપહરણ કરીને તેમને ગાઝા પટ્ટી લઈ ગયા. બીજી તરફ ઈઝરાયેલે જવાબી કાર્યવાહી કરતા ગાઝાપટ્ટીમાં જોરદાર બોમ્બમારો કર્યો હતો. જેના કારણે સમગ્ર વિસ્તાર ખંડેર બની ચૂક્યો છે. આ જ કારણ છે કે, ઈઝરાયેલ-હમાસ યુદ્ધને 21મી સદીનું સૌથી ભીષણ યુદ્ધમાંથી એક કહેવામાં આવી રહ્યું છે. આ યુદ્ધમાં 21 હજાર પેલેસ્ટાઇન નાગરિકો માર્યા ગયા છે.યુદ્ધના કારણે થયેલા નુકશાને માનવીય સંકટ ઊભો કરી દીધો છે. 2024માં પણ હમાસ-ઇઝરાયલનો મુદ્દો આંતરરાષ્ટ્રીય સ્તરે સળગતો જોવા મળી શકે.

### કલમ 370 નાબૂદીને સુપ્રિમની માન્યતા




જમ્મુ અને કાશમીરને વિશેષ રાજ્યનો દરજ્જો આપતી બંધારણની કલમ 370ને 17 ઓક્ટોબર, 1949ના રોજ અસ્થાઇ જોગવાઇ તરીકે ભારતીય બંધારણમાં સામેલ કરવામાં આવી હતી 5 ઑગસ્ટ, 2019માં કેન્દ્ર સરકારે આ કલમને નાબુદ કરી અને જમ્મુ-કાશ્મીરનું બે ભાગો, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં વહેંચી દીધું અને બંનેને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવ્યા. આ નિર્ણય વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં 23 અરજીઓ દાખલ કરવામાં આવી હતી, જેના પર કલમ 370 હટાવવાના 4 વર્ષ બાદ સુપ્રીમ કોર્ટમાં 5 જજોએ ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડ, જસ્ટિસ સંજય કિશન કૌલ, જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ બી.આર. જસ્ટિસ ગવઈ અને જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચે આ ચુકાદો સંભળાવ્યો હતો અને બંધારણની કલમ 370 ઇતિહાસ બની ગઇ.

### સેમસેક્સ મેરેજને કાનૂની માન્યતા નહીં



ભારતની સર્વોચ્ચ અદાલતે દેશમાં LGBTQ અધિકારો માટે ઝુંબેશ કરનારાઓને નિરાશ કરતા નિર્ણયમાં 17 ઓક્ટોબરે ગે લગ્નને કાયદેસર બનાવવાનો ઇનકાર કર્યો હતો અને સંસદને આ માટે કાયદો ઘડવાની જવાબદારી સોંપી હતી. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે પણ સરકારને ગે સમુદાયના અધિકારોને જાળવી રાખવા અને તેમની સામેના ભેદભાવને સમાપ્ત કરવા વિનંતી કરી હતી.

### રાહુલ ગાંધી માનહાનિ કેસ



4 ઑગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટે 2019માં યોજાયેલી એક રાજકીય રેલી દરમિયાન તેમની કથિત 'મોદી' ઉપનામની ટિપ્પણીથી સંબંધિત ફોજદારી માનહાનિના કેસમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને દોષિત ઠેરવવા પર રોક લગાવી હતી. જ્યાં તેમને બે વર્ષની જેલની સજા સંભળાવવામાં આવી હતી, જે બાદ તેમનું સંસદીય સભ્યપદ સમાપ્ત થઈ ગયું હતું. રાહુલ ગાંધીના નિવેદન પર લોકસભામાં ઘણો હોબાળો થયો હતો, પરંતુ અંતે સુપ્રિમ કોર્ટમાં નિર્ણય રાહુલ ગાંધીના પક્ષમાં ગયો હતો.

### મનીષ સિસોદિયાની ધરપકડ



દિલ્હીના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયા, જેમને આમ આદમી પાર્ટીના નંબર 2 નેતા તરીકે જોવામાં આવતા હતા, તેમની 26 ફેબ્રુઆરીના રોજ દારૂ નીતિ સંબંધિત કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. આ બાબત અરવિંદ કેજરીવાલ માટે મોટા ફટકા સમાન હતી. આ પહેલા AAPના વરિષ્ઠ નેતા સત્યેન્દ્ર જૈનની ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં ઓક્ટોબરમાં AAP સાંસદ સંજય સિંહની પણ ધરપકડ કરવામાં આવી હતી.

### મણિપુર હિંસા




મણિપુર હાઈકોર્ટે રાજ્ય સરકારને મેઈતી સમુદાયને અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપવાની માંગ પર કેન્દ્રને ભલામણ મોકલવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આદિવાસી સમુદાયો દ્વારા આનો સખત વિરોધ કરવામાં આવ્યો હતો. આ આદેશને પગલે મણિપુરમાં હિંસા ફાટી નીકળી હતી. રાજ્યમાં આદિવાસી વિદ્યાર્થી સંગઠન દ્વારા કાઢવામાં આવેલી વિરોધ રેલી બાદ મણિપુરના પહાડી રાજ્યમાં જાતિગત હિંસા ફાટી નીકળી હતી. જે હજુ પણ ચાલુ છે. મૈઇતી અને કુકીઝ સમુદાય વચ્ચે હિંસક અથડામણમાં 180થી વધુ લોકો માર્યા ગયા હતા.

# અમદાવાદથી ફક્ત 150 કિ.મી દૂર સુધી આવી પહોંચ્યા ગીરના સિંહ...

## બોટાદ, જસદણ, જેતપુરને આરક્ષિત રેવન્યૂ વિસ્તાર જાહેર કરવા પ્રસ્તાવ

ગુજરાત | વંદન

1990માં સિંહનો આરક્ષિત વિસ્તાર 6600 ચો.કિલોમીટરનો હતો જે 2001માં 12000 ચો.કિ.મી થયો અને 2010મા 20,000 ચો.કિ.મી થયો છે. આજે બૃહદ ગીર અભ્યારણ્ય અંતર્ગત આ વિસ્તાર 30,000 કિલોમીટરનો થવા જઈ રહ્યો છે. ગુજરાતના ગૌરવ ગણાતા સિંહની વધી રહેલી વસ્તી સામે તેના વિસ્તારોને વધારવાની વિચારણા ચાલી રહી છે ત્યારે હવે છેક બોટાદ સુધી સિંહનું આગમન આરક્ષિત કરવાનું વિચારણામાં લેવાઈ રહ્યું છે. હાલમાં સિંહની વસ્તી 674 જેટલી છે જેમાં ઘણાં સિંહ મારણની શોધમાં ગીરના સીમાડા વિંધીને છેક ભાવનગર અને અમરેલી જિલ્લાની હદને ક્રોસ કરી રહ્યા છે.

જે રીતે સિંહની વસ્તી વધી રહી છે એ જોતાં જામનગર, મોરબી અને પોરબંદર સિવાયના મોટા ભાગના જિલ્લાઓમાં સિંહના પગલાંની છાપ પડી ગઈ છે. એ રીતે જોતાં સૌરાષ્ટ્રનો બે તૃતિયાંશ ભાગ સિંહની અવરજવર થકી ગુજરાતના ગૌરવની ઓળખ બની રહ્યો છે. જો કે હવે સિંહની અવરજવર બોટાદ જિલ્લા સુધી વધી ગઈ છે ત્યારે સિંહનો રેવન્યૂ આરક્ષિત એરિયા તરીકે બોટાદ, જસદણનો સમાવેશ કરવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. જો બોટાદ જિલ્લાને સિંહના આરક્ષિત વિસ્તાર માટે નિર્ધારિત કરવામાં આવશે તો એશિયાટિક લાયન અમદાવાદથી ફક્ત 150 કિલોમીટરના અંતરથી દસ્તક દેશે.

આનો અર્થ એ થાય છે કે સિંહનો વિસ્તાર અમરેલી, મહુવા અને પાલીતાણા સુધી વિસ્તારવામાં આવ્યો છે. આ માટે સરકારમાં પ્રસ્તાવ મોકલવામાં આવ્યો છે કે



રાજકોટ શહેર, જસદણ, જેતપુર, બોટાદ અને ભાવનગર સુધી સિંહનો સૂચિત રેવન્યુ વિસ્તાર વધારવામાં આવશે. 2007માં સરકારે બૃહદ ગીર અંતર્ગત ગીર અભ્યારણ્ય અને રાષ્ટ્રીય અભ્યારણ્યમાં ગીરની સરહદ નક્કી કરી હતી જે અમરેલી, કેટલાંક દરિયાકાંઠાના વિસ્તારો, શેત્રુંજી નદી, મહુવા અને પાલીતાણાના વિસ્તારોમાં સિંહની નિયમિત અવરજવરને નોંધાતા આ વિસ્તારને આરક્ષિત કરવામાં આવ્યો હતો. જે રીતે સિંહની વસ્તી વધી રહી છે ત્યારે સામાજિક વનીકરણની વાબદારી બને છે અને તે માટે જરૂરી પેટ્રોલિંગ વનવિભાગ દ્વારા પણ કરવામાં આવશે.

એક ફોરેસ્ટર મહિનાના 1600 કિલોમીટર જેટલું પેટ્રોલિંગ કરે છે જ્યારે એક બીટગાર્ડ 1200 કિલોમીટર જેટલું માસિક પેટ્રોલિંગ કરે છે. આજે 16 વર્ષ પછી સિંહના વિસ્તારને વધારવાની વિચારણા ચાલી રહી છે. સિંહની અવરજવરને લઈને નવા વિસ્તારોને આરક્ષિત કરવા અંગેનો પ્રસ્તાવ ઉચ્ચ સ્તરે આપવા જઈ રહ્યો છે. 1990માં સિંહનો આરક્ષિત વિસ્તાર 6600 ચો.કિલોમીટરનો હતો જે 2001માં 12000 ચો.કિ.મી થયો અને 2010મા 20,000 ચો.કિ.મી થયો છે. બૃહદ ગીર અભ્યારણ્ય અંતર્ગત આ વિસ્તાર 30,000 કિલોમીટરનો થવા જઈ રહ્યો છે. જેનો અર્થ એ છે કે છેલ્લા ત્રણ દશકામાં સિંહની વસ્તી પાંચ ગણી વધી છે.

# અયોધ્યા ખાતે નિર્માણાધિન રામમંદિરમાં શોભાયમાન બનશે પૌરાણિક ગ્રંથોમાં વર્ણવેલ 'અજયબાણ'

## 15 કારીગરોએ દિવસ રાતની મહેનતને અંતે તૈયાર કર્યુ 'અજયબાણ'

ગુજરાત | વંદન

જગતજનની મા અંબામાં અતૂટ અડગ આસ્થા ધરાવતા માઈભક્ત ગ્રુપ જય ભોલે ગ્રુપ અમદાવાદ દ્વારા પૌરાણિક ધર્મગ્રંથોમાં વર્ણવેલ શક્તિબાણ - અજયબાણની પ્રતિકૃતિનું નિર્માણ કરવામાં આવ્યું છે. જે અયોધ્યા ખાતે નિર્માણધીન રામ મંદિરમાં સ્થાપિત કરવામાં આવશે.

આ અજયબાણ અયોધ્યા રામ મંદિરમાં અર્પણ કરતા અગાઉ શક્તિપીઠ અંબાજી ગબ્બર ખાતે મા અંબાની અખંડ જ્યોત સમક્ષ બનાસકાંઠા જિલ્લા કલેકટર અને શ્રી આરાસુરી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી વરુણકુમાર બરનવાલની વિશેષ ઉપસ્થિતિમાં 51 શક્તિપીઠના બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ વિધાન સાથે "અજયબાણ" ની પૂજા અર્ચના કરવામાં આવી



હતી. જેમાં જયભોલે ગ્રુપ સહિત મોટી સંખ્યામાં ભાવિક ભક્તો પણ જોડાયા હતા. જિલ્લા કલેકટર વરુણ કુમાર બરનવાલે જયભોલે ગ્રુપની ધાર્મિક આસ્થાને બિરદાવતાં અયોધ્યા યાત્રા માટે શુભાશિષ પાઠવ્યા હતા.

પૌરાણિક કથા અનુસાર જોઈએ તો અજયબાણ સાથે શક્તિપીઠ અંબાજીનું અનેરું અનુસંધાન જોવા મળે છે. ત્રેતાયુગમાં જ્યારે પ્રભુ શ્રી રામ અને તેમના ભાઈ લક્ષ્મણ ઋષિ શૃંગીને મળ્યા ત્યારે ઋષિ શૃંગીએ રાવણ સાથેના યુદ્ધમાં ભગવાન રામની જીત માટે શ્રી રામને

### "અજયબાણ" ની અનોખી વાત"

**દીપેશભાઈ પટેલની વટવા, અમદાવાદની ફેક્ટરીમાં નિર્મિત અજયબાણના નિર્માણમાં 5 દિવસનો સમય લાગ્યો છે. 15 કારીગરોએ દિવસ રાત 24 કલાકની મહેનતને અંતે અજયબાણનું નિર્માણ કર્યું છે. 5 ફૂટ ની લંબાઈ અને 11.5 કિલોગ્રામ વજન ધરાવતું પંચધાતુમાંથી નિર્મિત આ અજયબાણ બનાવવામાં અંદાજીત 5 લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. જય ભોલે ગ્રુપ દ્વારા બનાવવામાં આવેલું અજયબાણ અયોધ્યા ખાતે પ્રભુ શ્રી રામના નવનિર્મિત મંદિરમાં અર્પણ કરવામાં આવશે. ધનુર્વેદ નામના ગ્રંથમાં બાણની વિશેષતાઓ સાથે બાણ કઇ રીતે ચલાવાય એનો ઉલ્લેખ મળે છે.**

આદ્યશક્તિ મા જગદંબાની પૂજા કરવાનું અને તેમને પ્રસન્ન કરવાનું સૂચન કર્યું હતું. ભગવાનશ્રી રામે મા જગદંબાનું શ્રદ્ધાપૂર્વક જપ તપ પૂજન કર્યું. આથી આદ્યશક્તિ મા અંબાએ ભગવાન શ્રી રામને વિજયનું વરદાન આપ્યું અને આશીર્વાદ સ્વરૂપે તેમને એક બાણ આપ્યું. આ બાણ એજ "અજય બાણ" જેના થકી પ્રભુ શ્રી રામે દશાનન રાવણનો સંહાર કર્યો. આ વાતનો ઉલ્લેખ માતાજીની આરતીના શબ્દો 'રામે રામ રમાડ્યા, રાવણ રોળ્યો મા, ઓમ જયો જયો મા જગદંબે.' માં પણ જોવા મળે છે.

જય ભોલે ગ્રુપ અમદવાદના ફાઉન્ડર દીપેશભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, મા અંબાના આશીર્વાદથી જ બધુ થઈ રહ્યું છે. ત્રેતા યુગમાં મા અંબાએ ભગવાન રામને અજયબાણ આપી આસુરી શક્તિઓનો વિનાશ કર્યો હતો. અત્યારે કળીયુગમાં ભગવાન શ્રી રામનું ભવ્ય મંદિર અયોધ્યામાં નિર્માણ થઈ રહ્યું છે.

### અરબી સમુદ્રમાં બની છે એક સિસ્ટમ

# આગાહી : બીજી જાન્યુઆરી સુધીમાં ગુજરાતના હવામાનમાં ફેરફારો થશે

ગુજરાત | વંદન

રાજ્યમાં ધીમે ધીમે ઠંડીનો માહોલ જામી રહ્યો છે. અત્યાર રાજ્યમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસ જોવા મળે છે અને સાથે જ ઠંડીનો ચમકારો પણ અનુભવાય છે. તો રાત્રે પણ ઠંડી અનુભવાય છે. આ વચ્ચે હવે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે નવી આગાહી કરી છે.

અંબાલાલ પટેલે જણાવ્યું કે, તારીખ 29 અને 30 ડિસેમ્બર દરમિયાન અરબી સમુદ્રમાં એક સિસ્ટમ બની છે. હવાનું હળવું દબાણ ઉભું થશે. બંગાળના ઉપસાગરમાં પણ હવાનું હળવું દબાણ ઉભું થવાની શક્યતાઓ રહેલી છે. જેના કારણે મહારાષ્ટ્ર, ગોવામાં વરસાદ થવાની શક્યતાઓ છે. આ સાથે દેશના પૂર્વ ભાગ સુધી હવામાનમાં પલટો આવી શકે છે.

અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, આ વર્ષના અંતમાં ડિસેમ્બરના છેલ્લા દિવસોમાં અને જાન્યુઆરીમાં એક પશ્ચિમી વિક્ષેપ આવશે. જેની અસર દેશ સહિત ગુજરાતના હવામાન પર પડશે. આગામી 2 જાન્યુઆરી સુધીમાં ગુજરાતના હવામાનમાં પલટો આવવાની સંભાવનાઓ છે. તો 4 જાન્યુઆરી સુધીમાં દેશના ઉત્તર-પશ્ચિમ ભાગો તેમજ દેશના ઘણા ભાગોમાં હવામાન ક્ષેત્રે ફેરફાર થવાની શક્યતા રહેશે. આ દરમિયાન કચ્છ અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ થવાની સંભાવના છે.

### અમદાવાદના રિયલ એસ્ટેટ માર્કેટમાં મોટી ઉથલપાથલ થવાના સંકેત, પહેલી જાન્યુ.થી ઓન-પેપર પ્રાઈસમાં જંગી વધારાની શક્યતા

# બિલ્ડર્સ હવે પ્રોપર્ટીનો ભાવ રેરા એરિયા મુજબ નક્કી કરશે

ગુજરાત | વંદન

અમદાવાદના રિયલ એસ્ટેટ માર્કેટમાં મોટી ઉથલપાથલ થવાના સંકેત દેખાઈ રહ્યા છે. અત્યાર સુધી સુપર બિલ્ટ-અપ એરિયા પ્રમાણે મકાનો અને કોમર્શિયલ સ્પેસનું વેચાણ કરનારા બિલ્ડર્સ હવે બોક્સ પ્રાઈસ અને RERA Area મુજબ ભાવ નક્કી કરશે. તેના કારણે પહેલી જાન્યુઆરીથી ઓન-પેપર પ્રાઈસમાં જંગી વધારો થવાની શક્યતા છે. તેના કારણે ખરીદદારો હવે પોતાને ગમે તેવી વધુ એમેનિટિઝ સાથેની સ્કીમ પસંદ કરી શકશે.

જાન્યુઆરી 2024થી જ અમદાવાદના પ્રોપર્ટી માર્કેટમાં મોટા ફેરફાર આવી શકે છે. ખાસ કરીને તમે એપાર્ટમેન્ટ, વિલા અથવા કોમર્શિયલ સ્પેસ ખરીદવા માંગતા હોવ તો તેની પ્રાઈસ લગભગ બમણી થઈ જશે. હાલમાં જે ફ્લેટનો ભાવ સ્કવેર ફૂટ દીઠ 3500 રૂપિયા છે તેના માટે ભાવ વધીને 6500થી 7000 રૂપિયા થઈ શકે છે.

બિલ્ડરોએ સુપર બિલ્ટ-અપ એરિયાના બદલે રેરા એરિયાના આધારે ભાવ નક્કી કરવાનું વિચાર્યું છે. રેરા એરિયામાં કાર્પેટ એરિયા ઉપરાંત વોશરૂમ અને બાલ્કનીનો સમાવેશ થાય છે. હાલમાં સુપર બિલ્ટ અપ એરિયાની સામે કાર્પેટ એરિયા ઘણો ઓછો હોય છે. ઉદાહરણ તરીકે 2000 ચોરસ ફૂટના એપાર્ટમેન્ટમાં યુઝેબલ રેરા એરિયા માત્ર 1000 સ્કવેર ફીટ હોઈ શકે છે.

ક્રેડાઈ અમદાવાદના સભ્યોની તાજેતરની બેઠકમાં આ વિશે વિચારણા કરવામાં આવી હતી. અમદાવાદમાં હવે GIHED પ્રોપર્ટી શો યોજાવાનો છે જેમાં આ નવી સ્ટ્રેટેજી અમલમાં મૂકવામાં આવશે અને માત્ર નક્કી થયેલા રેરા એરિયા મુજબ જ પ્રોપર્ટી વેચાશે.

સૂત્રોએ જણાવ્યું કે ડેવલપર્સ ઘણી બધી એમેનેટિઝ ઓફર કરતા હોય છે જેના કારણે સુપર બિલ્ટ અપ એરિયા વધી જાય છે. તેના કારણે લોકો અલગ અલગ પ્રોપર્ટીના ભાવની સરખામણી કરે ત્યારે તેમાં ગરબડ થાય છે. હવે નવા સુધારા પછી બાયર્સને સ્પષ્ટ માહિતી મળશે કે અસલમાં તેઓ શું ખરીદી રહ્યા છે અને એક જ



એરિયામાં અલગ અલગ પ્રોજેક્ટ માટે ભાવ કેમ અલગ હોય છે.

એક ડેવલપરે જણાવ્યું કે અમારા મેમ્બર્સ વચ્ચે આ મુદ્દે સર્વાનુમત થાય ત્યાર પછી અમે 5 જાન્યુઆરીથી શરૂ થતા ત્રણ દિવસના પ્રોપર્ટી શોમાં આ ફેરફાર લાગુ કરવાના છીએ. તેઓ GujRERAના અધિકારીઓ પાસેથી એક્સપર્ટ સલાહ લેવાનું પણ વિચારે છે.

અમદાવાદના બિલ્ડર્સ હવે બોક્સ પ્રાઈસ સિસ્ટમ પણ લાગુ કરવા વિચારે છે. તેમાં એપાર્ટમેન્ટની સમગ્ર પ્રાઈસ આવી જશે. એટલે કે તમામ ડેવલપમેન્ટ ચાર્જિસ, એએમસી, ઔડા ચાર્જિસ, જીએસટી, સ્ટેમ્પ ડ્યૂટી અને બીજા ખર્ચને પણ સામેલ કરીને પ્રાઈસ આપવામાં આવશે. તેનાથી બાયર્સને ખરેખર ફાયદો થશે તેમ બિલ્ડર્સનું કહેવું છે.

એક એક્સપર્ટે જણાવ્યું કે બોક્સ પ્રાઈસ પર મકાન ખરીદવાનો અર્થ એ બીજા ચાર્જિસ પર 18 ટકા જીએસટી લાગે છે તેની જગ્યાએ આમાં માત્ર 5 ટકા ટેક્સ લાગશે.

આ ઉપરાંત તેમાં સુપર બિલ્ટ-અપ એરિયામાં કઈ સુવિધાઓ સામેલ છે તે પણ સ્પષ્ટ થઈ જશે અને ગ્રાહકોને વધુ ઈન્ફોર્મ્ડ નિર્ણય લેવામાં મદદ મળશે. જોકે, આ બધા ફેરફારો તાત્કાલિક નહીં થાય. ડેવલપર્સ થોડા સમય માટે નવું અને જૂનું બંને મોડેલ લાગુ કરવા માંગે છે.

# વસ્ત્રાલ વોર્ડમાં ₹3 કરોડના ખર્ચે મ્યુનિ. કોર્પો. ઢોરવાડો બનાવાશે

### રખડતા ઢોર પકડવા માટેની ઝુંબેશ સઘન બનાવવામાં આવી

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના પૂર્વ પટ્ટામાં આવેલા વસ્ત્રાલ વોર્ડમાં રૂ. ૩ કરોડના ખર્ચે નવો ઢોરવાડો-કેટલ પોન્ડ બનાવવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે. AMCના ઢોર ત્રાસ અંકુશ વિભાગ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી પકડવામાં આવતા ઢોરને રાખવા માટે ઢોરવાડો બનાવવા માટે T P સ્કીમ- ૧૧૨ (ઓઢવ)માં FP-૫૯માં પ્લોટ ફાળવવામાં આવ્યો છે.

આ હેતુસર રોડ એન્ડ બિલ્ડિંગ કમિટીમાં દરખાસ્ત રજૂ કરાશે. હાલ CNCD વિભાગ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી પકડવામાં આવતા પશુઓને



દાણીલીમડા, બાકરોલ અને ઓઢવમાં એમ ત્રણ સ્થળે કેટલ પોન્ડમાં રાખવામાં આવે છે અને બીમાર પશુઓને સારવાર પણ પૂરી પાડવામાં આવે છે. અમદાવાદમાં રખડતા ઢોરને કારણે સર્જાતા અકસ્માતો અને ગંભીર ટ્રાફિક સમસ્યા મામલે ગુજરાત હાઈકોર્ટ દ્વારા આકરી ઝાટકણી કાઢવામાં આવ્યા પછી AMCના CNCD વિભાગ દ્વારા ઢોર ત્રાસ અંકુશ નીતિનો કડક અમલ કરવામાં આવી રહ્યો છે અને રખડતા ઢોર પકડવા માટેની ઝુંબેશ સઘન બનાવવામાં આવી છે.

આગામી દિવસોમાં શહેરમાં રખડતા ઢોરની પકડીને મ્યુનિ. ઢોરવાડામાં રાખવા માટેની સુવિધા ઉભી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને આ હેતુસર વસ્ત્રાલ વોર્ડમાં રૂ. ૩ કરોડ, ૨ લાખના ખર્ચે કેટલ પોન્ડ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. AMCને TP સ્કીમમાં કપાત અંતર્ગત મળેલા પ્લોટમાં કેટલ શેડ/ પોન્ડ બનાવવા માટે પ્લોટ ફાળવવામાં આવ્યો છે. રૂ. ૩ કરોડથી વધુ રકમના ખર્ચે કેટલ પોન્ડ બનાવવા માટે ડિઝાઈન કન્સલ્ટન્ટની નિમણૂક કરવામાં આવી છે અને આ હેતુસર ટેન્ડર પ્રોસેસ હાથ ધરવામાં આવી હતી.

## નકલી વિઝા માટે નકલી બેંક સ્ટેટમેન્ટ બનાવનાર ત્રણની ધરપકડ

ગુજરાત | વંદન

ગાંધીનગરના કુડાસણમાં ગેરકાયદે ઈમિગ્રેશન કન્સલ્ટન્સી ચલાવતા ત્રણ શખ્સોની બુધવારે સીઆઈડી ક્રાઈમે ધરપકડ કરી છે. આ શખ્સો પર આરોપ છે કે, તેમણે વિઝા અરજીકર્તાઓ માટે બનાવટી બેંક સ્ટેટમેન્ટ તૈયાર કર્યા હતા. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) ના રિપોર્ટને આધારે સીઆઈડી ક્રાઈમે અવકાશ ચૌધરી, સાહિલ પટેલ અને કૃણાલ વરિયાની ધરપકડ કરી હતી.

આ ત્રણેય સામે ગુનાહિત ષડયંત્ર, છેતરપિંડી, ફોર્જરી સહિત સેક્શન 120 (B), 467, 468 અને 471 હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.પોલીસ તપાસમાં બહાર આવ્યું કે, આ ત્રણેય શખ્સો તેમના ક્લાયન્ટ માટે નકલી બેંક સ્ટેટમેન્ટ બનાવતા હતા અને તેમની વિઝા એપ્લિકેશન સાથે આ બનાવટી દસ્તાવેજો જોડી દેતા હતા.

### જ્વેલર્સની મુશ્કેલીઓ દૂર કરવા ગાંધીનગર પોલીસની આગવી પહેલ

# નવી વ્યવસ્થા: પૈતૃક સોનાના દાગીના વેચતી વખતે આપવી પડશે એફિડેવિટ

ગુજરાત | વંદન

ભારતમાં જેની પાસે વારસામાં મળેલું સોનુ કે સોનાના દાગીના હોય તેવી સંખ્યા ઘણી મોટી છે. આવા પૈતૃક સોના કે સોનાના દાગીનાના બિલ હોતા નથી તેવામાં જે લોકો પાસે આવા દાગીના હોય ત્યારે તેમને વેચવા જતાં થોડી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જોકે, હવે જ્વેલર્સ અને પૈતૃક સોનાના દાગીના બિલ વિના વેચતા ગ્રાહકો માટે વ્યવહારોને સરળ બનાવવાના પ્રયાસરૂપે ગાંધીનગર પોલીસે એક સરળ ઉકેલ શોધી લીધો છે. હવે જ્વેલર્સે ગ્રાહકો પાસેથી માત્ર એક સોગંદનામું મેળવવું પડશે. જ્વેલર્સે આ સોગંદનામુ તેમની પાસે એક રેકોર્ડ તરીકે જાળવી રાખવું પડશે. જ્યારે પણ પોલીસ દ્વારા સોના વિશે પૂછપરછ કરવામાં આવે ત્યારે તેઓ આ સોગંદનામુ દેખાડી શકે છે. પોલીસના આ પગલા દ્વારા ફક્ત જ્વેલર્સને જ મદદ મળશે તેવું નથી પરંતુ ગ્રાહકો પણ તેમનું પૈતૃક સોનુ અને અન્ય જ્વેલરીના વેચાણમાંથી મળેલી આવક માટે સત્તાવાર રીતે હિસાબ આપી શકશે.

એક પ્રકાશિત અહેવાલ પ્રમાણે ગાંધીનગરના એસપી રવિ તેજા વસમસેટ્ટીએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જ્વેલર્સ અને પોલીસ વચ્ચે બેઠક યોજાઈ હતી. સામાન્ય રીતે જે લોકો પાસે પૈતૃક સોનું અથવા દાગીના હોય છે




તેમની પાસે બિલ નથી હોતા અને તેઓ યોગ્ય દસ્તાવેજો વિના તેને વેચી દે છે. જોકે, જ્યારે કોઈ સમસ્યા ઊભી થાય છે, ત્યારે ન તો જ્વેલર્સ પાસે કે પછી ન તો ગ્રાહક પાસે જવાબ હોય છે. આવી સમસ્યાઓથી બચવા માટે અમે આ નવી પહેલ હાથ ધરી છે. અમે ટૂંક સમયમાં જ જ્વેલર્સ સાથે વધુ એક બેઠક કરીશું.

ગાંધીનગર પોલીસે જ્વેલરી શોરૂમમાં છેતરપિંડી, ચોરી અને લૂંટ અંગે જ્વેલર્સ દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતાઓને દૂર કરવા પગલાં લીધાં છે. આ પહેલના ભાગરૂપે જ્વેલર્સને હવે એક સોફ્ટ કોપી આપવામાં આવશે. આ સોફ્ટ કોપીમાં અગાઉ ચોરી, છેતરપિંડી અને ગ્રાહકના સ્વાંગમાં આવીને ઠગાઈ કરનારા આરોપીઓના નામ અને ફોટા હશે. આ મૂલ્યવાન માહિતી જ્વેલર્સ પોતાના મોબાઈલ ફોન અથવા કમ્પ્યુટર ડિવાઈસમાં પર સરળતાથી ડાઉનલોડ કરી શકે છે. આનાથી જ્વેલર્સને તેમના જ્વેલરી શોરૂમમાં અથવા તેની આસપાસ કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જોવા મળે તો કંટ્રોલ રૂમ નંબર 100 પર કોલ કરીને પોલીસને તાત્કાલિક ચેતવણી આપી શકશે.

### વાયબ્રન્ટ સમિટમાં અમેરિકાની કંપની ટેસ્લા સાથે એમઓયુ થઇ શકે છે

# ઓટો હબ સાણંદમાં એલન મસ્ક બનાવશે EV કાર

ગુજરાત | વંદન

વિશ્વની સૌથી મોટી ઈલેક્ટ્રિક કાર ઉત્પાદક કંપની ટેસ્લોએ ભારતમાં કાર મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટ નાંખવા લગભગ મન બનાવી લીધુ છે. અધિકારિક સૂત્રોના મતે, ટેસ્લા ગુજરાતમાં સાણંદ નજીક કાર મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટ શરૂ કરે તેવી શક્યતા છે. જાન્યુઆરી-2024માં યોજાનારાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ટેસ્લા સાથે એમઓયુ થઈ શકે છે. આમ, વિશ્વના ધનિક વ્યક્તિ ગણાતાં એલોન મસ્ક ભારતમાં ઈવી કાર પ્રોજેક્ટ માટે ગુજરાત પર પસંદગીનો કળશ ઢોળ્યો છે જેના પગલે ગુજરાત રાજ્યના ઉદ્યોગ વિભાગે ટેસ્લા પ્રોજેક્ટ માટે સાણંદ નજીક જમીન ફાળવણીની તૈયારીઓ આદરી છે.

ખુદ ટેસ્લા કંપનીએ એ વાત કરી હતીકે, ટેસ્લા ભારતમાં ઈવી કાર ઉપરાંત બેટરીનું મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટ શરૂ કરવા ઈચ્છુક છે ત્યારે વર્ષ 2023ના અંત સુધીમાં ભારતમાં ઈવી કાર મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટનું સ્થળની પસંદગી કરી લેશે.મહારાષ્ટ્ર, તામિલનાડુ અને તેલગાંના સહિત અન્ય રાજ્ય ટેસ્લાને સ્કીમ-સહાય આપવાના બહાને આકર્ષવા માટે મથામણ કરી રહ્યા હતા. આ ઉપરાંત ટેસ્લા ઈવી કાર મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટ શરૂ કરી પોતાના રાજ્યમાં રોકાણ કરે તે માટે વિવિધ રાજ્યો વચ્ચે ખેંચતાણ જામી છે ત્યારે આખરે ગુજરાતે બાજી મારી છે.

સૂત્રોના મતે, આખરે એલન મસ્કે ટેસ્લા કાર મેન્યુફેકચરીંગ કાર પ્રોજેક્ટ માટે ગુજરાતની પસંદગી કરી લીધી છે.ટેસ્લા ગુજરાતમાં ઈવી કાર મેન્યુફેક્ચરીંગ યુનિટ શરૂ કરે તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છેલ્લી ઘડીના પ્રયાસો હાથ ધર્યા હતાં તેમા સફળતા સાંપડી છે.

અધિકારિક સૂત્રોના મતે, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ટેસ્લા કાર જ આકર્ષણનું કેન્દ્ર હશે. ઉલ્લેખનીય છેકે, અગાઉ પણ જયારે ટેસ્લાએ જયારે પ્લાન્ટ માટે જગ્યાની શોધખોળ શરૂ કરી ત્યારે પણ ગુજરાતમાં કંડલા- મુંદ્રા પોર્ટ ખાતે જગ્યા આપવા તૈયારી દર્શાવાઈ હતી. પણ હવે જયારે ટેસ્લાએ કાર પ્લાન્ટ પર ગુજરાતની પસંદગી કરી છે ત્યારે રાજ્યના ઉદ્યોગ વિભાગે ટેસ્લાને જમીન કયાં ફાળવી શકાય અને જરૂરિયાત




આધારે કેટલી જમીન ફાળવવી તે અંગેનો ધમધમાટ શરૂ કર્યો છે. ઉદ્યોગ વિભાગના અધિકારીઓએ સાણંદ નજીક જગ્યા ફાળવવા માટે જમીનોનું નિરીક્ષણ કર્યુ છે. ટાટા કાર પ્રોજેક્ટ બાદ સેમિકન્ડકટર પ્રોજેક્ટ માટે વિશ્વની ટોપની માઈક્રોન કંપનીને પણ ચિપ્સ માટે સાણંદ નજીક જ જમીન ફાળવી દેવામાં આવી છે. સેમિકન્ડકટર પ્રોજેક્ટ શરૂ થઈ ચૂક્યો છે. હવે ટેસ્લા કાર પ્રોજેક્ટ પણ સાણંદ નજીક શરૂ થાય તે જોતાં આ વિસ્તાર ઔદ્યોગિક દ્રષ્ટિએ વધુ વિકસીત થશે તે નક્કી છે. આ વખતે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-2024માં વિશ્વની મોટી કંપનીઓ ગુજરાતમાં રોકાણ કરે તે માટે પૂરજોશમાં પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે જેમાં ટેસ્લા કારનું આગમન એ ગુજરાત માટે મોટી સિધ્ધી સમાન છે.

# 69મો ફિલ્મફેર એવોર્ડ સમારંભ ગાંધીનગર ખાતે 28 જાન્યુઆરીએ યોજાશે

ગુજરાત | વંદન

ફિલ્મફેર હિન્દી સિનેમામાં શ્રેષ્ઠ પ્રતિભા અને તકનીકી સિદ્ધિઓનો સૌથી મોટો સમારોહ યોજવાની તૈયારી કરી રહ્યું છે. દાયકાઓથી, બ્લેક લેડી(ફિલ્મફેર પુરષ્કાર) મનોરંજન ક્ષેત્રમાં સફળતાનું મૂર્ત સ્વરૂપ છે. ત્યારે 69મા ફિલ્મફેર એવોર્ડ્સ 28 જાન્યુઆરી, 2024ના રોજ ગુજરાતના ગાંધીનગર ખાતે યોજાશે. આ એવોર્ડ સમારોહનું ફિલ્મફેર અને ગુજરાત ટુરીઝમ દ્વારા સંયુક્ત રીતે એવોર્ડ સમારોહની પૂર્વતૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

2023ની શરૂઆતમાં ગુજરાત ટુરિઝમ કોર્પોરેશન લિમિટેડ (TCGL) અને વર્લ્ડવાઈડ મીડિયા પ્રાઈવેટ લિમિટેડ (A Times Group Company) એ એવોર્ડ સમારોહ માટે સમજૂતી કરાર(MoU) પર હસ્તાક્ષર કર્યા હતા. આ સીમાચિહ્નરૂપ પગલાથી ગુજરાત પ્રથમ વખત પ્રતિષ્ઠિત ફિલ્મફેર એવોર્ડ સમારોહનું આયોજન કરવા જઈ રહ્યું છે. ફિલ્મફેર અને ગુજરાત ટુરીઝમે 69મા ફિલ્મફેર એવોર્ડ્સ 2024 પહેલા ફિલ્મમેકર્સ રાઉન્ડ ટેબલનું આયોજન કર્યું હતું. જેમાં પ્રતિષ્ઠિત ફિલ્મ નિર્માતાઓ અને ગુજરાત સરકારના મહાનુભાવો હાજર રહ્યા હતા.

ફિલ્મફેર એવોર્ડ્સનું આયોજન ભારતીય ફિલ્મ ઉદ્યોગ અને ગુજરાતની સ્થાનિક સંસ્કૃતિ વચ્ચે સાંસ્કૃતિક આદાનપ્રદાન સરળ બનાવશે. ગુજરાતના કલાકારો અને ફિલ્મ નિર્માતાઓને ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીના વ્યવસાયિકો સાથે વતચીત અને વિચારોના આદાન-પ્રદાન કરવાની તેમજ ફિલ્મ




પ્રોડક્શનમાં ન્યુ ટ્રેન્ડા, ટેકનોલોજી અને ટેકનિક્સ વિશે જાણવાની તક મળશે. આ ઈવેન્ટ રાજ્યના કુદરતી સૌંદર્ય, સાંસ્કૃતિક વારસા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પ્રદર્શન કરશે, જે ફિલ્મ નિર્માતાઓને ગુજરાતનો ભવિષ્યના ફિલ્મ પ્રોજેક્ટ્સ માટે બેકડ્રોપ તરીકે ઉપયોગ કરવા માટે આકર્ષિત કરશે. તેના પરિણામે રાજ્યમાં ફિલ્મ નિર્માણ અને રોકાણમાં વધારો થશે.

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

સંપાદકીય....

# ચીન અને ઉત્તર કોરિયા ઉંબાડિયુ કરશે તો 2023ની જેમ 2024માં પણ બંદૂકો-તોપો ધમધણતી રહેશે...!

આખી દુનિયા નવા વર્ષને આવકાર થનગની રહી છે. ઈશુના વિદાય લઈ રહેલા 2023ના છેલ્લા દિવસે ધૂમધડાકા સાથે ઉજવણીઓ થઈ. નવા વર્ષને ચોક્કસ આવકાર આપવો જોઈએ અને સાથે સાથે વિતેલા વર્ષમાં બનેલી એવી ગટનાઓને પણ વાગોળવી જરૂરી કે જે નિર્દોષ માનવીના જીવનમાં મુશીબતો લઈને આવી. જેમ કે ઈઝરાયલ હમાસ યુધ્ધ.અને રશિયા-યુક્રેન યુધ્ધ. રશિયા દ્વારા યુક્રેન પર કરાયેલા આક્રમણનો હજુ અંત આવ્યો નથી. અને યુક્રેનના હજારો નાગરિકો તેના ભોગ બન્યા, લાખો બેઘર બન્યા અને નજીકના પોલેન્ડ સહિતના દેશોમાં પલાયન થવા માટે મજબૂર બન્યા. તેઓ બીજા દેશમાં શર્ણાર્થી તરીકેનું જીવન વ્યતિત કરી રહ્યાં છે. તેઓ યુક્રેનમાં પોતાના ઘરે ક્યારે પરત ફરશે તે કદાજ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીને પણ ખબર નહીં હોય. 2023ની 7 ઓક્ટોબરના રોજ પેલેસ્ટાઈનની આતંકી સંસ્થા હમાસ દ્વારા ઈઝરાયલ પર કરાયેલા હુમલામાં 20 હજાર કરતાં વધુ નિર્દોષ પેલેસ્ટાઈન નાગરિકો ઈઝરાયલના બોંબારામાં માર્યા ગયા છે. જેમાં હમાસના આતંકીઓ પણ માર્યા ગયા તો હમાસના હુમલામાં 2 હજાર ઈઝરાયેલી નાગરિકો માર્યા ગયા. હમાસે બંધક બનાવેલા ઈઝરાયેલી નાગરિકોમાંથી હજુ ઘણાંને મુક્ત કર્યા નથી અને ઈશુંના નવા વર્ષમાં આ ઈઝરાયેલી બંધકોને મુક્ત કરાશે કે નહીં તે માત્ર હમાસ જાણે છે. કેમ કે પોતાના એક એક ઈઝરાયેલી નાગરિકની સુરક્ષા માટે જગવિખ્યાત ઈઝરાયલ અને તેની જાસુસી સંસ્થા મોસાદ થાપ ખાઈ ગઈ છે. હમાસના ગાઝાપટ્ટીમાં પ્રવેશ કર્યા બાદ પણ ઈઝરાયલી સેના બંધકોને છોડાવવાનું તો દૂર પણ તેમને હજુ સુધી શોધી શકી નથી. આ બંધકોના બદલામાં હમાસ યુધ્ધવિરામની શરત મૂકે છે તો સામે ઈઝરાયલે હમાસનો સંપૂર્ણ સફાયો નહીં ત્યાં સુધી કોઈ સમજૂતિ નહીં એવી જાહેરાત કરીને હુમલાઓ ચાલી રહ્યાં છે અને નવા વર્ષમાં પણ આ હુમલાઓ ચાલુ રહે તેમ છો.



એ સર્વિદિત છે કે યુધ્ધમાં સૌથી વધુ ખુવારી નિર્દોષ લોકોની થાય છે. બબ્બે વિશ્વ યુધ્ધમાં લાખો નિર્દોષ લોકો માર્યા ગયા હતા અને જેમને એ યુધ્ધ સાથે કોઈ નિસ્બત નહોતુ છતાં ગોળીઓના શિકાર બન્યા. યુક્રેન યુધ્ધ, ઈઝરાયલ યુધ્ધ અને હવે ચીન દ્વારા તાઈવાન પર હુમલાની હિલચાલ કે જે નવા વર્ષમાં વાસ્તવિક બને તો તેમાં પણ નિર્દોષ નાગરિકોનું નિકંદન નિકળશે તે નક્કી જ છે. ખાસ કરીને યુધ્ધમાં મહિલાઓ અને બાળકોને જલ્દી અસર થાય છે. રશિયન દળાએ યુક્રેનમાં કેટલીય મહિલાઓ પર અત્યાચાર અને દુષ્કર્મ આચર્યુ તો હમાસ દ્વારા પણ ઈઝરાયલી મહિલા બંધકોની સાથે અમાનુષી અત્યાચારની સાથે ન કરવાનું કરીને પોતાની પાશવી અને પિશાચી અમાનવીય માનસિકતા દુનિયાને બતાવી છે. નવા વર્ષ 2024માં આ યુધ્ધનો અંત આવે અને યુક્રેન તથા ઈઝરાયલ, પેલેસ્ટાઈન સહિત વિશ્વભરમાં સુખ-શાંતિ સ્થપાય એવી આશા રાખીએ. નવા વર્ષમાં ચીન અને ઉત્તર કોરિયા કોઈ ઉંબાડિયુ ન કરે તો ભયો ભયો.. નહીંતર 2023ની જેમ 2024માં પણ બંદૂકો અને તોપો ધમધણતી રહેશે...!

નવું સમીકરણ: દેશના રાજકારણમાં પેઢીઓ બદલાઇ રહી છે....

# પાંચ રાજ્યોના પરિણામો બાદ રાજકીય ક્ષિતિજ પર ઊભર્યું હવે નવું નેતૃત્ત્વ..!

## ભજનલાલ શર્મા-મોહન યાદવ-વિષ્ણુપ્રસાદ સાય-રેવન્ત રેડ્ડી-જિતુ પટવારી અને લાલ દુહોમા...

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

સામાન્ય રીતે, દરેક ચૂંટણી કોઈને કોઈ નવા નેતૃત્વ માટે દરવાજા ખોલે છે, પરંતુ 2023ના અંતમાં, પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ અલગ સાબિત થઈ અને રાજકારણના ચહેરા પર એક નવો અધ્યાય લખાઈ ગયો.

જેના દ્વારા મતદાન થયું તે ઈવીએમ મશીનોમાંથી માત્ર ચોંકાવનારો જનાદેશ જ નહીં પરંતુ નવા નેતાઓ પણ એવી રીતે બહાર આવ્યા કે તેઓ પોતે પણ એક ઘડી તો આશ્ચર્યચકિત થઈ ગયા. અમુક અમુક હદ સુધી અપેક્ષિત હતા અને અમુક અત્યંત અણધાર્યા હતા, એટલી હદે કે તેમની માહિતી પર સંશોધન કરવું જરૂરી હતું. બધામાં સમાનતા એ છે કે પાંચ રાજ્યોના વડાઓ રાજકીય પરિદ્રશ્યમાં તેમનું નવું મહત્વ અનુભવી રહ્યા છે..

ઉત્તર-પૂર્વમાં મિઝોરમમાં પહેલીવાર એક પક્ષ તરીકે ચૂંટણી લડી રહેલા જોરમ પીપલ્સ મૂવમેન્ટ (ZPM) ની ભારે જીત બાદ રાજ્યની બાગડોર સંભાળી રહેલા 71 વર્ષીય લાલ દુહોમા ઉપરાંત, તેલંગાણા, છત્તીસગઢ અને મધ્યપ્રદેશના નવા મુખ્યમંત્રીઓ તેમના સાઠના દાયકામાં છે. જે રાજકારણમાં પ્રમાણમાં નાની ઉંમર હોવાનું કહેવાય છે. 1987માં અસ્તિત્વમાં આવેલા મિઝોરમમાં અત્યાર સુધી મિઝો નેશનલ ફ્રન્ટ અને કોંગ્રેસ વચ્ચે વારાફરતી ગાદી વહેંચવામાં આવી છે. આ દ્દષ્ટિએ લાલડુહોમાનો ઉદય પણ નવો જ છે.

તેલંગાણામાં 54 વર્ષીય એ. રેવન્ત રેડ્ડી એ અર્થમાં અપેક્ષિત હતા કે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ તરીકે તેમણે અજય-કેને હરાવ્યા હતા. તેમણે ચંદ્રશેખર રાવની ભારત રાષ્ટ્ર સમિતિ (BRS) ને હરાવવા માટે પ્રભાવશાળી અભિયાનનું નેતૃત્વ કર્યું હતું, પરંતુ પક્ષો બદલવા અને માત્ર 2017માં કોંગ્રેસમાં જોડાવાને કારણે, તેમને પક્ષમાં ઘણા વિરોધનો સામનો કરવો પડ્યો હતો. તેમની તરફેણમાં કોંગ્રેસ નેતૃત્વનો નિર્ણય પેઢીગત પરિવર્તનની નિશાની છે.

પરંતુ પેઢીગત પરિવર્તનની સૌથી આશ્ચર્યજનક પહેલ ભાજપમાં જોવા મળી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડાના નેતૃત્વમાં પાર્ટીએ છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં એવા ચહેરાઓને આગળ કર્યા, જેમના વિશે ભાગ્યે જ કોઈ અનુમાન કરી શકે.

છત્તીસગઢમાં, 69 વર્ષીય વિષ્ણુદેવ સાઈ લાંબા સમયથી પાર્ટીનો આદિવાસી ચહેરો હતો પરંતુ ઉચ્ચ અધ્યક્ષ માટે તેઓ ક્યાંય વિવાદમાં નહોતા. આ વખતે કદાચ આદિવાસી બહુલ બેઠકો પર ભાજપની મોટી જીતને કારણે નિર્ણય તેમના પક્ષમાં ગયો,

મધ્યપ્રદેશમાં 58 વર્ષીય મોહન યાદવની પસંદગીએ ચાર વખતના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને રાજ્યના કેટલાક વરિષ્ઠ દાવેદારોને દંગ કરી દીધા હશે. સંઘની પૃષ્ઠભૂમિમાંથી ઓબીસી હોવાને કારણે ત્રણ વખત ધારાસભ્યની તરફેણમાં કામ કર્યું.

સૌથી આશ્ચર્યજનક પસંદગી 56 વર્ષીય ભજનલાલ શર્માની છે, જેઓ રાજસ્થાનના પ્રથમ વખત ધારાસભ્ય બન્યા છે. સ્ટેજ પર નવા સીએમના નામની સ્લિપ જોઈને પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેનો ચહેરો તંગ થઈ ગયો હતો.

હિન્દી બેલ્ટમાં હાર બાદ કોંગ્રેસ પણ પાર્ટીની કમાન યુવાઓને સોંપવા જઈ રહી છે. કમલનાથની જગ્યાએ યુવા જીતુ પટવારીને મધ્યપ્રદેશની કમાન સોંપવામાં આવી હતી. તો શું જૂની પેઢીને વિદાય આપવાનો સમય આવી ગયો છે કે રાજકીય સંકેતો કંઈક બીજું છે? તે ગમે તે હોય, એક અર્થમાં તે લોકશાહીનો



### ત્રણ મોટા સંદેશાઓ આપવામાં આવ્યાં....

કોઈ એક નેતાને સત્તાનું કેન્દ્ર ન બનવા દો
જ્ઞાતિના સમીકરણ ઉકેલીને ચૂંટણીમાં વિજય હાંસલ કર્યો
નવા ચહેરાઓને મહત્વ આપીને 'જનરેશન ચેન્જ' તરફ આગળ વધવું, જે ચૌહાણના 18 વર્ષના કાર્યકાળ દરમિયાન સ્થગિત થઈ ગયું હતું. મુખ્યમંત્રી બન્યા બાદ મધ્યપ્રદેશના નવા સીએમનો પહેલો આદેશ હતો- તમામ મંદિરો અને મસ્જિદોમાંથી લાઉડસ્પીકર દૂર કરવા જોઈએ. માંસના વેચાણ પર અંકુશ હોવો જોઈએ. ભાજપના કાર્યકરોના ઘરો પર હુમલો કરનારાઓના ઘરો પર બુલડોઝર ફેરવો..









હરોળમાં હતા. પરંતુ થોડીવાર પછી તેઓ આગળની હરોળના સૌથી અગ્રણી નેતા બની ગયા. ઉજ્જૈન (દક્ષિણ)ના 58 વર્ષીય ધારાસભ્યને મુખ્યમંત્રી બનાવીને ભાજપે ન માત્ર આશ્ચર્યચકિત કર્યું, પરંતુ રાજ્યમાં પાર્ટીના તમામ સ્થાપિત નેતાઓને પેઢીગત ભારતીય વિદ્યાર્થી પરિષદમાં વિવિધ હોદ્દા સંભાળ્યા. 25 માર્ચ 1965ના રોજ મહાકાલના શહેર ઉજ્જૈનમાં જન્મેલા મોહન યાદવનું શહેર રાજ્યના માલવા ક્ષેત્રમાં આવેલું છે, જે ભાજપનો ગઢ માનવામાં આવે છે. તેનું ભણતર પણ સારું છે. તેઓ B.Sc, LLB, MA, MBA અને Ph.D છે. તેમના પરિવારના સભ્યો પણ રાજકારણમાં છે. તેમની એક બહેન, કલાવતી યાદવ, ઉજ્જૈન મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રમુખ છે. પરિવાર પર ઉજ્જૈનમાં સિંહસ્થ પથમાં જમીન સંબંધિત ગેરરીતિઓનો પણ આરોપ છે.

તેઓ મુખ્યમંત્રી બન્યાના લગભગ ચાર દાયકા પછી, રાજ્યનું નેતૃત્વ માલવા પ્રદેશમાં પાછું આવ્યું છે. અગાઉ, 20મી સદીના છેલ્લા વર્ષોમાં, આ પ્રદેશના વીરેન્દ્ર કુમાર સાખલેચા, કૈલાશ જોશી અને સુંદરલાલ પટવાએ રાજ્યનું નેતૃત્વ કર્યું હતું. પરંતુ 2003-2023 વચ્ચેના ત્રણેય મુખ્યમંત્રીઓ - ઉમા ભારતી, બાબુલાલ ગૌર અને શિવરાજ સિંહ ચૌહાણ - બુંદેલખંડ અને નર્મદા પ્રદેશના છે.

2018માં, ભાજપને રાજ્યમાં દલિતોના અનામત બચાવો આંદોલનને કારણે અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકો પર ભારે નુકસાન થયું હતું. 2023ની વિધાનસભા ચૂંટણીમાં, SC કેટેગરીની 35માંથી 20 બેઠકો અનામત છે, જ્યાં ભાજપને 50 ટકાથી વધુ મતો મળ્યા છે. કોંગ્રેસને માત્ર 9 બેઠકો મળી છે. ચાર બેઠકો પર જીત અને હાર વચ્ચેનો તફાવત પાંચ હજારથી ઓછો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, દેવરાને 2024ની લોકસભા ચૂંટણીમાં અનુસૂચિત જાતિના મતદારોને આકર્ષવા માટેનો ચહેરો બનાવવામાં આવ્યો છે. રાજ્યની કુલ 29 લોકસભા બેઠકોમાંથી ચાર - ભીંડ, ટીકમગઢ, દેવાસ અને ઉજ્જૈન - અનુસૂચિત જાતિ માટે અનામત છે. તેમાંથી બે, દેવાસ અને ઉજ્જૈન, સીધા દેવડાના પ્રભાવ હેઠળ આવે છે. તેમના નાયબ મુખ્યપ્રધાન હોવાથી અન્ય બે બેઠકો પર પણ ભાજપનો પ્રભાવ વધવાની ધારણા છે.

ધર્મ

# સ્વામી વિવેકાનંદ જયંતી: સ્વામી વિવેકાનંદના જીવન સાથે સંકળાયેલા રોચક પ્રસંગો

સ્વામી વિવેકાનંદજીની જયંતીને ભારતમાં ખૂબ જ ઉત્સાહ અને આનંદ સાથે રાષ્ટ્રીય 'યુવા દિવસ' કે 'સ્વામી વિવેકાનંદ જન્મદિવસ' તરીકે ઉજવવામાં આવે છે. સ્વામી વિવેકાનંદનો જન્મ પોષ માસના કૃષ્ણ પક્ષની સપ્તમી તિથિએ 1863ના વર્ષમાં 12મી જાન્યુઆરીના રોજ થયો હતો. દર વર્ષે સ્વામી વિવેકાનંદના જન્મ દિવસ પર રામકૃષ્ણ મિશનના કેન્દ્રો, રામકૃષ્ણ મઠ અને તેના અનેક શાખા કેન્દ્રો ખાતે ભારતીય સંસ્કૃતિ અને પરંપરા અનુસાર ઉજવણી કરવામાં આવે છે. આધુનિક ભારતના નિર્માતા સ્વામી વિવેકાનંદના જન્મ દિવસે તેમને યાદ કરવા માટે આ પ્રકારે ઉજવણી કરવામાં આવે છે.

ભારત સરકારે સૌ પ્રથમ વખત 1984ના વર્ષમાં સ્વામી વિવેકાનંદના જન્મ દિવસને રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવવાની ઘોષણા કરી હતી. ત્યારથી દર વર્ષે 12મી જાન્યુઆરીના રોજ સ્વામી વિવેકાનંદની જયંતી રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તો ચાલો જાણીએ સ્વામી વિવેકાનંદના જીવન સાથે સંકળાયેલા કેટલાક રોચક પ્રસંગો.



## મૂર્તિપૂજાનું ઔચિત્ય

અલવરના દીવાન રાજા મંગલ સિંહે 1891ના વર્ષમાં વિવેકાનંદને મુલાકાત માટે બોલાવ્યા હતા. મંગલ સિંહે વિવેકાનંદને કહ્યું હતું કે, 'સ્વામીજી આ તમામ લોકો મૂર્તિપૂજા કરે છે. હું મૂર્તિપૂજામાં વિશ્વાસ નથી ધરાવતો. મારૂ શું થશે?' પહેલા તો સ્વામીજીએ કહ્યું કે, 'સૌ કોઈને તેમનો વિશ્વાસ મુબારક.' બાદમાં કશુંક વિચારીને સ્વામીજીએ રાજાનું ચિત્ર લાવવા માટે કહ્યું. જ્યારે દીવાલ પરથી ઉતારીને રાજાનું તૈલ ચિત્ર લાવવામાં આવ્યું તો સ્વામીજીએ દીવાનને તસવીર પર થૂંકવા માટે કહ્યું. આ સાંભળીને દીવાન ચોંકીને તેમના સામે જોવા લાગ્યા. ત્યારે સ્વામીજીએ કહ્યું કે, આ તો કાગળનો માત્ર એક ટુકડો છે છતાં તમે અચકાઈ રહ્યા છો કારણ કે, તમને સૌને ખબર છે કે, આ તમારા રાજાનું પ્રતીક છે. સ્વામીજીએ રાજાને કહ્યું, 'તમે જાણો છો કે, આ માત્ર ચિત્ર છે, તેમ છતાં તેના પર થૂંકવા પર તમે અપમાનિત થયાનો અનુભવ કરશો. આ જ વાત એ સૌ લોકો પર લાગુ પડે છે જે લાકડાં, માટી અને પથ્થરની બનેલી મૂર્તિની પૂજા કરે છે. તેઓ એ ધાતુની નહીં પણ પોતાના ઈશ્વરના પ્રતીકની પૂજા કરે છે.'

## મઠમાં સ્ત્રીઓના પ્રવેશ પર રોક

સ્વામી વિવેકાનંદ નિયમ અને કાયદાના પાક્કા હતા. તેમણે જે નિયમો બનાવ્યા હતા તે સૌના પર લાગુ થતા હતા. સ્વામી વિવેકાનંદના મઠમાં કોઈ પણ સ્ત્રીનો પ્રવેશ નિષેધ હતો. એક વખત સ્વામીજી બીમાર પડી ગયા તેવામાં તેમના શિષ્યોએ તેમના માતાને વિવેકાનંદને જોવા માટે મઠમાં પ્રવેશ આપી દીધો. પરંતુ સ્વામીજી આ વાતને લઈ ખૂબ જ ક્રોધિત થઈ ગયા હતા. વિવેકાનંદે પોતાના શિષ્યો પર રોષે ભરાઈને કહ્યું હતું કે, 'તમે લોકોએ એક મહિલાને અંદર શા માટે આવવા દીધી? મેં જ નિયમ બનાવ્યો અને મારા માટે જ નિયમ તોડવામાં આવી રહ્યો છે!' વિવેકાનંદે શિષ્યોને સ્પષ્ટ કહી દીધું હતું કે, મઠના કોઈ નિયમને તેમના માટે પણ ન તોડવામાં આવે.

પુસ્તક-પરિચય



▪ રિપલકુમાર પરીખ

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

# હસતા રહો, હસાવતા રહો....

'તકલીફોનો કોઈ અંત નથી અને તેનો ઈલાજ હાસ્ય જ છે. હસ્યા વગરનો દિવસ બેકાર છે.'

- ચાર્લી ચૅપ્લિન


જીવનમાં ડગલે ને પગલે તકલીફો તો આવવાની જ છે. તેનો સહજ સ્વીકાર કરવો જ રહ્યો પરંતુ આ બધી તકલીફોને સહન કરવાની શક્તિ ક્યાંથી લાવવી? જીવનમાં હળવાશ કેવી રીતે લાવવી? તેવો પ્રશ્ન થાય ત્યારે આપણને કોઈ હસાવી શકે તેવાં વ્યક્તિ કે વિડિયો કે પુસ્તકની જરૂર પડે છે. સતત તણાવપૂર્ણ રહેતી આપણી જિંદગીને થોડું હાસ્યનું ટૉનીક આપીશું તો તે આવનારી બધી જ તકલીફોનો મક્કમતાથી સામનો કરી શકશે.

હસતા રહેવાની આદત આપણે ગંભીરતાપૂર્વક કેળવવી પડશે. 'હસતા રહો, હસાવતા રહો' આવું જ એક આપણને હળવાશનો અનુભવ કરાવી જતું હળવું અને હાસ્યસભર પુસ્તક છે. જેમાં લેખિકા સુષમા શેઠની કલમે આપણને હળવાશનું ભાથું બાંધી આપ્યું છે.

મૂર્ધન્ય હાસ્યલેખક રતિલાલ બોરીસાગર હાસ્યલેખિકાની કલમને બિરદાવતાં લખે છે,'સુષમાબહેનમાં હાસ્યરસની અસલ સૂઝ છે. તેઓ આ સૂઝનો સફળ વિનિયોગ આ સંગ્રહની કથાઓમાં કરી શક્યાં છે. કથાવસ્તુને બહેલાવીને કહેવાની ક્ષમતા સુષમાબહેનમાં છે. આમાં એમને સંવાદની ઘણી મદદ મળી છે. આ સંવાદોની ખૂબી એ છે કે સંવાદો દ્વારા પાત્રોની રેખાઓ ઊઘડતી આવે છે. કૃતિ પૂરી થયા પછી કૃતિનાં પાત્રો પૂરેપૂરાં ઊઘડી આવે છે. આ હાસ્યકથાઓનો સંગ્રહ લઈને સુષમાબહેન હાસ્યદરબારમાં અધિકારપૂર્વક પ્રવેશી રહ્યાં છે. સુષમાબહેનનાં પ્રવેશોત્સવને આપણે ઉમળકાભેર વધાવીએ.'

આપણને સૌને હસાવવાનો નિર્ધાર કરનાર, ગુજરાતી હાસ્યક્ષેત્રે સશક્ત કલમથી પ્રવેશ કરનાર, 'હસગુલ્લા તરબતર' નામની ચિત્રલેખામાં લોકપ્રિય કોલમ ચલાવીને આપણને હસવાનો ધર્મ શીખવનાર, લોકપ્રિય અને પુરસ્કાર વિજેતા વાર્તાકાર સુષમા શેઠ, પોતાની કેફિયત રજૂ કરતાં લખે છે,'આ હાસ્યકથાઓ આલેખવા પાછળ મારો ઉદ્દેશ માત્ર ને માત્ર મારા પ્રિય વાચકોના ચહેરા પર ઝગમગ હાસ્ય આણવાનો છે. કહ્યું છે ને, લાફ્ટર ઈઝ ધ બેસ્ટ મેડિસિન. હું તો એ સજ્જડપણે માનું છું અને મારા વાચકોને મનાવવા નીકળી પડી છું. આ તાણભર્યા યુગમાં બે ઘડી મોકળા મને હસી લો, તમને હળવાશના સમ. હાઈ બી.પી., પ્રેશર, ટેન્શન, ડિપ્રેશન દૂમ દબાવીને ભાગી જશે, મને ખાતરી છે. તમે પણ આ કથાઓ પેટ પકડીને મોજથી માણજો. વાંચજો, વંચાવજો. વધાવજો. હસતાં રહો, હસાવતાં રહો. મારું માનવું છે કે The time to be happy is now and the place to be happy is here. આ હાસ્યકથાસંગ્રહ તમામ ખુશ રહેવા માંગતા લોકોને સોંપું છું.'

વીસ હાસ્યકથાઓનાં આ દરબારમાં લેખિકાએ રોજીંદા જીવનમાં જોવા મળતી ઘટનાઓને હાસ્યનું સ્વરૂપ આપ્યું છે. કથાનાં પાત્રોનાં હાસ્યસભર સંવાદો કથાને માણવા યોગ્ય બનાવે છે. આપણને હસાવવાનું અઘરું કામ કરનાર આ હાસ્યલેખિકાની કલમને વધાવવી જ રહી. જો તમે હસવા અને હસાવવા માટે તૈયાર હો, જો તમે ખુશ રહેવા માંગતા હો તો આ પુસ્તક તમારી રાહ જોઈ રહ્યું છે.




# એક જીવંત જીવ અને શ્વાસ લઇ રહેલો સમાજ દરેક ક્ષણ સતત બીજી ક્ષણ પાસેથી શીખે છે !

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

ખાલીપાનો ભાર ખમી લે, એવી ક્ષણ અવતારું..!
મૂળનું બંધન સ્વીકારીને, જાત સહજ વિસ્તારું..!
એવી ક્ષણ અવતારું..!
ઈચ્છાવેલ તો બારે મહિના, રહેછે ફળતી ફૂલતી,
ટાણે-ક-ટાણે દસ્તક દેવા, મન-દ્વારે એ ઝૂલતી,
આજમાં ઝીણી ભાત કરીને, કાલનું પોત મઠારું..!
એવી ક્ષણ અવતારું..!
ક્ષણને જેવી વાવો તેવી. ઊગે મન આંગણિયે,
તર્ક બધા તડકે મૂકીને, ઝીણો રવ સાંભળિયે, પડછાયાથી મુક્ત થવાને, પોંખી લઉં અંધારું..!
એવી ક્ષણ અવતારું..!
નાજુક નમણાં મોરની ઉપર, પીંછાનો છે ભાર,
જાત-બળૂકી કરવા આમ જ, તત્વ તણો લઉં સાર,
લેખા-જોખા સાથે 'હુ' ને, માફકસર કંડારું..!
એવી ક્ષણ અવતારું..!.

- લક્ષ્મી ડોબરિયા.

રસદર્શન
હરીશ શાહ

આ દુનિયામાં લગભગ સૌને જ્યારે બીજા લોકોની સાથે કોઈ કાર્ય માટે અથવા બીજી કોઈ પણ વાત માટે, સમય પસાર કરવાનો આવે છે ત્યારે સહનશક્તિનો પ્રશ્ન આવે જ છે . એક જીવંત જીવ અને શ્વાસ લઈ રહેલો સમાજ દરેક ક્ષણ સતત બીજી ક્ષણ પાસેથી શીખે છે ! તેને અનુસરે છે, પરંતુ સહનશીલતા માત્રને માત્ર ભાવના કેળવવાથી આપણા જીવનમાં અર્થ લાવી શકે છે! કવયિત્રી શ્રી લક્ષ્મીબેને ખૂબ જ સુંદર વિષય લઈને આ ગીત રજુ કર્યું છે જેમાં સહનશીલતા અને સંમતિ આ બે વચ્ચેનો વ્યવહાર સાચવવાની કળાને તમારી ક્ષમતા કહેવાય છે . કોઈપણ અનુકૂળતા અથવા પ્રતિકૂળતા હોય તેનો સામનો કરવાની તમારી કેટલી ક્ષમતા છે અને આ વ્યવહાર, સ્વભાવને ચીડ માં પરિવર્તિત કરે છે ત્યારે તે વધુ હાનીકારક થઈ શકે છે.પ્રથમ અંતરામાં ખૂબ જ સુંદર વાત વણી છે. તમારી ઈચ્છાઓ જ્યારે તમારી લાગણીની માલિકી ભોગવે છે ત્યારે કોઈ પણ સમયે કોઈ પણ ઈચ્છા ફૂટી નીકળે છે, તમારા આંગણે તમારી ઈચ્છાઓ રમતી રહે છે, પણ આજે મારે એવું કંઈક કરવું કે જેનાથી મારી આવતીકાલ ઉજ્જવળ બને , એટલે કે મારી સહનશીલતા નો વ્યાપ એ હદ સુધી વિસ્તારૂ કે મને કોઈ પણ તકલીફ, તકલીફ ન લાગતાં તે તક ઊભી થઈ હોય તેવું લાગે!જે સમયે એવું લાગે કે સહનશીલતા ઉપર લાગણી અધિકાર જમાવી રહી છે તે ક્ષણને તમે પરિવર્તિત કરી તેના પર અધિકાર મેળવવાનો પ્રયત્ન કરો , અને તે વ્યક્તિની પોતાની ઉપર નિર્ભર કરે છે ! વ્યક્તિ અને પરિસ્થિતિને પોતાની ખરાબ પરિસ્થિતિમાં જોઈ ને સહન કરવાની સ્થિતિમાં જોવાની કોશિશ કરો!તમારી સમસ્યાનું મૂળ તમને આપોઆપ મળી જશે!ક્ષણ જેવી વાવશો, પરિણામ એટલે કે આવતીકાલે તમને એવી મળશે . ખૂબ જ સુંદર ઉપમા આપીને કહ્યું છે કે જો પડછાયાથી મુક્તિ મેળવવી હોય તો અંધારું સ્વીકારવું જ પડે.મનને નાજુક કહ્યું છે પણ તેના ઉપર ઈચ્છાઓને નાથી શકાય તેવી સહનશીલતા નો ભાર , જો મન ઉપાડી શકે તો જ તમે મજબૂત થઈ શકો !જે વસ્તુનું સમાધાન તમારી પોતાની પાસે છે તે વસ્તુનું ધ્યાન કેન્દ્રિત કરો, જવાબ તમારી અંદર જ છે ! તમારો ઈગો ચકાસો ! મગજને કેન્દ્રિત કરો ! પરિવર્તનને એડજસ્ટ થવાની કોશિશ કરો! તમારી સ્ટ્રેન્થ નો ઉપયોગ કરો અને ધીરજની વ્યાખ્યા શીખો!



Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# ક્રિકેટ વર્લ્ડ કપની જેમ વાયબ્રન્ટ વખતે પણ હોટલના ભાડામાં જંગી વધારો

## એક દિવસનું ભાડુ 20 હજારથી લઇને 1.50 લાખ

ગુજરાત | વંદન

ગાંધીનગર ખાતે યોજાનારી વાયબ્રન્ટ સમિટ માટે તૈયારીઓ હવે અંતિમ તબક્કામાં છે. 10 થી 12જાન્યુઆરી દરમિયાન યોજાનારી વાયબ્રન્ટ સમિટ દરમિયાન અમદાવાદ, ગાંધીનગર આવવાનું આયોજન કરી રહ્યા હોવ તો ફાઈવ સ્ટાર, થ્રી સ્ટાર હોટેલમાં એક દિવસ માટે રૂપિયા 20 હજારથી રૂપિયા 1.50 લાખ સુધીનું ભાડું ચૂકવવા તૈયારી રાખવી પડશે.

વર્ષ 2019 બાદ પ્રથમવાર યોજાઇ રહેલી વાયબ્રન્ટ સમિટ માટે 72 હજારથી વધુ લોકોએ રજીસ્ટ્રેશન કરાવી દીધું છે. સમિટના ત્રણ દિવસમાં દેશ-વિદેશમાંથી1 લાખથી વધુ લોકો ગુજરાતના અતિથિ બનશે. વાયબ્રન્ટ સમિટ માટે ગાંધીનગરમાં આવેલી એક ફાઈવ સ્ટાર હોટેલના તમામ રૂમ 9થી12 જાન્યુઆરી સુધી 'સોલ્ડ આઉટ' દર્શાવી રહ્યા છે. બીજી તરફ અમદાવાદની થ્રી સ્ટાર, ફાઈવ સ્ટાર હોટેલમાં 50 ટકા રૂમ સરકાર દ્વારા બૂક થઇ ગયા છે. સિંધુ ભવનમાં આવેલી એક ફાઈવ સ્ટાર હોટેલમાં 9 થી12 જાન્યુઆરી દરમિયાન રૂપિયા1.38 લાખનું એક દિવસનું ભાડું છે. જેમાં રૂપિયા 25413નો ટેક્સ અલગથી ચૂકવવો પડે છે. આ જ હોટેલમાં




સ્યૂટનું ભાડું રૂપિયા 2.30 લાખ છે.

આવી જ રીતે ગાંધીનગરની હોટેલમાં એક ભાડું રૂપિયા 67 હજાર, એરપોર્ટ પાસે આવેલી એક હોટેલનું ભાડું રૂપિયા 29400, વૈષ્ણોદેવી વિસ્તારમાં આવેલી એક હોટેલનું ભાડું રૂપિયા 29600, વસ્ત્રાપુર-સેટેલાઇટમાં આવેલી ફાઇવ સ્ટાર હોટેલના ભાડા રૂપિયા 30 હજાર જેટલા છે. સામાન્ય દિવસોમાં રૂપિયા 7 હજારથી રૂપિયા15 હજારની આસપાસ હોય છે. આમ, હોટેલના ભાડામાં બે થી ચાર ગણો વધારો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર હાલમાં એનઆરઆઈ સિઝન પણ જામી છે. જેના કારણે પણ અનેક હોટેલના રૂમ દિવાળી બાદ જ બૂક થઈ ગયા હતા. દેશ-વિદેશથી આવતા અતિથિઓ માટે ગુજરાતના પ્રખ્યાત સ્થળોમાં સાઈટ સીઈંગ, અમદાવાદમાં જોય રાઈડ જેવા વિકલ્પ પણ આપવામાં આવી રહ્યા છે. હજુ ફેબ્રુઆરી સુધી અમદાવાદ-ગાંધીનગરની હોટેલ ઈન્ડસ્ટ્રીમાં તેજી જોવા મળે તેવી પૂરી સંભાવના છે.

# ST નિગમના કર્મચારીઓ આનંદો, 30 ટકા પગાર વધારાની મંજૂરી મળી

ગુજરાત | વંદન

રાજ્ય સરકાર દ્વારા ST નિગમના ફિક્સ પગારના કર્મચારીઓ માટે ખુશીના સમાચાર આપ્યા છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા ફિક્સ પેના કર્મચારીઓને 30 ટકા વધારો આપવાની જાહેરાત કરાઈ હતી. તેમજ નાણા વિભાગ દ્વારા ફિક્સ પગારના મંજૂરી માટે મોકલવામાં આવ્યું છે. આ અંગે નાણા વિભાગ દ્વારા મંજૂરી મળતા હવે એસટી નિગમના ફિક્સ પે ના કર્મચારીઓના પગારમાં સીધો વધારો થશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે નાણા વિભાગની મંજૂરી મળતા વહેલામાં વહેલી તકે તેની અમલવારી શરૂ કરવામાં આવશે. આ સાથે જ રાજ્યના ફિક્સ પગારના કર્મચારીઓના પગારમાં 30 ટકા જેટલો વધારો કરવાનો નિર્ણય કર્યો હતો.

# રમશે અમદાવાદ: કોર્પોરેશન 245 પ્લોટ રમતગમતના મેદાન તરીકે વિકસાવશે

## તમામ સાત ઝોનમાં પ્રાથમિક સુવિધા સાથે રમતગમત માટેના મેદાન તૈયાર થશે

ગુજરાત | વંદન

અમદાવાદમાં ફાઈનલ થયેલી ટી.પી.સ્કીમ પૈકીના અમદાવાદ મ્યુનિ.ના ૨૪૫ પ્લોટ રમતગમતના મેદાન તરીકે ડેવલપ કરાશે. શહેરના તમામ સાત ઝોનમાં બાળકોને પ્રાથમિક સુવિધા સાથે રમતગમત માટેના મેદાન ઉપલબ્ધ થશે.

અમદાવાદના સાત ઝોનમાં મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના ૫૩ પ્લોટ પાંચ હજાર સ્કવેર મીટરથી વધુ ક્ષેત્રફળવાળા તથા ૧૯૨ પ્લોટ પાંચ હજાર સ્કેવરમીટરથી ઓછા ક્ષેત્રફળવાળા આવેલા છે.સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનના કહેવા મુજબ,શહેરમાં છેલ્લા એક દાયકામાં થયેલા ઝડપી વિકાસની સાથે શનિ-રવિવારની રજા કે વેકેશન સમયમાં બાળકોને વિવિધ રમત રમવી હોય તો એવા મેદાનોની સંખ્યા ઝડપથી ઘટતી જઈ રહી છે.શહેરના વિવિધ વોર્ડ વિસ્તારમાં આવેલી મોટાભાગની સોસાયટીઓમાં આવેલા કોમન પ્લોટ ઉપર કયાંક પેવરબ્લોક નંખાયા હોવાથી અથવા કયાંક અન્ય કોઈ કારણથી બાળકોને મોકળાશથી વિવિધ રમત રમવા માટે પુરતી જગ્યા મળતી નથી.આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ૨૪૫ પ્લોટ કે જેનો હેતુ પ્લેગ્રાઉન્ડ માટેનો છે.

આ તમામ પ્લોટને તબકકાવાર રમતગમતના મેદાન તરીકે ડેવલપ કરાશે.જેમાં પીવાના પાણીની સુવિધા સહિત અન્ય યુટીલીટીની પણ વ્યવસ્થા કરાશે. કયા મેદાનમાં કયા પ્રકારની રમત રમી શકાશે એ અંગેની સંપૂર્ણ વિગત દર્શાવતુ બોર્ડ પણ જે તે સ્થળે મુકવામાં આવશે.

### ઝોન મુજબ કયાં કેટલા પ્લોટ

| ઝોન | પાંચ હજાર સ્કે.મી.થી ઓછુ ક્ષેત્રફળ | પાંચ હજાર સ્કે.મી.થી વધુ ક્ષેત્રફળ |
| --- | --- | --- |
| દક્ષિણ | 32 | 05 |
| પશ્ચિમ | 28 | 09 |
| પૂર્વ | 49 | 10 |
| મધ્ય | 03 | 04 |
| ઉત્તર | 25 | 04 |
| દ.પ. | 15 | 07 |
| ઉ.પ. | 40 | 14 |

# સાપ્તાહિક રાશિફળ



પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ): સને 2024માં તમારા બધા કામ મિત્રની સલાહથી સરળતાથી પૂર્ણ થશે. જો કોઈ મિલકત સંબંધિત વિવાદ ચાલી રહ્યો છે, તો તે પણ કોઈની મધ્યસ્થી દ્વારા ઉકેલી શકાય છે. કોઈપણ મુદ્દા પર ચર્ચા કરતી વખતે એ વાતનું ધ્યાન રાખો કે યોગ્ય શબ્દો પસંદ કરો. કોઈપણ પ્રકારની જવાબદારી ન લેવી.

**વૃષભ** (બ.વ.ઉ): નવા વર્ષમાં તમને બાળકો સંબંધિત કોઈ સારા સમાચાર મળશે અને ઘરનું વાતાવરણ ખૂબ જ ખુશનુમા અને આનંદદાયક રહેશે. તમારા મનમાં નવી યોજનાઓ બનશે. જે ઘર અને બિઝનેસ બંને માટે વધુ સારું સાબિત થશે.આ સમયે ભાઈઓ સાથે કોઈ મુદ્દે વિવાદ થઈ શકે છે.

**મિથુન** (ક.છ.ઘ): તમારી કાર્યક્ષમતા અપેક્ષા કરતા વધુ નફો મેળવવાની સંભાવના છે. છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી અવ્યવસ્થિત દિનચર્યામાં સકારાત્મક પરિવર્તન આવશે. સંતાનના કરિયરને લઈને મૂંઝવણ રહેશે. કોઈ અનુભવી વ્યક્તિનું માર્ગદર્શન લો. આજે કોઈપણ પ્રકારની યાત્રા ટાળવી જરૂરી છે.

**કર્ક** (ડ.હ): ઘરમાં કોઈ ખાસ વસ્તુની ખરીદી થઈ શકે છે. જો પૈતૃક સંપત્તિને લઈને કોઈ વિવાદ ચાલી રહ્યો હોય તો તેને ઉકેલવાનો આ યોગ્ય સમય છે. તમને અભ્યાસ અને રચનાત્મક કાર્યમાં પણ રસ રહેશે. એકાગ્રતાના અભાવને કારણે તેઓ તેમના કામને યોગ્ય ફોર્મેટ આપી શકશે નહીં.

**સિંહ** (મ.ટ): સમય ભાગ્યશાળી છે. થોડી કાળજી અને આત્મવિશ્વાસથી મોટાભાગના કામ સરળતાથી પૂર્ણ થઈ જશે. કોઈ ચોક્કસ હેતુ માટે તમારા પ્રયત્નોમાં સફળતા મળવાની શક્યતાઓ પણ છે. યુવાનો કોઈ પ્રકારની સિદ્ધિ મેળવશે. કોઈની સાથે વાત કરતી વખતે કે યોગ્ય શબ્દોનો ઉપયોગ કરો.

**કન્યા** (પ.ઠ.ણ): ઘર અને બિઝનેસની વ્યવસ્થા વચ્ચે યોગ્ય તાલમેલ રહેશે. સામાજિક કે સમાજને લગતી પ્રવૃત્તિઓમાં અવશ્ય હાજર રહેવું. તેનાથી તમારા સંપર્કો વધશે અને ફાયદો પણ થશે. યુવાનોને તેમની મહેનતનું સારું પરિણામ મળશે. ક્રોધ પર નિયંત્રણ રાખો. સાવધાન રહેવાની જરૂર છે.

**તુલા** (ર.ત): પ્રતિષ્ઠિત લોકો સાથે લાભદાયક સંપર્ક થશે. જે તમને આધ્યાત્મિક શાંતિ આપશે. તમારું વ્યક્તિત્વ અને કાર્યશૈલી પણ સુધરશે. યુવાનોને તેમની મહેનત પ્રમાણે યોગ્ય પરિણામ પણ મળશે. કોઈ તમારી ભાવનાઓનો અયોગ્ય ફાયદો ઉઠાવી શકે છે. તેથી સાવચેત રહો.

**વૃશ્ચિક** (ન.ય): આવનાર સપ્તાહે તમે તમારા અંગત કાર્યોને પણ વ્યવસ્થિત રાખશો. આ સાથે તમે તમારી જાતને ભાવનાત્મક રીતે મજબૂત બનાવશો. ક્યારેક બાળકો પાસેથી ઘણી બધી અપેક્ષાઓ અને તેમના પરના નિયંત્રણો તમારા સંબંધોમાં અંતર બનાવે છે. તમારા સ્વભાવમાં સાનુકૂળતા જાળવી રાખો.

**ધન** (ભ.ધ.ફ): તમારી મહેનત અને કામ કરવાની સિસ્ટમને કારણે લોકો તમારા વ્યક્તિત્વથી સરળતાથી પ્રભાવિત થશે. તમે તમારી આસપાસના વાતાવરણમાં સકારાત્મક ફેરફારો જોશો. નજીકના મિત્ર સાથે મુલાકાત સુખદ અને હળવાશભરી રહેશે.

**મકર** (ખ.જ): જૂની ફરિયાદો ઉકેલવા માટે આ અનુકૂળ સમય છે. કોઈ પણ કામ પ્લાનિંગ અને સકારાત્મક વિચારો સાથે કરવાથી તમને નવી દિશા મળશે. કોઈપણ ધાર્મિક સ્થળની મુલાકાત લેવાથી તમને ઘણી શાંતિ અને આરામ મળશે. બેદરકારી અને ઉતાવળના કારણે કેટલાક કામ બગડી શકે છે.

**કુંભ** (ગ.સ.શ.ષ): કેટલાક સમયથી ચાલી રહેલી વ્યસ્તતામાંથી થોડી રાહત મળશે. મિત્રો અને સ્વજનોને મળવાથી રાહત મળશે. બેંક રોકાણ જેવી આર્થિક પ્રવૃતિઓમાં પણ વ્યસ્તતા રહેશે.કૌશલ્ય પ્રાપ્ત કરવા માટે સમય ખૂબ જ શાંતિપૂર્ણ છે. તેનો ભરપૂર ઉપયોગ કરો.

**મીન** (દ.ચ.ઝ): તમારા વિશેષ કાર્યોને પૂર્ણ કરવા માટે ઘણી મહેનત અને વ્યસ્તતા રહેશે, કારણ કે તમારી મહેનતનું યોગ્ય પરિણામ મેળવવા માટે તમારે કર્મ લક્ષી બનવું પડશે. જો ઘર પરિવર્તનને લગતી કોઈ યોજના બનાવવામાં આવી રહી છે તો તેના ફળવાનો સમય આવી ગયો છે. ભવિષ્યની ચિંતા કરવાનું બંધ કરો અને વર્તમાનમાં જીવો અને તમારી આવતીકાલને સારી બનાવો. ભાવનાઓના કારણે તમે ખોટું પગલું ભરી શકો છો.

# નળ સરોવરમાં પક્ષીઓના શિકાર અને ગેરકાયદેસર મત્સ્ય પાલન અંગે કાર્યવાહી

ગુજરાત | વંદન

સાણંદ પાસે આવેલા નળસરોવર અને તેની આસપાસના વિસ્તારમાં કેટલાંક માથાભારે તત્વો દ્વારા પક્ષીઓનો શિકાર કરવો, પ્રવાસીઓ પાસેથી વધારે નાણાં ઉઘરાવવા તેમજ ગેરકાયદેર રીતે મત્સ્ય પાલનનો વ્યવસાય કરવામાં આવતા હોવાની અનેક ફરિયાદ અગાઉ ઉઠી હતી.

જે અનુસંધાનમાં અમદાવાદ જિલ્લા પોલીસે લાલ આંખ કરીને એક સાથે ૧૫૦થી વધારે પોલીસ સ્ટાફને સાથે રાખીને ડ્રાઈવ ચલાવવામાં આવી હતી. જેમાં પોલીસે દ્વારા કેટલાકં તત્વો સામે કાર્યવાહી કરવામાં આવી છે.

નળસરોવર અને આસપાસના વેકરીયા અને કોયલા ગામમાં પ્રવાસીઓ માટેના નૌકા વિહારમાં નિયત ફી કરતા વધારે ફી દાદાગીરી કરીને ઉઘરાવવાની, પક્ષીઓનો શિકાર કરવાની અને ગૌચર તેમજ સરકારી જમીન પર દબાણ કરીને મત્સ્ય પાલન માટે મોટાપાયે તલાવડીઓ બનાવવામાં આવતી હોવાની અનેક ફરિયાદ પોલીસ વિભાગમાં આવતી હતી.

ૉ જે બાબતને ધ્યાનમાં લઈને અમદાવાદ ગ્રામ્ય પોલીસના ૧૫૦ થી વધારે જવાનો ઉપરાંત, ફીશરીસ અને સ્થાનિક તંત્રના અધિકારીઓને સાથે રાખીને વિશેષ ડ્રાઈવ ચલાવવામાં આવી હતી. જેમાં પોલીસે ગેરકાયદેસર શિકાર કરતા તત્વો પૈકી કેટલાંકને ઝડપીને કાર્યવાહી કરી હતી. સાથેસાથે પ્રવાસીઓ સાથે દાદાગીરી કરીને વધારે નાણાં પડાવતા લોકો અને સરકારી જમીન પર કબ્જો કરી તલાવડીમાં મત્સ્ય પાલન કરતા લોકો સામે પણ ગુના નોંધ્યા હતા. આ સાથે તલાવડીઓને તોડીને દબાણ હટાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, તાત્કાલિક અસરથી વેકરીયા ગામ પાસે પોલીસ ચોકી પણ તૈયાર કરવામાં આવી હતી.

# સિવિલ હોસ્પિટલના 1400 કર્મચારીઓનો પગાર રોકવામાં આવ્યો છે: આપનો દાવો

ગુજરાત | વંદન

આમ આદમી પાર્ટીના કાર્યકારી પ્રમુખ ડૉ.જ્વેલબેન વસરાએ વીડિયોના માધ્યમથી એક ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતાં જણાવ્યું હતું કે, હાલ માહિતી મળી છે કે એશિયાની સૌથી મોટી હોસ્પિટલ એટલે કે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં આઉટસોર્સિંગના માધ્યમથી કામ કરતા 1400 કર્મચારીઓને નવેમ્બર મહિનાનો પગાર મળ્યો નથી અને હાલ ડિસેમ્બર મહિનો પણ પૂરો થવા આવ્યો છે. જ્યારે સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટને આ મુદ્દે પૂછવામાં આવ્યું તો તેમના દ્વારા જવાબ મળ્યો કે એજન્સી બદલવામાં આવી છે માટે પગાર નથી કર્યો.

અમારો સવાલ એ છે કે ફક્ત એજન્સી બદલી છે, કર્મચારીઓ નથી બદલાયા અને કર્મચારીઓએ ઈમાનદારીપૂર્વક કામ કર્યું છે તો શા માટે તેમને પગાર ચૂકવવામાં આવ્યો નથી? ગુજરાત સરકારને અમે સવાલ કરવા માંગીએ છીએ કે શું તમે એજન્સીનું બિલ પાસ નથી કર્યું? શું સરકાર પાસે પૈસા નથી? જો બિલ પાસ થયું હોય તો એજન્સીએ કર્મચારીઓના પૈસા શા માટે રોકી રાખ્યા છે?

આજે એક સામાન્ય ઘરનો વ્યક્તિ જ્યારે દસ-બાર હજારમાં કામ કરતો હોય અને બે મહિના સુધી તેને પગાર ન મળે તો તેઓ પોતાનું ઘર કઈ રીતે ચલાવશે? હું સરકારને પૂછવા માગું છું કે સરકારે તેમના મળતીયાઓના જે ટેન્ડર પાસ કર્યા છે અને આ મળતીયાઓએ જે કર્મચારીઓનું શોષણ કર્યું છે તેમને ક્યાં સુધીમાં પગાર મળશે?

# રાજ્યમાં 44 હજાર લોકો ઘરે બેસી ટેસથી કરે છે મદિરાપાન

## છેલ્લા ત્રણ વર્ષમાં હેલ્થ પરમીટમાં વધારો

ગુજરાત | વંદન

દારૂબંધીની નીતિ ધરાવતા ગુજરાતના પાટનગર ગાંધીનગરના ગીફ્ટ સીટીમાં અપાયેલી છુટછાટો સામે વિવાદ સર્જાયો છે ત્યારે રાજયમાં દારૂ પીનારાઓની સંખ્યા વર્ષોવર્ષ વધતી હોવાનો આંકડાકીય રિપોર્ટ જારી થયો છે. છેલ્લા ત્રણ વર્ષમાં હેલ્થ પરમીટની સંખ્યામાં 58 ટકાનો વધારો છે. નવેમ્બર 2020માં રાજયમાં 27542 હેલ્થ પરમીટ હતી તે સંખ્યા વધીને હાલ 43470 ની થઈ છે.

રાજયના નશાબંધી વિભાગના આંકડાકીય રિપોર્ટ પ્રમાણે સૌથી વધુ 13456 હેલ્થ પરમીટ અમદાવાદમાં છે. બીજા ક્રમે સુરતમાં 9238 લોકો દારૂ પીવાની હેલ્થ પરમીટ ધરાવે છે. ત્રીજા ક્રમે રાજકોટમાં 4502 લોકો પાસે હેલ્થ પરમીટ છે. વડોદરામાં 2743, જામનગરમાં 2039 તથા ગાંધીનગરમાં 1851 લોકો હેલ્થ પરમીટ ધરાવે છે.

રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે હેલ્થ પરમીટ રીન્યુઅલનો ભરાવો ઓછો થઈ ગયો છે. ઉપરાંત નવી પરમીટ માટેની પ્રક્રિયા પણ ઝડપી થતી હોવાના કારણોસર રાજયમાં કાયદેસરના દારૂ વેચાણમાં પણ વધારો છે.ગુજરાતમાં નવેમ્બર 2022માં 40921 પરમીટધારકો



હતો. છેલ્લા એક વર્ષમાં એક સંખ્યામાં 6 ટકાનો વધારો થયો છે અને તેમાં પણ અમદાવાદ મોખરે છે.

નશાબંધી વિભાગના એક સીનીયર અધિકારીએ જણાવ્યું હતું કે હાયપરટેન્શન જવા દર્દીઓની વધતી સંખ્યા વચ્ચે 40 વર્ષથી વધુની વયના વધુને વધુ લોકો હેલ્થ પરમીટ માટે અરજી કરી રહ્યા છે. નશાબંધી અને આબકારી એમ બન્ને વિભાગો અરજીઓનો વ્હેલીતતકે નિકાલ કરે છે. પરિણામે પરમીટની સંખ્યા સતત વધી રહી છે. પરમીટધારકનું મૃત્યુ થવાના સંજોગોમાં પરમીટ આપોઆપ રદ થતી હોય છે. જો કે, રદ થતી પરમીટો કરતા નવી પરમીટોનું પ્રમાણ વધારે છે. 2023માં અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં કાયદેસરના દારૂના વેચાણમાં સરેરાશ 20 ટકાનો વધારો થયો છે. પરમીટધારકની વધતી સંખ્યાથી આ વધારો સ્વાભાવિક છે બીજા રાજયો તથા વિદેશી લોકોનો વધુ પ્રવાહ હોવાથી પણ શરાબના વેચાણમાં વધારો છે.

## દારૂ પીવાની મંજૂરીના પગલે પ્રોપર્ટી માટેની પૂછતાછમાં વધારો થયો

# ગિફ્ટ સિટી: દારૂની મંજૂરી શું મળી, 500 કરોડના સોદા પડ્યા

ગુજરાત | વંદન

ગુજરાતમાં હાલમાં ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક સિટી એટલે કે ગિફ્ટ સિટીમાં આપવામાં આવેલી દારૂની છૂટને લઈને ઘણી ચર્ચાઓ ચાલી રહી છે. ગિફ્ટ સિટીમાં વિદેશી રોકાણકારોને આકર્ષવા અને બિઝનેસને વેગ મળે તે હેતુંથી દારૂની છૂટ આપવામાં આવી છે. દારૂબંધી હળવી થતાંની સાથે જ ગિફ્ટ સિટીમાં ફક્ત પાંચ દિવસમાં જ 500 કરોડ રૂપિયાના સોદા થયા છે.

સરકાર દ્વારા ગિફ્ટ સિટીમાં કાર્યરત કંપનીઓ અને બેન્કિંગ સેક્ટર્સની કચેરીઓના કાયમી કર્મચારીઓ તથા તેમના માન્ય મુલાકાતીઓને કેટલીક શરતોને આધીન ગિફ્ટ સિટીમાં જ વાઈન અને ડાઈનની છૂટ આપવાનો નિર્ણય લીધો છે. જેના કારણએ લાંબા સમયથી અટવાયેલા કેટલાક પ્રોપર્ટીના કામકાજમાં અચાનક જ તેજી આવી ગઈ છે. ગુજરાતી અખબાર નવગુજરાત સમયમાં પ્રકાશિત અહેવાલ પ્રમાણે ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ ઓથોરિટીના સૂત્રોએ જણાવ્યું છે કે, ગિફ્ટ સિટીમાં છેલ્લા 11 વર્ષમાં એક સાથે એટલા સોદા નથી થયા જેટલા છેલ્લા પાંચ દિવસમાં થયા છે. ગિફ્ટ સિટીમાં દારૂની છૂટછાટ બાદ 500 કરોડ રૂપિયાના કોમર્શિયલ અને રેસિડેન્શિયલ પ્રોપર્ટીના 300 જેટલા યુનિટના સોદા થયા છે અને પ્રોપર્ટી માટેની પૂછપરછમાં 500 ટકાનો વધારો થયો છે.

ગિફ્ટ સિટીમાં કાર્યરત અને હવે પછી શરૂ થનારી વૈશ્વિક અને ભારતીય કંપનીઓના કાયમી સ્ટાફ અને તેની મુલાકાતે આવનારા મુલાકાતીઓ અહીં ભોજન સાથે દારૂની મજા માણી શકે તે માટે કેટલીક શરતોને આધીન દારૂબંધીને હળવી કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે અહીં કાર્યરત અને રોકાણ કરવા ઈચ્છતી કેટલીક



કંપનીઓની રજૂઆતો હતી. બે વર્ષથી આ મુદ્દા અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હતો. પરંતુ ગત સપ્તાહે સરકારે અંતે નિર્ણય લઈને ગિફ્ટ સિટીમાં દારૂબંધી હળવી કરી છે. જેના કારણે લાંબા સમયથી અટવાયેલા સોદા હવે થયા છે. એક અંદાજ પ્રમાણે 300 જેટલા કોમર્શિયલ અને રેસિડેન્શિયલ સોદા થયા છે.

## શબ્દોની સંતાકૂકડી 93

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| 1 | | 2 | ■ | 3 | 4 | |
| 5 | ■ | | | | | ■ |
| | 7 | ■ | 8 | 6 | ■ | 7 |
| 8 | ■ | 11 | ■ | | 14 | |
| ■ | 14 | 10 | 15 | ■ | 12 | |
| 13 | ■ | | | | | ■ |
| 18 | 15 | | ■ | 16 | | |

### ઊભી ચાવી

(1) 'chapter' શબ્દનું ગુજરાતી [4]
(2) જશ, કીર્તિ, પ્રતિષ્ઠા [2]
(3) હૃદયના આશયને મૂર્ત કરી આપતી તસ્વીર, 'આઈડિયોગ્રાફ' [4]
(4) રંગ, રૂપ [2]
(6) નેતરની જાતનું ઘાસ [2]
(9) સોપારીનું ઝાડ, સોપારી [3]
(10) હવેથી, હવે પછી [4]
(12) ટપાલખર્ચ [4]
(14) એક કહેવત છે કે ''ચાલતા બળદને ---- ન ખોસવી'' [2]
(16) મનોરંજન તથા મળવા કરવા માટે કઢાતું મંડળ (અંગ્રેજીમાં) [2]
(18) એક રૂઢિપ્રયોગ છે કે ''------વસ્ત્ર કરવું'' [2]

### આડી ચાવી

(1) પ્રેમ, સ્નેહ, વહાલ [3]
(3) ભાવ, હેત [3]
(5) મડદા જેવો ફિક્કો થઈ ગયેલો રંગ [4]
(7) જૈન ઋષિ, મુનિ [2]
(8) ઈચ્છા, ભાવ, ભૂખ [2]
(11) કડાકો, ઝપાટો, સપાટો [3]
(13) અહીં 'આજમ' શબ્દ આડા-અવળો થયેલ છે [3]
(15) કાપ, વેતરવાની રીત [2]
(17) બીજાનું મોઢું, પારકું મોં [4]
(19) ભાલા જેવું એક હથિયાર [3]
(20) ખર્ચ કરવો, વ્યય કરવો, (નાણું) વાપરવું [3]

શબ્દોની સંતાકૂકડી-93નો ઉકેલ

| | | | | | | |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| [illegible] | [illegible] | [illegible] | ■ | [illegible] | [illegible] | [illegible] |
| [illegible] | ■ | [illegible] | [illegible] | [illegible] | [illegible] | ■ |
| [illegible] | [illegible] | ■ | [illegible] | [illegible] | ■ | [illegible] |
| [illegible] | ■ | [illegible] | ■ | [illegible] | [illegible] | [illegible] |
| ■ | [illegible] | [illegible] | [illegible] | ■ | [illegible] | [illegible] |
| [illegible] | ■ | [illegible] | [illegible] | [illegible] | [illegible] | ■ |
| [illegible] | [illegible] | [illegible] | ■ | [illegible] | [illegible] | [illegible] |

શબ્દોની સંતાકૂકડી-93 નો ઉકેલ બાજુમાં...

## સુડોકુ કોયડો નં. 94

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | | | |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| 1 | | | 9 | | | 3 | | |
| | 9 | | 4 | | | | 2 | |
| 2 | | 8 | 3 | | | | 9 | |
| 3 | | | | | | | 1 | |
| 7 | | 9 | 8 | | 1 | 5 | | 3 |
| | 6 | | | | | | | 8 |
| | 3 | | | | 9 | 4 | | 6 |
| | 4 | | | | 5 | | 8 | 2 |
| | | 6 | | | 4 | | | 7 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-94નો ઉકેલ

| | | | | | | | | |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| 1 | 7 | 4 | 9 | 2 | 8 | 3 | 6 | 5 |
| 6 | 9 | 3 | 4 | 5 | 7 | 8 | 2 | 1 |
| 2 | 5 | 8 | 3 | 1 | 6 | 7 | 9 | 4 |
| 3 | 8 | 5 | 7 | 4 | 2 | 6 | 1 | 9 |
| 7 | 2 | 9 | 8 | 6 | 1 | 5 | 4 | 3 |
| 4 | 6 | 1 | 5 | 9 | 3 | 2 | 7 | 8 |
| 8 | 3 | 2 | 1 | 7 | 9 | 4 | 5 | 6 |
| 9 | 4 | 7 | 6 | 3 | 5 | 1 | 8 | 2 |
| 5 | 1 | 6 | 2 | 8 | 4 | 9 | 3 | 7 |

### બાપ્સના સંતો-મહંતોએ વડાપ્રધાન મોદીને આપ્યુ આમંત્રણ, 14મી ફેબ્રુઆરીએ ઉદ્ઘાટન

# અબુધાબીમાં બાપ્સના વધુ એક ભવ્ય-દિવ્ય મંદિરનું લોકાર્પણ કરાશે

ગુજરાત | વંદન

દિલ્હી ખાતેના વડાપ્રધાનના કાર્યલય પર અબુ ધાબીમાં BAPS હિંદુ મંદિર વતી, પૂજ્ય સ્વામી ઈશ્વરચરણદાસ અને સ્વામી બ્રહ્મવિહારીદાસ, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને 14 ફેબ્રુઆરી 2024 ના રોજ યોજાનાર ઉદ્ઘાટન સમારોહ માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

વડા પ્રધાન મોદીએ ઐતિહાસિક અને પ્રતિષ્ઠિત મંદિર માટે તેમનો સમર્થન વ્યક્ત કરીને, આમંત્રણ સ્વીકાર્યું. પૂજ્ય સ્વામી ઈશ્વરચરણદાસે પરંપરાગત રીતે વડાપ્રધાનને હાર પહેરાવીને અને તેમના ખભા પર કેસરી શાલ ઓઢાડીને તેમનું સન્માન કર્યું હતું. સંતો દ્વારા ભારતભરના તીર્થસ્થાનોના નોંધપાત્ર નવીનીકરણ અને વિકાસ માટે વડાપ્રધાનની ખાસ પ્રશંસા કરવામાં આવી હતી.

બાપ્સ દ્વારા જણાવવામાં આવેલ કે સાંજે 6:30 થી 7:25 PM દરમિયાન 7 લોક કલ્યાણ માર્ગ ખાતેના વડા પ્રધાનના નિવાસી કાર્યાલયમાં લગભગ એક કલાક લાંબી, ઉષ્માભરી અને અનૌપચારિક બેઠક, મહત્વપૂર્ણ સંવાદની ક્ષણ રહી હતી. વૈશ્વિક સંવાદિતા માટે અબુ ધાબી મંદિરના મહત્વ અને વૈશ્વિક મંચ પર ભારતના આધ્યાત્મિક નેતૃત્વ માટે નરેન્દ્રભાઈ મોદીના વિઝનની આસપાસ ચર્ચાઓ થઈ હતી. BAPS પ્રતિનિધિ મંડળે વડાપ્રધાનના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી અને તેમની અસાધારણ વૈશ્વિક સિદ્ધિઓને સ્વીકારી, ખાસ કરીને UAE અને અન્ય મધ્ય પૂર્વીય દેશો




સાથેના સંબંધોને મજબૂત બનાવ્યા તેની પ્રશંસા કરી હતી. તેઓએ પ્રાઈમ મિનિસ્ટર મોદીના નેતૃત્વએ વિશ્વભરના ભારતીયોમાં જે ગૌરવ અને પ્રેરણા આપી છે તેની પણ ચર્ચા કરી.

પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ સાથે વડાપ્રધાન મોદીનો અનેરો અને આત્મીય નાતો રહ્યો છે. પ્રમુખ સ્વામી મહારાજની તેમની અંગત અને અમર સ્મૃતિઓ અને ખાસ કરીને તેમની ભવ્ય શતાબ્દી મહોત્સવની ઉજવણીને યાદ કરીને, વડા પ્રધાન ખૂબ જ પ્રેરિત થયા હતા અને મહંત સ્વામી મહારાજના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી. તેમણે અબુ ધાબીમાં BAPS હિંદુ મંદિર પ્રોજેક્ટ સાથે સંકળાયેલા મુખ્ય વ્યક્તિઓ, સ્વયંસેવકો અને સમર્થકોના પ્રયાસોની પણ પ્રશંસા કરી, જેમાં તેમની સમક્ષ હાજર રહેલા ચેરમેન અશોક કોટેચા, ઉપાધ્યક્ષ યોગેશ મહેતા અને ડિરેક્ટર ચિરાગ પટેલનો પણ સમાવેશ થાય છે. સ્વામી બ્રહ્મવિહારીદાસે અબુ ધાબીમાં BAPS હિંદુ મંદિરનું નવીનતમ અપડેટ દર્શાવ્યું, તેની જટિલ કોતરણી અને સર્વસમાવેશક ભવ્યતા પર ભાર મૂકતા કહ્યું કે 'ઉદઘાટન સમારોહ એક મહાન પ્રસંગ હશે, આવનારા સમય માટે ઉજવણીની સહસ્ત્રાબ્દી ક્ષણ હશે.' જેમાં પીએમ મોદીએ ઉમેર્યું હતું કે, "તે વસુધૈવ કુટુંબકમના આદર્શને પ્રતિબિંબિત કરશે - એક આદર્શ આધ્યાત્મિક જગ્યા, જે માત્ર માન્યતાઓ અને પરંપરાઓમાં જડેલી નથી, પરંતુ વિવિધ સંસ્કૃતિઓનો સંગમ બની ઉઠશે. બન્ને સંતોએ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા લિખિત અંગત આમંત્રણમાં જડાયેલા પ્રેમ અને આધ્યાત્મિક ઉદ્દેશને વ્યક્ત કર્યો, નરેન્દ્રભાઈને 'પ્રમુખ સ્વામીના પ્રિયા પુત્ર મોદી સાહેબ' આમંત્રણ પત્રિકા પાઠવવામાં આવી. આ મુલાકાતની અંતિમ ક્ષણોમાં ભારતના આધ્યાત્મિક વિકાસ અને વૈશ્વિક આગેવાની માટે પ્રધાનમંત્રી શ્રી મોદીએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. પૂજ્ય સ્વામી ઈશ્વરચરણદાસ અને સ્વામી બ્રહ્મવિહારીદાસ બંનેએ વડાપ્રધાનના સ્વાસ્થ્ય અને તેઓના મહાન નેતૃત્વ અને દેશની સતત સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

મુસ્લિમ દેશમાં તૈયાર થયેલા આ મંદિરની ખાસિયત અંગે વાત કરવામાં આવે તો અંદાજે 700 કરોડના ખર્ચે ભવ્ય મંદિરનું નિર્માણકાર્ય થયું છે.

## જૈન ધર્મના 24 તીર્થંકરે લોકોને જીવન જીવવાનો માર્ગ બતાવ્યો :રાજ્યપાલ

ગુજરાત | વંદન

જૈન શાશ્વત તીર્થકર પાલિતાણામાં પ.પૂ. આચાર્ય જિનપિયૂષસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રા ખતરગચ્છ સમાજના ૧૦૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે ચાતુર્માસ, ઉપધાન, ૯૯ યાત્રા સહિતના અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. પાલિતાણામાં ખરતરગચ્છ સહસ્ત્રાબ્દી મહોત્સવના સમાપન સમારોહમાં રાજ્યપાલ અને દેશભરમાંથી લોકો સહભાગી થવા ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ તેમના વક્તવ્યમાં કહ્યુ હતું કે, સત્ય, અહિંસા, અસ્તેય અને અપરિગ્રહ જૈન ધર્મના મૂળ સિદ્ધાંતો છે અને આ સિદ્ધાંતો જ ભારતીય સંસ્કૃતિના પ્રાણ છે. આજના ભૌતિકવાદી યુગમાં જો કોઈ ધર્મ કે સંપ્રદાયે તેના મૂળભૂત સિદ્ધાંતો જાળવી રાખ્યા હોય તો આ સિદ્ધાંતો ક્યારેય જૂના નહિ થાય અને સદૈવ પ્રસ્તુત રહેશે.

જૈન ધર્મનાં ૨૪ તીર્થકરોએ ભારતીય સમાજની ગરિમા અને ગૌરવ વધારી લોકોને જીવન જીવવાનો માર્ગ દેખાડયો છે, અને તેમના જીવન પ્રશસ્ત બનાવ્યા છે. મહાવીર સ્વામીએ આપેલા સિદ્ધાંતો અને દર્શને લોકોના જીવન સરળ બનાવવાનું કામ કર્યું છે. આ ઉપરાંત આપણાં દેશની કલા, સંસ્કૃતિ, વાસ્તુ અને સાહિત્યને સમયાંતરે નવજીવન આપવાનું કામ આપણાં આચાર્યોએ કર્યું છે. વધુમાં ખરતરગચ્છ પ્રવર્તક આચાર્ય જિનેશ્વરસૂરિજીના સન્માનમાં રૂા.૧૦૦૦ના ચાંદીના સિક્કા અને ટપાલ ટિકિટનું અનાવરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં આચાર્ય ભગવંત જિનપિયૂષસાગરસૂરિશ્વરજી, સમ્યકરત્નસાગરજી, પાલિતાણાના ધારાસભ્ય સહિતના મહાનુભાવો અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

### રાજકોટમાં યોજાશે ગુજરાતનો સૌથી મોટો એક્ષ્પો

## 25 એકરમાં 7 થી 10 જાન્યુઆરીના ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ યોજાશે

### ટીમ સરદારધામ દ્વારા ચાલી રહી છે તડામાર તૈયારીઓ

ગુજરાત | વંદન

શહેરના નવા 150 ફુટ રીંગ રોડ, પરસાણા ચોક પર આગામી 7 થી 10 જાન્યુઆરી, 2024 એમ ચાર દિવસ માટે સરદારધામ દ્વારા યોજાશે અત્યારસુધીનો રાજ્યનો સૌથી મોટો બિઝનેસ એક્સ્પો - ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ - 2024. આ આયોજન માટે હાલ તડામાર તૈયારી ચાલી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના વિઝનને લઈને સરધારધામ દ્વારા ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનું આયોજન થતું હોય છે. 2018 તથા 2020 માં ગાંધીનગર, 2022 માં સુરતમાં યોજાયેલ સમિટ હવે




2024 માં રાજકોટમાં યોજાશે. ત્યારે હાલ તેના માટે સ્ટોલ - વિશાળ ડોમ - અલગ અલગ થીમ તથા વિશાળ એન્ટ્રી સહિત અનેક પ્રકલ્પો માટે તૈયારી ચાલી રહી છે.

ટીમ સરદારધામ દ્વારા દરરોજ અનેક મીટીંગ કરવામાં આવે છે અને અલગ અલગ વિભાગીય ટીમ બનાવી તૈયારી ચાલી રહી છે. સાંજ સમાચાર ની ટીમ ઈવેન્ટ સ્થળ પર પહોંચી હતી અને વિગતો મેળવી છે. આ ઈવેન્ટ 25 એકરમાં યોજાશે જે અત્યાર સુધી સૌથી મોટી ઈવેન્ટ ગણી શકાય. અહી 1100 જેટલા એક્ઝીબિટર્સ હશે જે કૃષિ, વાણિજ્ય, રિયલ એસ્ટેટ, જ્વેલરી, સિરામિક, આર્કિટેકટ, આઈટી - ટેકનોલોજી, સહિતના ક્ષેત્ર આધારિત હશે. અહીંયા 30 થી વધુ દેશો જેમને અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, થાયલેન્ડ, દક્ષિણ આફ્રિકા, ઓમાન, યુએઈ સહિતના દેશોમાંથી બાયર આવશે.

ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટમાં યુથ તથા મહિલા એમ્પાવરમેન્ટ, સ્ટાર્ટ અપ ઈન્ડિયા, એમ.એસ.એમ.ઈ ઉદ્યોગને વધુ સોર્સ મળે - ગ્લોબલ નેટવર્ક સાથે જોડાય તે હેતુથી આ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે.

## ચૈતર વસાવાનો કેસ ખુદ એમની જ પાર્ટી બગાડી રહી હોવાનો દાવો

ગુજરાત | વંદન

ભરૂચના સાંસદ મનસુખ વસાવા કોઈને કોઈ કારણથી સતત ચર્ચામાં રહેતા હોય છે. નર્મદા જિલ્લામાં સરકારી અધિકારીઓ પર આરોપ તો ક્યારેક જિલ્લામાં થતા ભ્રષ્ટાચારને લઈને બોલતા હોય છે.

હવે તેમણે AAPના ધારાસભ્ય ચૈતર વસાવાને લઈને મોટું નિવેદન આપીને AAP પર આરોપ લગાવ્યો છે. સાંસદ મનસુખ વસાવાએ કહ્યુ કે, ચૈતર વસાવાને AAP પાર્ટીના નેતાઓ આગળ કરીને કોર્ટમાં એનો કેસ બગાડી રહ્યાં છે.

સાંસદ આટલેથી ન અટક્યા અને વધુમાં ઉમેર્યું કે, 7 તારીખે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન ચૈતર વસાવાના સમર્થન માં આવી રહ્યા છે.

ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં એક સભાનું આયોજન કરવામાં આવ્યું છે. AAP પાર્ટી ચૈતર વસાવાને સમર્થન આપવા નહીં પણ પોતાની પાર્ટીને ગુજરાતમાં ઉંચી કરવાના પ્રયત્નો કરી રહી છે.

તેમણે કહ્યું, અરવિંદ કેજરીવાલ, ભગવંત માન, ઈસુદાન ગઢવી કે વકીલ ગોપાલ ઈટાલિયાને ચૈતર વસાવા માટે કોઈ લાગણી નથી. આ લોકો ભાજપને અને ભાજપ સરકારને બદનામ કરવાના ઉદ્દેશથી આવી રહ્યા છે અને AAP પાર્ટીને મજબૂત કરવા આવી રહ્યા છે. ચૈતર વસાવાનો આખો કેસ કોર્ટ કેસ છે. AAP પાર્ટીને રાતો રાત સપનું આવ્યું કે ભરૂચ લોકસભા જીતી જઈશું પણ એ લોકો ભૂલે છે ભરૂચની લોકસભા બેઠક ભાજપ જ જીતવાનું છે. AAP પાર્ટીના નેતાઓ લોકોને હવા ભરવા અને લોકોને ખોટી વાતોમાં ભરમાવા માટે આવી રહ્યા છે.

## દ્વારકાની ઘટના: પોલીસ સ્ટેશન પણ સલામત નથી, સરકારી જીપ ચોરાઈ

### 130 કિલોમીટર દૂર જીપ મળી આવી એકની ધરપકડ

ગુજરાત | વંદન

દ્વારકા પોલીસ સ્ટેશનના પ્રાંગણમાંથી સરકારી જીપની ચોરી થતાં આસપાસના જિલ્લાઓની પોલીસ દોડતી થઈ ગઈ હતી. પોલીસના ઘરમાં ચોરીની ઘટનાએ સમાચારમાં એક અલગ જ સ્થાન બનાવી લીધું. જો કે, જામનગર પોલીસે સરકારી જીપ ચોરી કરનારને પકડી લઈ દ્વારકા પોલીસને હવાલે કર્યો છે.

દ્વારકા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં પાર્ક કરાયેલી સરકારી જીપ આજે સવારે ગુમ થઈ હતી. ડ્રાઈવર પાર્કિંગ સ્થળે આવ્યો ત્યારે તેને પાર્ક કરેલી સરકારી બોલેરો મળી આવી ન હતી. થોડોક સમય આસપાસમાં તપાસ કરી સાથી કર્મચારી મિત્રોની મદદથી જીપ શોધવા પ્રયાસ પણ કર્યો, પરંતુ જીપ નહીં મળી આવતા પોલીસ સ્ટેશન ઈન્ચાર્જને મામલાની જાણ કરી. સમગ્ર મામલો દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતિશ પાંડેય પાસે પહોંચતા તેમણે તુરંત આસપાસની જિલ્લા પોલીસને ઘટનાની જાણ કરી. સાથે સાથે ઉચ્ચ IPS અધિકારીઓને પણ પોલીસની સરકારી જીપ ગુમ થઈ હોવાની જાણ કરી હતી.

દ્વારકા પોલીસના પાડોશી જામનગર પોલીસને જાણ થતાં LCB સહિતનો સ્ટાફ કામે લાગી ગયો. પોલીસે નેત્રમ ની મદદથી જામનગર જિલ્લામાં પ્રવેશતા અને બહાર જતાં વાહનોમાં પોલીસના વાહનો શોધવાની મહેનત શરૂ કરી દીધી. નેત્રમ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર માં મળેલા કેટલાંક સીસીટીવી ફૂટેજને આધારે દ્વારકા પોલીસની ચોરાયેલી જીપ અંબર ચોકડી પાસે હોવાની માહિતી મળી હતી. જામનગર પોલીસે તુરંત સ્થળ પર પહોંચી જઈ એક શખ્સને ચોરી કરેલી પોલીસ બોલેરો સાથે ઝડપી લીધો હતો.

જામનગર પોલીસને બોલેરો સાથે ચોર વિરપાલસિંહ ભૂપતસિંહ જાડેજા (રહે. ખંઢેરા, કાલાવાડ)ને ઝડપી લઈ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. સૂત્રોના જણાવ્યાનુસાર વિરપાલસિંહના મોબાઈલ ફોનમાંથી દ્વારકા જિલ્લા પોલીસની બોલેરો જીપ સાથેની રાત અને સવારના પાડેલી બે સેલ્ફી ફોટો મળી આવ્યા છે. આરોપી નશાની આદતવાળો હોવાનું હાલમાં જાણવા મળી રહ્યું છે. પોલીસે તેની પૂછપરછ કરી ચોરી કરવાનું કારણ જાણવાનો પ્રયાસ કરી રહી છે. પૂછપરછ દરમિયાન આરોપીએ ચોરી મામલે કહ્યું કે, ઉપરથી કીધું હતું

## હવે પાણીની બોટલને બદલે શ્રમિકો 1થી 3383 ફૂટ સુધી પાણીના કેરબા ચડાવશે

### ગિરનારની સીડી પર પાણીની બોટલ બંધ થશે, 600 કેરબાઓનું દુકાનદારોને વિતરણ

ગુજરાત | વંદન

ગિરનારને પ્લાસ્ટીક મુક્ત કરવાના ઉદ્દેશથી વહિવટી તંત્ર દ્વારા 120 દુકાનધારકોને 600 કેરબાઓનું વિતરણ કરવામાં આવ્યું છે. આજ સુધી ગિરનારની સીડી પર પાણીની બોટલના કેરટ શ્રમિકો દ્વારા સીડી ઉપરની અલગ-અલગ દુકાનોમાં પહોંચાડવામાં આવતા હતા. હવે શ્રમિકોએ પાણીના કેરબાઓ ભરીને દુકાનો સુધી પહોંચાડવાના રહેશે.

ગિરનાર પર્વતની સમુદ્ર સપાટીથી 3383 ફુટ ઉંચાઈ આવેલી છે. પર્વત પર અનેક ધાર્મિક સ્થાનો હોવાથી વર્ષ દહાડે લાખોની સંખ્યામાં યાત્રિકો આવે છે. જેના કારણે મોટી માત્રામાં પ્લાસ્ટીકનો ઉકરડો થાય છે. સીડીની બંને બાજુ અભયારણ્ય આવેલું હોવાથી પ્લાસ્ટીક સીધુ જંગલમાં જાય છે. પ્લાસ્ટીકથી જંગલને દુષિત થાય છે. આ અંગેની હાઈકોર્ટની ટકોર બાદ તંત્ર દ્વારા ગિરનાર પર પ્લાસ્ટીક ન જાય તે માટેના પ્રયાસો કરવામાં આવે છે. પાણીની પ્લાસ્ટીકની બોટલને બદલે કેરબાઓમાંથી પાણીનું વેંચાણ કરવામાં આવશે. દરેક દુકાનદારને પાંચ-પાંચ કેરબાઓ આપવામાં આવ્યા છે. દુકાનદારોએ નીચેથી શ્રમિકો દ્વારા પાણી ઉપર સુધી મંગાવાનું અને ત્યારબાદ યાત્રિકોને વેંચવાનું રહેશે. આજે જીલ્લા વહિવટી તંત્ર અને ધારાસભ્ય સહિતનાઓની ઉપસ્થિતિમાં કેરબાઓનું વિતરણ કરવામાં આવ્યું છે. આ અંગે તંત્રના અધિકારીઓએ ગિરનારની ભૂમિની પવિત્રતા સચવાય અને પર્યાવરણનું સંતુલન જળવાય તે દિશામાં સહકાર આપવા અપીલ કરી હતી.

## કુડાસણની શાળાનો વિદ્યાર્થી લાપતા પોલીસે અપહરણનો ગુનો દાખલ કર્યો

ગુજરાત | વંદન

ગાંધીનગર શહેર નજીક કુડાસણની શાળામાં ધોરણ સાતમાં અભ્યાસ કરતો અને હોસ્ટેલમાં રહેતો વિદ્યાર્થી ગઈકાલે બપોરે શાળાએથી હોસ્ટેલ નહીં પહોંચતા દોડધામ મચી ગઈ છે. આ મામલે દ્વારકામાં રહેતા તેના પરિવારજનોને જાણ કરવામાં આવતા ઈન્ફોસીટી પોલીસ મથકમાં અપહરણનો ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે. જેના આધારે પોલીસે આ વિદ્યાર્થીની શોધખોળ શરૃ કરી છે. આ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે સૌરાષ્ટ્રના દ્વારકા પાસેના ગામમાં રહેતો ૧૨ વર્ષીય વિદ્યાર્થી ગાંધીનગર શહેર નજીક સરગાસણની હોસ્ટેલમાં રહેતો હતો અને નજીકમાં જ આવેલી શાળામાં ધોરણ સાતમાં અભ્યાસ કરતો હતો. નિત્યક્રમ મુજબ બપોરે શાળાએથી છૂટીને વિદ્યાર્થી હોસ્ટેલમાં પહોંચતો હતો પરંતુ ગઈકાલે બે વાગ્યા સુધી તો હોસ્ટેલ ઉપર નહીં પહોંચતા વોર્ડન દ્વારા તેની શોધખોળ કરવામાં આવી હતી પરંતુ તેનો કોઇ પત્તો નહીં લાગતા આ વિદ્યાર્થીના પિતાને જાણ કરવામાં આવી હતી. જેથી તેઓ તાત્કાલિક ગાંધીનગર આવી પહોંચ્યા હતા અને શાળામાં તેમજ તેની સાથે અભ્યાસ કરતા અન્ય વિદ્યાર્થીઓના ઘરે જઈને તેમના પુત્ર બાબતે પૂછપરછ કરી હતી પરંતુ મોડી રાત સુધી આ વિદ્યાર્થીનો કોઈ પતો લાગ્યો ન હતો. જેના પગલે પિતા દ્વારા આ મામલે ગાંધીનગર ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં અપહરણનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## વાઘોડિયાને નવી નગરપાલિકા બનાવવા મુખ્યમંત્રીની જાહેરાત

### ત્રણ ગ્રામ પંચાયતો એકત્રિત કરી નવી નગરપાલિકાની રચના થશે

ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરા જિલ્લાના વાઘોડિયાને નવી નગરપાલિકા બનાવવાની મંજૂરી આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની નજીકના વિસ્તારમાં આવેલી વાઘોડિયા ઉપરાંત માડોધર અને ટીંબી ગ્રામ પંચાયતોને એકત્રિત કરી આ નવી વાઘોડિયા નગરપાલિકા બનાવવામાં આવશે.વાઘોડિયા, માડોધર અને ટીંબી ગ્રામ પંચાયતો વડોદરા મહાનગરપાલિકાના વિકસિત ગણાતા વાઘોડિયા રોડથી નજીકની ગ્રામ પંચાયતો છે. એટલું જ નહીં, આ ગ્રામ પંચાયતોના વિસ્તારમાં મોટા ઉદ્યોગો, GIDC અને શૈક્ષણિક સંસ્થાઓ પણ આવેલી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકાસની આ ગતિને ધ્યાને લઈને શહેરી વિકાસ વિભાગ દ્વારા વાઘોડિયાને નગરપાલિકા બનાવવા કરેલી દરખાસ્તને અનુમોદન આપ્યું છે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, બંધારણની જોગવાઈઓ અનુસાર જે તે વિસ્તારની વસ્તી, વસ્તીની ઘનતા અને સ્થાનિક વિસ્તારની આવક અને ભૌગોલિક પરિબળોને ધ્યાનમાં લઈ ગ્રામ પંચાયતો તથા આઉટગ્રોથ વિસ્તારોને નગરપાલિકામાં ભેળવવાની રાજ્ય સરકારને સત્તા મળેલી છે.

આ સંદર્ભમાં રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે રિજીયોનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ-વડોદરા ઝોન, વડોદરા જિલ્લા કલેક્ટર અને વડોદરા મ્યુનિસિપલ કમિશનરના સકારાત્મક અભિપ્રાય સાથે મળેલી દરખાસ્ત મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂ કરી હતી.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાઘોડિયાને નવી નગરપાલિકા બનાવવાની દરખાસ્ત મંજૂર કરતાં હવે આ વિસ્તારને શહેરી સુખાકારી સુવિધાના વ્યાપક લાભ મળશે અને ઈઝ ઓફ લિવિંગમાં પણ વૃદ્ધિ થશે.

અનુસંધાન પેજ 1 પરથી...

### વિશ્વભરમાં...

મુખ્ય કારણ જાહેર આરોગ્ય, પોષણ, સ્વચ્છતા અને દવામાં થયેલા સુધારાને ગણાવ્યું હતું.

ગયા વર્ષે જાહેર કરાયેલા સંયુક્ત રાષ્ટ્રના અહેવાલ મુજબ, વૈશ્વિક વસ્તી સાતથી આઠ અબજ થવામાં 12 વર્ષ લાગ્યા છે, જ્યારે 2037 સુધીમાં તે 9 અબજ સુધી પહોંચી જશે. રિપોર્ટ અનુસાર વૈશ્વિક વસ્તીનો એકંદર વિકાસ દર ધીમો પડી રહ્યો છે. ઘણા દેશોમાં પ્રજનનક્ષમતા 1950 ના દાયકાથી સૌથી ધીમી વૃદ્ધિ દરે ઘટી છે. 1950 પછી વસ્તી સૌથી ધીમી ગતિએ વધી રહી છે. વર્ષ 2020માં તેમાં એક ટકાથી પણ ઓછો ઘટાડો થયો છે. 2023 સુધીમાં ચીનને પાછળ છોડી દેશે ભારત ચીનને પાછળ છોડીને 2023 સુધીમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની જશે. 2080ની આસપાસ વિશ્વની વસ્તી 1040 કરોડ થવાનો અંદાજ છે.

### કેન્સર પીડિતો...

સારવારમાં થાય છે. આ એન્ટીમેટાબોલાઈટ્સ નામની દવાઓના વર્ગ સાથે સંકળાયેલો છે જે કેન્સરના કોષોને વધતાં અટકાવે છે. ટાટા મેમોરિયલ હોસ્પિટલના ચાઈલ્ડ મેડિકલ ઓન્કોલોજી વિભાગના પ્રમુખ ડૉ. ગિરીશ ચિન્નાસ્વામીએ કહ્યું કે પ્રીવેલનું લોન્ચિંગ એક મોટી પ્રગતિ છે જે બાળકો માટે વધુ અનુકૂળ રહેશે. હાલમાં બાળકોને ટેબલેટ આપવામાં આવતી હતી. પ્રીવેલને દવા નિયામક CDSCO દ્વારા માન્યતા મળી ગઈ છે.

આપણે જ્યારે કેન્સરની સારવાર વિશે વિચારીએ છીએ તો પહેલી વસ્તુ ધ્યાનમાં આવે છે એ છે કીમોથેરેપી. કેન્સરમાં કીમોથેરેપી ફરજિયાત રીતે આપવામાં આવતી એક સારવાર છે જેમાં દવાઓની મદદથી કેન્સરના કોષોને ઝડપથી નષ્ટ કરાય છે.

કીમોથેરેપીમાં સામાન્ય રીતે રેડિયોથેરેપી, સર્જરીથી ટ્યુમરને હટાવવા, લક્ષિત દવાઓ વગેરે સામેલ છે. કીમો મોટાભાગે ઈન્ટ્રાવેનસ (નસના માધ્યમથી લોહીમાં) ઈન્જેક્શન તરીકે અને ક્યારેક ક્યારેક મોં વાટે લેવાતી દવાઓ તરીકે અપાય છે. કેન્સરની સારવાર માટે પહેલીવાર 1940માં કીમોથેરેપી અપાઈ હતી. હવે નવી સીરપ મળી જતાં લોકોને નસ દ્વારા અપાતી કીમોથેરેપીથી મુક્તિ મળી શકે છે. એટલે કે હવે તેમાં પીડા કે અસહજતાની સ્થિતિ પેદા નહીં થાય. હજુ તેની કિંમત વિશે ખુલાસો નથી કરાયો પણ અપેક્ષા મુજબ તેની કિંમત ઓછી હશે.

### જમીન કૌભાંડ...

મુજબ સોરેનને મંગળવારે સવારે 11 વાગ્યે હિન્નુ વિસ્તારમાં ફેડરલ એજન્સીની પ્રાદેશિક ઓફિસમાં લઈ જવામાં આવ્યા હતા. તેમને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ હાજર થવા અને તેમનું નિવેદન નોંધવા માટે કહેવામાં આવ્યું હતું.

### પાકિસ્તાને આતંકી...

જો કે, આ બાબતોના નિષ્ણાતો કહે છે કે આવા ડ્રાફ્ટ કરારની ગેરહાજરીમાં પણ પ્રત્યાર્પણ શક્ય છે. સઈદની આગેવાની હેઠળના જમાત-ઉદ-દાવા (JUD) એ લશ્કર-એ-તૈયબા (LET) નું ફ્રન્ટ સંગઠન છે. લશ્કર-એ-તૈયબા 2008ના મુંબઈ હુમલા માટે જવાબદાર છે, જેમાં છ અમેરિકનો સહિત 166 લોકો માર્યા ગયા હતા

અનુસંધાન પેજ 10પરથી...

### પ્રદૂષણને રોકવા...

આ પ્રોટીન છોડના મૂળ માટે એક પ્રકારની સીલંટ તરીકે કામ કરે છે, જે પ્રવાહને નિયંત્રિત કરે છે અને તેને રોકી પણ શકે છે. સંશોધકોનું કહેવું છે કે આનાથી એવા પાકોનો વિકાસ થઈ શકશે જે હવામાન પરિવર્તનનો પ્રતિકાર કરી શકે. આ સિવાય તેમને ઓછું પાણી અને ઓછા રાસાયણિક ખાતરની જરૂર પડશે.

જમીનમાંથી પાણી અને પોષક તત્વોને શોષવા ઉપરાંત છોડના મૂળ પણ છોડમાં સંતુલન જાળવવાનું કામ કરે છે. આ નિયંત્રણ એવા સ્થાને થાય છે, જે છોડના મૂળની પેશીઓનો એક સ્તર છે. આ એન્ડોડર્મિસમાં ડીટરજન્ટ પ્રોટીન જોવા મળે છે. એન્ડોડર્મિસમાં એક પ્રકારનો "અવરોધ" છે જે પાણી અને તેમાં ઓગળેલા પદાર્થોની હિલચાલને અટકાવે છે.

આ અવરોધ લિગ્નિનથી બનેલો છે, આ પદાર્થ લાકડામાં પણ હાજર છે. આ અભેદ્ય અવરોધ મૂળમાં પદાર્થોના અનિયંત્રિત પ્રવાહને અટકાવે છે. આ કરવા માટે તે કોષો વચ્ચે મજબૂત સીલ બનાવે છે. આ સીલ સુનિશ્ચિત કરે છે કે માત્ર પોષક તત્વો અને પાણી જ મૂળ સુધી આવી શકે છે.

અનુસંધાન પેજ 12 પરથી...

### 2 ફેબ્રુઆરીએ...

રાખવામાં આવી છે. જે અંતર્ગત સરકારી વિધેયકો તેમજ સરકારી કામકાજના પ્રશ્નોની ચર્ચા થશે. વિધાનસભા સત્ર દરમિયાન દિવસના પ્રથમ એક કલાક દરરોજ પ્રશ્નોત્તરી માટેનો રહેશે. જ્યારે વિધાનસભા સત્ર દરમ્યાન કામકાજના ૨૪ દિવસ રહેશે.

### આપ નેતા...

ઈશ્યૂ કરવા અરજી કરી હતી. આ મામલે વધુ સુનાવણી 11મી જાન્યુઆરીએ યોજવામાં આવશે અને તે દિવસે કેસમાં પુરાવા લેવાની કાર્યવાહી થશે.

ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવ ડો.પીયૂષ પટેલે આપના નેતા અરવિંદ કેજરીવાલ અને સંજયસિંહ વિરુદ્ધ અત્રેની મેટ્રોપોલિટન કોર્ટમાં કરેલી બદનક્ષીની ફરિયાદના કેસમાં મેટ્રોપોલિટન કોર્ટે બંને વિરુદ્ધ સમન્સ જારી કર્યા હતા. જોકે, છેલ્લા ઘણા મહિનાથી આ બન્ને નેતા કોર્ટ સમન્સ અને નિર્દેશ છતાં અદાલત સમક્ષ હાજર થયા નથી. દર મુદતે તેમના વકીલ તરફથી મુક્તિ અરજી આપી વધુ એકવાર મુદત માગી લેવામાં આવે છે. આજે પણ કેજરીવાલ અને સંજયસિંહ હાજર રહ્યાં ન હતા. કેજરીવાલના વકીલે મુદત અરજી આપતા કોર્ટે ગ્રાહ્ય રાખી હતી. જ્યારે સંજય સિંહના એડવોકેટે એવી રજૂઆત કરી હતી કે, તેઓ તિહાર જેલમાં બંધ છે તેથી અમને કેસ ચલાવવા સહિતના મુદ્દે કોઈ જ સુચના નથી. ફરિયાદ પક્ષે એડવોકેટ અમિત નાયરે આરોપી સામે વોરંટ ઈશ્યૂ કરવા અરજી કરી એવી રજૂઆત કરી હતી કે, આ કેસના સાક્ષી સહિતના લોકો કોર્ટમાં જુબાની માટે છેલ્લા ઘણી મુદતથી હાજર છે. આરોપીઓ યેનકેન પ્રકારે હાજર રહેવાનું ટાળી રહ્યાં છે, અગાઉ કોર્ટે ઘણી વાર સમય પણ આપ્યો છે પરંતુ તેઓ હાજર રહ્યાં નથી ત્યારે હવે વોરંટ ઈશ્યૂ કરવું જોઈએ.

### હાટકેશ્વર બ્રિજ...

જોગવાઈ છે. જુલાઈ મહિનામાં મળેલી સ્ટેન્ડિંગ કમિટીમાં બ્રિજનાં કોન્ટ્રાક્ટર અજય એન્જિનિયરિંગ ઈન્ફ્રાને મ્યુનિ.એ 10 વર્ષ માટે બ્લેક લિસ્ટ કરવાની સાથે તેના ખર્ચે બ્રિજ બનાવવાની દરખાસ્તને મંજૂર કરાઈ હતી.

આ વખતે પણ ગુજરાતના કોઈ કોન્ટ્રાક્ટર ટેન્ડરમાં રસ દાખવે તેવી શક્યતા ઓછી છે. ગુજરાત બહારના કોન્ટ્રાક્ટરો ટેન્ડર ભરે તેવી આશા છે. હાટકેશ્વર બ્રિજને 50.88 કરોડના ખર્ચે બનાવી નવેમ્બર 2017માં લોકો માટે ખુલ્લો મુકાયો હતો. જોકે, ચાર વર્ષમાં જ ગાબડાં પડવાના શરૂ થઈ ગયા હતા અને બ્રિજ વારંવાર બંધ કરવો પડતો હતો. બ્રિજમાં હલકી ગુણવત્તાના મટીરિયલનો ઉપયોગ થયો હોવાનું પુરવાર થયા પછી તેના 8 સ્પાન તોડી પાડીને નવેસરથી બનાવવાનો નિર્ણય લેવાયો હતો.

### આગામી 9થી...

ગ, ઘ, ચ, ખ અને જિલ્લા પંચાયતથી સેક્ટર 17 અને સેક્ટર 16 તરફ જતા રસ્તા પર પણ નો પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. સર્કિટ હાઉસથી ઝીમ ખાના તરફ અને જિલ્લા પંચાયત તરફનો રોડ નો પાર્કિંગ ઝોન જાહેર કરાયા છે. આ જાહેરનામાં મુજબ સેન્ટ્રલ વિસ્તારનો રોડ પણ નો પાર્કિંગ ઝોન રહેશે. શહેરમા રોડ નંબર 7 સુધી તમામ ભારે વાહનો માટે પ્રતિબંધિત રહેશે. સવારે 6થી રાતના 11 વાગ્યા સુધી ભારે વાહનો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, જ રોડ પણ આમ જનતા માટે પ્રતિબંધિત કરાયો છે

### રાજ્યના 11 જિલ્લાના...

11 જિલ્લાના સેન્ટરો પર પરીક્ષા લેવાનું આયોજન થશે.

રાજ્ય સરકારે વર્ગ-3ની ભરતી માટેના નિયમોમાં કેટલાક ફેરફાર કર્યા છે જેમાં હવે જૂનિયર ક્લાર્કની પરીક્ષા મલ્ટીપલ ચોઈસ ક્વેશ્ચન (MCQ) પદ્ધતિથી લેવામાં આવશે. વધુમાં હેડક્લાર્ક, ઓફિસ આસિસ્ટન્ટ સહિત વિવિધ 21 સંવર્ગની ભરતી માટે મુખ્ય લેખિત પરીક્ષા લેવામાં આવે તેવો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. આ અંગે સરકાર દ્વારા સત્તાવાર નોટિફિકેશન પણ બહાર પાડવામાં આવ્યું છે. અગાઉ વર્ગ-3ની ભરતી માટે ફક્ત એક જ વાર પરીક્ષા લેવમાં આવતી હતી અને પરિણામ જાહેર થતા જ સીધી ભરતી કરીને ઓર્ડર આપી દેવાતા હતા, જો કે હવે આમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે.

### ફ્રાન્સ ઈફેક્ટ :...

થઈને અમેરિકા જવા નીકળ્યાં હતાં, પરંતુ તેમના પાસપોર્ટ પર લાગેલા ક્યૂબાના વિઝા સ્ટીકર શંકાસ્પદ લાગતા તેમને ઈજિપ્તથી ડિપોર્ટ કરાયા હતા અને દિલ્હીમાં તેમની સામે પોલીસ ફરિયાદ પણ દાખલ થઈ હતી, પરંતુ એજન્ટે જ વકીલ રોકીને આ બંનેને જેલમાંથી છોડાવી લીધા હતા. તેવી જ રીતે ઈલીગલી અમેરિકા જઈ રહેલા અમદાવાદના એક કપલને ઈરાનમાં બંધક બનાવી તેમનું ટોર્ચર કરાયું હતું, પરંતુ ખાસ્સો ચગેલો તે મામલો પણ પાછળથી રફેદફે થઈ ગયો હતો.

# 2000ની નોટથી UPI સુધી, વર્ષ 2023માં બેંકિંગ સિસ્ટમમાં આવ્યાં 4 મોટા ફેરફારો

ગુજરાત વંદન |વર્ષનો અંતિમ મહિનો પૂરો થવામાં માત્ર થોડા દિવસ બાકી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ દેશમાં ઘણા ફેરફારો થયા છે, જેની સીધી અસર સામાન્ય માણસ પર પડી છે. વર્ષ 2023 માં, ભારતીય રિઝર્વ બેંકે બેંકિંગ સિસ્ટમમાં ઘણા મોટા ફેરફારો કર્યા. 2,000 રૂપિયાની નોટ ચલણમાંથી પાછી ખેંચી લેવાથી, UPIમાં ઘણા મોટા ફેરફારો થયા છે. તાજેતરમાં RBIએ UPIના નિયમોમાં પણ ફેરફાર કર્યા છે. આવી સ્થિતિમાં, ચાલો તમને વિગતવાર જણાવીએ કે આ વર્ષે બેંકિંગ સિસ્ટમમાં શું બદલાવ આવ્યો છે...

## 2000 રૂપિયાની નોટ ચલણમાંથી બહાર

આ વર્ષે 19 મેના રોજ RBIએ 2000 રૂપિયાની નોટ પર મોટો નિર્ણય લીધો હતો. જે બાદ સમગ્ર દેશમાં હોબાળો થયો હતો. 19 મે, 2023ના રોજ 2,000 રૂપિયાની નોટ ચલણમાંથી બહાર કાઢવામાં આવી હતી. એટલે કે આ નોટો હવે રિઝર્વ બેંકમાં છાપવામાં આવતી નથી. સેન્ટ્રલ બેંકે તેની પાછળ ક્લીન નોટ પોલિસીનો ઉલ્લેખ કર્યો હતો. જો કે રૂ. 2,000ની નોટોને ગેરકાયદેસર બનાવવામાં આવી નથી, તે હજુ પણ કાનૂની ટેન્ડર તરીકે માન્ય છે. 2000 રૂપિયાની નોટો પરત કરવા અથવા બદલવા માટે લગભગ 4 મહિનાનો સમય આપવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં 97 ટકા નોટો RBIને પરત કરવામાં આવી છે.




## અસુરક્ષિત લોન પર RBIની કાર્યવાહી

રિઝર્વ બેંકના આ નિર્ણયને કારણે તમારા ખિસ્સા પર વધુ બોજ પડશે. આગામી દિવસોમાં લોકોને ક્રેડિટ કાર્ડ મેળવવામાં કે ગ્રાહક લોન લેવામાં કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. હકીકતમાં, આરબીઆઈએ હવે બેંકો અને નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ માટે ગ્રાહક ક્રેડિટ લોનના જોખમ વેઈટેજમાં 25 ટકાનો વધારો કર્યો છે. આનો અર્થ એ થયો કે અસુરક્ષિત લોન ડૂબી જવાના ભયને ધ્યાનમાં રાખીને, બેંકોએ હવે પહેલા કરતા 25 ટકા વધુ જોગવાઈ કરવી પડશે. અત્યાર સુધી બેંકો અને NBFCs માટે ગ્રાહક ધિરાણનું જોખમ વેઈટેજ 100 ટકા હતું, જે હવે વધારીને 125 ટકા કરવામાં આવ્યું છે.


## UPIમાં લિમિટ વધી

આ વર્ષે રિઝર્વ બેંકે UPI પેમેન્ટની ટ્રાન્ઝેક્શન લિમિટ વધારી છે. UPI ટ્રાન્ઝેક્શન લિમિટ 1 લાખ રૂપિયાથી વધારીને 5 લાખ રૂપિયા કરવામાં આવી છે. જો કે, આ સુવિધા હોસ્પિટલો અને શાળા-કોલેજોમાં UPI ટ્રાન્ઝેક્શન માટે આપવામાં આવી છે.

**રેપો રેટ એપ્રિલથી વધ્યો નથી**| રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા એપ્રિલથી આયોજિત તમામ નાણાકીય નીતિ બેઠકોમાં રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. રેપો રેટ હાલમાં 6.5 ટકા છે. રેપો રેટમાં છેલ્લી વખત ફેબ્રુઆરી 2023માં વધારો કરવામાં આવ્યો હતો. સરળ શબ્દોમાં કહીએ તો, મોંઘવારી અને લોકોના ખિસ્સાને ધ્યાનમાં રાખીને, RBIએ EMIની કિંમતમાં વધારો કર્યો નથી.

# અદાણીએ ખરીદી વધુ એક કંપની 3000 કરોડ રૂપિયાનું કરશે રોકાણ

ગુજરાત | વંદન




ભારતના દિગ્ગજ ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વધુ એક કંપની ખરીદવા જઈ રહ્યા છે. અદાણી ગ્રુપની કંપની અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડ જે પહેલા અદાણી ટ્રાન્સમિશન તરીકે ઓળખાતી હતી તેણે હળવદ ટ્રાન્સમિશન લિમિટેડમાં 100 ટકા હિસ્સો ખરીદવા માટે શેર ખરીદી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. અદાણી એનર્જી સોલ્યુશન્સ આ કંપનીને PFC કન્સલ્ટિંગ લિમિટેડ પાસેથી ખરીદી રહી છે.

આ સમાચાર સામે આવ્યા બાદ અદાણી એનર્જી સોલ્યુશન્સના શેર લગભગ 3 ટકા વધીને 1082.40 રૂપિયા થયા હતા. હળવદ ટ્રાન્સમિશન લિમિટેડ એક સ્પેશિયલ પર્પઝ વ્હિકલ છે, તે PFC કન્સલ્ટિંગ લિમિટેડ દ્વારા બનાવવામાં આવ્યું હતું. તેનો ઉદ્દેશ્ય ફેઝ 3 ભાગ A પેકેજ હેઠળ ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્કમાંથી 7 GW પુનઃપ્રાપ્ય ઊર્જાનું પરિવહન કરવાનો હતો. અદાણી એનર્જી સોલ્યુશન્સે એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું છે કે, અદાણી ગ્રુપની કંપનીએ ટેરિફ બેઝ્ડ કોમ્પિટિટિવ બિડિંગ પ્રક્રિયા દ્વારા પ્રોજેક્ટ જીત્યો છે અને કંપની આગામી 24 મહિનામાં પ્રોજેક્ટને ચાલુ કરશે. CNBC-TV 18ના એક રિપોર્ટમાં આ વાત કહેવામાં આવી છે.

# ઝોમાટોને આ વખતે ઓનલાઇન ફૂડ ઓર્ડર નહી પણ મળી નોટિસ

- જીએસટીએ કરી માંગણી- 402 કરોડના હિસાબનો કરો ખુલાસો

ગુજરાત | વંદન




ઓનલાઈન ફૂડ ઓર્ડર કરવાનો સમય આવે તો લગભગ લોકોના મનમાં સૌથી પહેલા ઝોમાટો એપ્લિકેશન આવે, એવામાં હવે આ ફૂડ ડિલવરી પ્લેટફોર્મને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. ઝોમાટો ને જીએસટી તરફથી કારણ જણાવો નોટિસ ફટકારવામાં આવી છે. જીએસટી ની આ નોટિસ 400 કરોડ કરતાં પણ વધુની છે.

કંપનીએ કહ્યું કે તેને આ GST નોટિસ 26 ડિસેમ્બરે મળી હતી. નોટિસમાં ઝોમાટો પાસેથી રૂ. 402 કરોડના બાકી ટેક્સની માંગ અંગે જવાબ માંગવામાં આવ્યો છે. ઓનલાઈન ફૂડ ડિલિવરી ફર્મે સ્ટોક એક્સચેન્જોને જાણ કરી છે કે તેને GSTની કલમ 74(1) હેઠળ કારણ બતાવો નોટિસ મળી છે.

ઝોમાટોએ કહ્યું કે કારણ બતાવો નોટિસમાં, કંપનીએ સમજાવવું પડશે કે 29 ઓક્ટોબર, 2019 થી 31 માર્ચ, 2022ના સમયગાળા માટે વ્યાજ અને દંડ સાથે રૂ. 401.70 કરોડની કથિત કર જવાબદારીની માંગ કેમ ન કરવી જોઈએ. Zomatoએ કહ્યું કે તે કારણ બતાવો નોટિસનો યોગ્ય જવાબ ફાઈલ કરશે.

GST વિભાગ ફૂડ ડિલિવરી કંપનીઓ પાસેથી ફૂડ ડિલિવરી ચાર્જના નામે ગ્રાહકો પાસેથી વસૂલવામાં આવતા ચાર્જ પર ટેક્સની માંગ કરી રહ્યું છે, ટેની સામે Zomato માને છે કે તે ડિલિવરી ચાર્જ પર કોઈ ટેક્સ ચૂકવવા માટે જવાબદાર નથી. આ કારણ છે કે ડિલિવરી ચાર્જ ડિલિવરી ભાગીદારો દ્વારા એકત્રિત કરવામાં આવે છે.

ગયા મહિને એવી માહિતી મળી હતી કે ડાયરેક્ટોરેટ જનરલ ઑફ GST ઈન્ટેલિજન્સ (DGGI) એ Zomato અને Swiggyને ડિમાન્ડ નોટિસ મોકલી છે. જેમાં ઝોમેટોને રૂ. 400 કરોડનો બાકી ટેક્સ ચૂકવવા અને સ્વિગીને રૂ. 350 કરોડનો બાકી ટેક્સ ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું. અંદાજિત GST માંગની ગણતરી દરેક ફૂડ ઓર્ડર પર બંને કંપનીઓ દ્વારા મેળવેલા ડિલિવરી ચાર્જના આધારે કરવામાં આવી હતી.

### નવા વર્ષમાં પણ મુકેશ અંબાણીની ખરીદી ચાલુ રહેશે


# રિલાયન્સ જિયો વોલ્ટ ડિઝની કંપની ખરીદશે

- Netflix અને Amazonના કારોબાર પર પડશે સીધી અસર

ગુજરાત | વંદન

મુકેશ અંબાણી રિલાયન્સ જિયો તરફથી વોલ્ટ ડિઝની ખરીદવા જઈ રહ્યા છે. આ ડીલ જાન્યુઆરીના અંત સુધીમાં અથવા ફેબ્રુઆરીમાં પૂર્ણ થઈ જશે. આ એક નોન બિડિંગ એગ્રીમેંટ હશે. આ એગ્રીમેંટ હેઠળ ડિઝની હોટસ્ટારના ઈંડિયા મીડિયા ઓપરેશનને ખરીદવામાં આવશે. આ ડીલ પછી રિલાયન્સ પાસે 51 ટકા ભાગીદારી હશે અને ડિઝની હોટસ્ટાર પાસે 49 ટકા ભાગીદારી હશે.

ડિઝની પ્લસ હોટસ્ટાર જિયો સિનેમાને ટક્કર આપી રહ્યું હતું, જેથી જિયો સિનેમાએ ડિઝની પ્લસ હોટસ્ટાર પાસે IPL રાઈટ્સ લઈ લીધા હતા. ત્યારપછી ડિઝની પ્લસ હોટસ્ટારે જિયો સિનેમા પાસેથી એશિયા કપ અને ક્રિકેટ વર્લ્ડ કપના રાઈટ્સ ખરીદી લીધા હતા. હવે મુકેશ અંબાણીની કંપની ડિઝની પ્લસ હોટસ્ટાર ખરીદી રહી છે. ડિઝની પ્લસ હોટસ્ટારને ખૂબ જ નુકસાન થઈ રહ્યું હતું. IPL અને ફીફા વર્લ્ડ કપ પછી હોટસ્ટાર સબસ્ક્રાઈબર સંખ્યામાં ઘટાડો થયો હતો.




આ ડીલ પછી જિયો સિનેમા અને ડિઝની પ્લસ હોટસ્ટારનું મર્જર થઈ જશે. આ સિંગલ એપ્લિકેશનમાં બંને એપના કન્ટેન્ટ એક્સેસ કરી શકાશે. ડિઝની પ્લસ હોટસ્ટારના ગ્રાહક જિયો સિનેમામાં શિફ્ટ થઈ જશે. જિયો સિનેમા તરફથી નવા સબ્સ્ક્રિપ્શન જાહેર કરવામાં આવી શકે છે. સિંગલ રિચાર્જ પ્લાનથી યૂઝર્સના પૈસા પણ બચી જશે. જિયો સિનેમા અને ડિઝની પ્લસ હોટસ્ટારના મર્જરથી જિયો એન્ટરટેઈનમેન્ટ, સોની, નેટફ્લિક્સ અને એમેઝોન પ્રાઈમ સાથે જબરદસ્ત ટક્કર થશે.

નેટફ્લિક્સ અને એમેઝોન પ્રાઈમનું ટેન્શન વધી શકે છે. જિયો સિનેમા તરફથી સસ્તા પ્લાન રજૂ કરવામાં આવી શકે છે. જિયો રિચાર્જની સાથે સસ્તા એડ ઓન પ્લાન પણ રજૂ કરવામાં આવી શકે છે. જેથી જિયો ટેલિકોમ યૂઝર્સની સાથે સાથે OTT યૂઝર્સને પણ ટાર્ગેટ કરશે.

# Paytmએ 1000થી વધુ લોકોની છટણી કરી, RBIની નવી ગાઈડલાઈન્સ બની કારણ

ગુજરાત | વંદન

દેશના સૌથી મોટા ડિજિટલ પ્લેટફોર્મ પૈકીના એક Paytmમાંથી 1000થી વધુ લોકોને નોકરીમાંથી બરતરફ કરી દેવાયા છે. Paytmની પેરેન્ટ કંપની એ 1000થી વધુ લોકોને તેમની નોકરીમાંથી કાઢી મૂક્યા છે. છેલ્લા કેટલાક મહિનામાં કંપનીના વિવિધ એકમોમાંથી છટણી કરવામાં આવી છે.

એવું માનવામાં આવે છે કે Paytmએ 'Buy Now Pay Later'ની સેવા બંધ કરવા અને નાના કદની લોન આપવાના વ્યવસાયમાંથી બહાર આવવાને કારણે આ છટણી કરી છે. RBIએ દેશમાં વધતી જતી અસુરક્ષિત લોનને ઘટાડવા માટે નવી ગાઈડલાઈન બહાર પાડી હતી. આ પછી, બેંકો દ્વારા ક્રેડિટ કાર્ડ જારી કરવા, વ્યક્તિગત લોનનું વિતરણ કરવા અને મોટાભાગની ઈલેક્ટ્રોનિક્સ ખરીદવા માટે ઉપયોગમાં લેવાતી 'બાય નાઉ પે લેટર' સેવાને અસર થઈ છે.

Paytmમાં આ છટણી ડિજિટલ કંપનીઓમાં આ વર્ષની સૌથી મોટી છટણી છે. આ કંપનીના કુલ કર્મચારીઓના લગભગ 10 ટકા છે. મોટાભાગની છટણી લોન બિઝનેસ યુનિટમાંથી થવાની શક્યતા છે. જોકે, Paytm દ્વારા હજુ સુધી આ છટણી અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી.

## Googleમાંથી પણ 30,000 લોકોની કરાશે છટણી

આ દરમિયાન એક સમાચાર વિશ્વના સૌથી મોટા સર્ચ એન્જિન Google સાથે પણ જોડાયેલા છે. ગૂગલે તેની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઝડપથી વિકસાવી છે, જેના કારણે તે આગામી દિવસોમાં લગભગ 30,000 લોકોને નોકરીમાંથી કાઢી શકે છે. Google આગામી દિવસોમાં તેના એડ-સેલ્સ વિભાગમાંથી લગભગ 30,000 લોકોની છટણી કરી શકે છે. આ વર્ષની શરૂઆતમાં ગૂગલે 12,000 લોકોને તેમની નોકરીમાંથી કાઢી મૂક્યા હતા.

### હવે ટૂંક સમયમાં 'ભારત ચોખા' પણ બજારમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે

# મોંઘવારીમાં મળશે મોટી રાહત; કેન્દ્ર સરકાર 25 રૂપિયાના ભાવે વેચશે ચોખા

- ભારત ચોખાનું વેચાણ NAFED, NCCF અને કેન્દ્રીય ભંડારમાંથી કરવામાં આવશે

ગુજરાત | વંદન




મોંઘવારી સામે લડવા માટે સરકારે ભારત બ્રાન્ડ ને પ્રોત્સાહન આપવાનો નિર્ણય કર્યો છે. પહેલા કેન્દ્ર સરકારે દેશમાં ભારત લોટ અને ભારત દળ ની શરૂઆત કરી. હવે આ ભારત બ્રાન્ડ હેઠળ ભારત ચોખા આવવા જઈ રહ્યા છે. તેની કિંમત 25 રૂપિયા પ્રતિ કિલો રાખવામાં આવશે.

ભારત ચોખાનું વેચાણ NAFED, NCCF અને કેન્દ્રીય ભંડારમાંથી કરવામાં આવશે. ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલ અનુસાર, ભારત સરકારના એક વરિષ્ઠ અધિકારીએ ભારત ચોખાના લોન્ચની પુષ્ટિ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ 'ભારત ચોખા' બ્રાન્ડનું વેચાણ NAFED (નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા), NCCF (નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન) અને કેન્દ્રીય ભંડાર દ્વારા કરવામાં આવશે. અગાઉ સરકારે ચોખાના વધતા ભાવ અંગે વેપારીઓને ચેતવણી આપી હતી. સરકારે કહ્યું કે નોન-બાસમતી ચોખાની કિંમત 50 રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી ગઈ છે, જ્યારે સરકાર તેને લગભગ 27 રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેપારીઓને ઉપલબ્ધ કરાવી રહી છે. સરકારે સંગ્રહખોરો સામે કડક કાર્યવાહી કરવાનો નિર્ણય પણ લીધો હતો.કેન્દ્ર સરકારે તાજેતરમાં 27.50 રૂપિયા પ્રતિ કિલોના દરે 'ભારત લોટ' લોન્ચ કર્યું હતું. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે 6 નવેમ્બરે દિલ્હીમાં આ બ્રાન્ડ લોન્ચ કરી હતી. આ 'Bharat Atta' 10 અને 30 કિલોના પેકમાં ઉપલબ્ધ છે. તે નાફેડ, એનસીસીએફ, સફલ, મધર ડેરી અને અન્ય સહકારી સંસ્થાઓ દ્વારા પણ વેચવામાં આવે છે. Bharat Atta લગભગ 2000 રિટેલ આઉટલેટ્સ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું. આ માટે સરકારી એજન્સીઓને 2.5 લાખ મેટ્રિક ટન ઘઉં ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

બજારમાં નોન-બ્રાન્ડેડ લોટની કિંમત 30-40 રૂપિયા પ્રતિ કિલો છે અને બ્રાન્ડેડ લોટની કિંમત 50 રૂપિયા પ્રતિ કિલો છે. ઘઉંના સતત વધી રહેલા ભાવને કારણે લોટના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને સરકારે સસ્તા ભાવે લોટ વેચવાનો નિર્ણય લીધો હતો. હાલમાં સરકાર પણ 25 રૂપિયા પ્રતિ કિલોના ભાવે ડુંગળી વેચી રહી છે. આ ઉપરાંત 'ભારત દાળ' (ચણાની દાળ) પણ 60 રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે.

# 2023માં 11 કંપનીઓએ રાઈટ્સ ઈશ્યુ દ્વારા ₹ 7,168 કરોડ એકત્ર કર્યા

ગુજરાત | વંદન

ચાલુ વર્ષે રાઈટ્સ ઈશ્યૂ દ્વારા ભંડોળ એકત્ર કરવામાં સુધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૩માં ૧૧ કંપનીઓએ રાઈટ્સ ઈશ્યૂ દ્વારા ૭,૧૬૮ કરોડ રૂપિયા એકત્ર કર્યા હતા, જે ગયા વર્ષે ૧૦ કંપનીઓએ ૩,૮૮૪ કરોડ રૂપિયા એકત્ર કર્યા હતા.

રાઈટ્સ ઈશ્યુએ લિસ્ટેડ કંપનીઓ માટે ઉપલબ્ધ એક પદ્ધતિ છે જે હાલના શેરધારકોને નવા ઈક્વિટી શેર ઓફર કરીને ભંડોળ ઊભું કરી શકે છે. રોકાણકારોને સબ્સ્ક્રાઈબ કરવા પ્રોત્સાહિત કરવા માટે નવા શેર સામાન્ય રીતે વર્તમાન બજાર કિંમતે ડિસ્કાઉન્ટ પર ઓફર કરવામાં આવે છે. જો હાલના રોકાણકાર રાઈટ્સ ઓફરમાં ભાગ લેવા માંગતા ન હોય, તો અન્ય રોકાણકારો પાસે તેમના શેર છોડી દેવાનો વિકલ્પ હોય છે.

જ્યારે પ્રમોટર ગ્રુપ તેનો હિસ્સો જાળવી રાખવા માગે છે ત્યારે કંપનીઓ સામાન્ય રીતે રાઈટ્સ ઈશ્યૂનો ઉપયોગ કરે છે. પ્રમોટર્સ તેમના પોતાના નાણાંનું રોકાણ કરે છે, તેથી તે રોકાણકારોને હકારાત્મક સંકેત મોકલવામાં મદદ કરે છે.

જો કે, તાજેતરના સમયમાં, ક્વોલિફાઈડ ઈન્સ્ટિટયુશનલ પ્લેસમેન્ટ (ક્યુઆઈપી) એ લિસ્ટેડ કંપનીઓમાં ભંડોળ ઊભું કરવા માટે પ્રાથમિકતા મેળવી છે. બેન્કર્સે જણાવ્યું હતું કે, સંખ્યામાં ઘટાડો ઉપરાંત, કેટલાક મેક્રો ઈશ્યૂને કારણે રાઈટ્સ ઈશ્યૂ દ્વારા ફંડ એકત્ર કરવાનું વર્ષોથી નબળું રહ્યું છે.

જ્યારે બજારમાં મંદી હોય અને શેરના ભાવ નીચા હોય ત્યારે કંપનીઓ રાઈટ્સ ઈશ્યૂ દ્વારા નાણાં એકત્ર કરે છે. ક્યુઆઈપી ખૂબ જ તેજીમાં રહે છે અને વર્તમાન બજારમાં સારા ક્યુઆઈપીની માંગ છે. જ્યારે કોઈ કંપનીને માર્કેટ રેલી દરમિયાન મૂડીની જરૂર હોય, ત્યારે પ્રથમ પસંદગીનો માર્ગ ક્યુઆઈપી હોય છે.

### સરકારે ડિસેમ્બર સુધીમાં રૂ.5228 કરોડની સબસિડી ચુકવી

# ચૂંટણી પહેલા ઈલેક્ટ્રિક વાહનોની સબસિડી વધુ એક વર્ષ લંબાવવા કેન્દ્રની વિચારણા



ગુજરાત | વંદન

દેશમાં લોકો ઈલેક્ટ્રીક વાહનોને અપનાવે તે હેતુથી કેન્દ્ર સરકાર 2015માં FAME-1 (ફાસ્ટર એડૉપ્શન એન્ડ મેન્યુફેક્ચરિંગ ઑફ ઈલેક્ટ્રિક વ્હીકલ્સ) યોજના લાવી હતી, ત્યારબાદ 2019માં યોજનાનો સમયગાળો વધારી FAME-2ની જાહેરાત કરાઈ હતી. જોકે હવે FAME-2 યોજના માર્ચ-2024માં સમાપ્ત થશે. ત્યારબાદ યોજનાને ફરી એક વર્ષ લંબાવવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. વર્તમાન ફેમા-2 યોજના માટે બજેટમાં રૂ.10,000 કરોડનું બજેટ ફાળવાયું હતું. આ યોજનામાં ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર, ફોર વ્હીલર સામેલ છે.

મીડિયા અહેવાલો મુજબ, અનુમાન લગાવાઈ રહ્યું છે કે, નાણા મંત્રાલય દ્વારા ફેમા યોજનાને લંબાવવાની મંજૂરી અપાયા બાદ આગામી બજેટમાં અન્ય સંશોધનો કરી બજેટ ફાળવણી કરવામાં આવી શકે છે. તાજેતરમાં જ ભારતીય વાણિજ્ય અને ઉદ્યોગ સંઘ (FICCI)એ FAME-3 યોજના શરૂ કરવા માંગ કરી હતી. આ માટે FICCIએ ભારે વાહન ઉદ્યોગ મંત્રાલય સમક્ષ એક પ્રસ્તાવ પણ રજુ કર્યો હતો. પ્રસ્તાવમાં આગામી 5 વર્ષમાં 30 હજાર કરોડ રૂપિયાની જરૂરીયાત હોવાનો અંદાજ લગાવાયો છે.

જોકે આંતરિક સરકારી અધિકારીઓના તર્ક મુજબ, આ યોજનાનો સૌથી વધુ લાભ લેવાના હેતુથી ટુ-વ્હિલર્સ ઈલેક્ટ્રીક મેન્યુફેક્ચરરને આગળ વધારવા સરકારી મદદની જરૂર નથી. ઉલ્લેખનિય છે કે, ભારે વાહન ઉદ્યોગ મંત્રાલયે મે મહિનામાં યોજનામાં ફેરફાર કર્યા હતા, જેમાં ઈલેક્ટ્રીક ટુ-વ્હિલર્સ માટે બેટરી ક્ષમતા મુજબ પ્રતિ કિલોમીટર 15000 રૂપિયાની સબસિડીની ઘટાડી 10,000 રૂપિયા કરી દીધી હતી. અગાઉ કુલ સબસિડી E2Wની એક્સ-ફેક્ટરી કિંમત 40 ટકાથી ઘટાડી 15 ટકા પર મર્યાદિત કરી દીધી હતી, જેની વધુમાં વધુ લિમિટ 1.50 લાખ રૂપિયા છે.

બીજીતરફ સરકારની વિચારણા છે કે, ઈ-મોબોલિટીને પ્રોત્સાહન આપવા ઈકોસિસ્ટમમાં રોકાણ પર ધ્યાન આપવું જોઈએ. સરકારે 1 ડિસેમ્બર-2023 સુધીમાં 5228 કરોડ રૂપિયાની સબસિડી ચુકવી છે. હવે એ જોવાનું રહ્યું કે, 8 વર્ષ બાદ ઈલેક્ટ્રીક વ્હિકલની કિંમતોમાં વધારો થતાં શું ફેમ સબસિડી યોજના સમાપ્ત થઈ જશે ? આ યોજનાને કારણે દેશભરમાં ઈવી ખરીદવાની ઝુંબેશને વેગ મળ્યો છે, તેથી જો આ બાબતને પણ અવગણવામાં ન આવે તો યોજના ફરી લંબાવવાની સંભાવના દેખાઈ રહી છે.

# દારુથી પીનારને નુકશાન પણ સરકારને કમાણી જ કમાણી..!

- 2022-23માં ઉત્તરપ્રદેશે કુલ 41,250 કરોડની આવક મેળવી

ગુજરાત | વંદન

દારૂ આરોગ્ય માટે હાનિકારક છે, પરંતુ સરકારની કમાણી માટે ફાયદાકારક છે. દારૂ પર લાગતી એક્સાઈઝ ડ્યુટીને કારણે સરકારને મોટી માત્રામાં રેવન્યૂ મળે છે. સરકાર સ્ટેટ GST, લેન્ડ રેવન્યૂ, પેટ્રોલ ડીઝલ પરના ટેક્સ સહિત અન્ય કરની મદદથી કમાણી કરે છે, પરંતુ સરકારની કમાણીમાં એક્સાઈઝ ડ્યુટીનું વિશેષ મહત્ત્વ હોય છે.

અનેક રાજ્યો એક્સાઈઝ ડ્યુટીથી સારી કમાણી કરે છે. સ્ટેટ રેવન્યૂમાં કુલ 15થી 30 ટકા હિસ્સો શરાબનો હોય છે. આ મામલે ઉત્તરપ્રદેશ સૌથી આગળ છે. નાણાંકીય વર્ષ 2022-23માં ઉત્તરપ્રદેશે કુલ 41,250 કરોડ રૂપિયાની સ્ટેટ રેવન્યૂ મેળવી હતી.

નાણાંકીય વર્ષ 2020-21માં ભારતે 1 લાખ 75 હજાર કરોડ રૂપિયાની કમાણી કરી હતી. જેમાં સૌથી વધુ હિસ્સો ઉત્તરપ્રદેશનો હતો. કર્ણાટક, મહારાષ્ટ્ર, દિલ્હી, પંજાબ અને મધ્યપ્રદેશમાં દારૂના વેચાણથી સરકાર કરોડો રૂપિયાની કમાણી કરે છે. ભારતમાં કર્ણાટકમાં દારૂ પર સૌથી વધુ 83% ટેક્સ લગાવવામાં આવે છે. ગોવામાં 49% ટેક્સ લગાવવામાં આવે છે. ગોવામાં જે બોટલની કિંમત 100 રૂપિયા હશે, તે બોટલની કિંમત કર્ણાટકમાં 513 રૂપિયા હશે. દારૂ પર પ્રોડક્ટ અનુસાર અલગ અલગ ટેક્સ વસૂલવામાં આવે છે. બીયર, વ્હિસ્કી, રમ, સ્કોચ, દેશી દારૂ પર અલગ અલગ ટેક્સ લગાવવામાં આવે છે. ભારતમાં નિર્મિત દારૂ પર અને વિદેશી દારૂ પર અલગ રીતે એક્સાઈઝ ડ્યુટી વસૂલવામાં આવે છે.




દિલ્હી સરકારે ગયા વર્ષે 61 કરોડથી વધુ દારૂની બોટલ વેચીને 7,285 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી હતી. આ આંકડો 1 સપ્ટેમ્બર 2022થી 31 ઓગસ્ટ 2023 સુધીનો છે. લોકડાઉનમાં દારૂની દુકાન બંધ હતી, તે સમયે રાજ્યોને 700 કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# MPના આ સ્થળોએ ફરવા જવાનો બનાવો પ્લાન, વિદેશમાં હોવ તેવો થશે અનુભવ

જબલપુર, મધ્ય પ્રદેશના તે ફેમસ શહેર પૈકીનું એક છે જેને તેના સંગેમરમરના સુંદર ખડકો માટે ઓળખવામાં આવે છે. ત્યાં જાતભાતના ધોધ છે. આ સિવાય ત્યાં કેટલીક શ્રેષ્ઠ અને સુંદર ઈમારતો છે. ખાસ વાત એ છે કે તમે આ શહેરને 2 થી 3 દિવસની અંદર પણ ફરી શકો છો. આ સિવાય તમે ત્યાંથી જુદા-જુદા પ્રકારના સજાવટનો સામાન ખરીદી શકો છો. આ સિવાય તમે ત્યાં ફરવાની સાથે ટેસ્ટી પકવાનો અને અમુક ખાસ રેસિપીનો પણ આનંદ ઉઠાવી શકો છો.

## જબલપુરમાં ફરવાના સ્થળો




લોકો જબલપુર જાય એટલે ભેડાઘાટ જરૂર ફરવા જાય છે. ભેડાઘાટ એક પર્યટન સ્થળ છે જે ચમકતી સુંદર ખડકો માટે ફેમસ છે. આ નર્મદા નદીના કિનારે છે. આ ઘાટની ખાસિયત એ છે કે આ નર્મદા નદીના બંને કિનારા પર સંગેમરમરની 100 ફૂટ ઊંચી ખડક પર છે. ત્યાં ઘણી બોલીવુડ ફિલ્મોનું શૂટિંગ પણ થયુ છે. જેમ કે અશોકા અને મોહેં-જો-દડો. ત્યાં લોકો બોટરાઈડ કરે છે. ચોસઠ યોગિની મંદિર જાય છે.




ધૂંઆધાર ધોધ, ભેડાઘાટની નજીક એક આકર્ષક પર્યટન સ્થળ છે. આ ભેડાઘાટમાં નર્મદા નદી પર સ્થિત છે અને 10 મીટર ઊંચો છે. નર્મદા નદી, વિશ્વ પ્રસિદ્ધ સંગેમરમરની ખડકોથી થઈને પોતાનો રસ્તો બનાવે છે પછી તે ધૂંઆધાર નામના ધોધમાં પડે છે. આ દ્રશ્ય ખૂબ સુંદર હોય છે.




માર્બલ રોક્સ, જબલપુરના સૌથી સુંદર પર્યટક સ્થળો પૈકીનું એક છે. આ પણ ભેડાઘાટની આસપાસ જ છે. ત્યાં તમને સફેદ સંગેમરમરથી બનેલી ઘણી વસ્તુઓ જોવા મળી જશે. અહીં તમને આખું શહેર પથ્થરો પર કોતરેલું જોવા મળશે.

# શિયાળામાં વધી જાય છે હાડકાં અને સ્નાયુઓનો દુઃખાવો? સરળ ઉપાયથી તાત્કાલિક અસર દેખાશે

શિયાળાની ઋતુ લોકો માટે પીડાદાયક હોય છે. ઘણા લોકોને સ્નાયુ અને કરોડ રજ્જુનો દુઃખાવો વધી જાય છે. આ સમસ્યા ખાસ કરીને સ્ત્રીઓ અને વૃદ્ધ લોકોમાં વધુ જોવા મળે છે. આ અસહ્ય દુઃખાવાથી રાહત મેળવવા માટે તમે કેટલાક સરળ ઉપાય અપનાવી શકો.

### સ્ટ્રેચિંગની મદદથી સમસ્યા દૂર કરો

જો તમને સ્નાયુનો દુઃખાવો થતો હોય તો તમારે સ્ટ્રેચિંગ અને કસરત કરવી જોઈએ. જેના કારણે રક્ત પરિભ્રમણ વધી જશે, સ્નાયુઓને આરામ મળશે અને દુઃખાવો દૂર થશે.

### વજન પર નિયંત્રણ રાખો


શિયાળાની ઋતુમાં લોકોનો વજન વધી જાય છે. કારણકે આ ઋતુમાં લોકો તળેલું, ઘી વાળું અને મીઠી વસ્તુ વધુ પ્રમાણમાં ખાવું પસંદ કરે છે. જેની સીધી અસર તમારા વજન પર થાય છે. વજનનો પ્રભાવ સીધો સ્નાયુઓ પર પડે છે. જેના કારણે દુઃખાવો વધી જાય છે. તેથી તમારે તમારા આહારમાં ઓછા ફેટવાળી વસ્તુનું સેવન કરવું જોઈએ. આ સામે તમે લીલા શાકભાજી, ફળો, વગેરે હેલ્ધી વસ્તુઓનું સેવન કરી શકો. વધુ માત્રામાં પાણીનું સેવન કરવું જોઈએ. હુંફાળું પાણી પીવાનો પ્રયત્ન કરવો જોઈએ, જેથી રક્ત પરિભ્રમણ સુધરે.



**સ્નાયુનાં દુઃખાવાનું મુખ્ય કારણ** | શિયાળામાં સ્નાયુ અને સાંધાનો દુઃખાવો વધી જાય છે. તેનું એક કારણ છે સ્નાયુઓનું સંકોચન. સંકોચનનાં કારણે સ્નાયુઓ સખત થઈ જાય છે. જેના કારણે સ્નાયુઓનો દુઃખાવો વધી જાય છે. આ સાથે શિયાળામાં શરીરમાં રક્ત પરિભ્રમણ ધીમું પડી જાય છે. આ સાથે લોકો શિયાળામાં હલન-ચલન પણ ઓછું કરી દે છે. જેના કારણે સ્નાયુઓ અને સાંધાનો દુઃખાવો વધી જાય છે.

**ઘરેલુ ઉપાય પણ અસરકારક** | સ્નાયુ અને સાંધાનાં દુઃખાવાને ઓછો કરવા માટે તમે ઘરેલુ ઉપાય કરી શકો છો. નિયમિત રીતે રાયનાં તેલનું માલિશ કરો. આ તેલને ગરમ કરતી વખતે તેમાં 5/6 લસણની કળી ઉમેરો. ત્યારબાદ આ તેલથી સાંધા પર માલિશ કરો. નિયમિત રીતે પાણી સાથે 2/3 લસણની કળી ખાવાથી તમને દુઃખાવામાં રાહત થશે. 2/3 ચમચી હળદર લો અને તેમાં નાળિયેર તેલ ઉમેરી મિક્સ કરી લો. આ પેસ્ટને સાંધાનાં ભાગ પર માલિશ કરવાથી દુઃખાવામાં રાહત થશે.

# નસકોરાથી પરેશાન છો, તો અપનાવો આ 3 સરળ ઉપાય, અઠવાડિયામાં મળશે રાહત



વિશ્વભરમાં 25થી 30 ટકા લોકોને નસકોરાની સમસ્યા હોય છે, જેમાંથી 5માંથી 1 યુવા હોય છે. એટલે કે દેશનો દર ચોથો વ્યક્તિ આ સમસ્યાથી પીડિત છે. કેટલાંક લોકો આ સમસ્યાને મજાકમાં લેતા હોય છે, પણ આ કોઈ ગંભીર બીમારીની નિશાની હોઈ શકે છે. નસકોરાના કારણે જેટલી તકલીફ અન્ય લોકોને થતી હોય છે તેના કરતા વધુ તકલીફ નસકોરાથી પીડિત વ્યક્તિને થતી હોય છે. વાસ્તવમાં નસકોરાં લેવાનો અર્થ એ છે કે તમે નાકની અંદર કોઈ વિકૃતિથી પીડિત છો. કારણ કે માથું, મોં, દાંત, કાન અને આંખ બધું નાક સાથે જોડાયેલું છે. એટલા માટે નસકોરા એ માત્ર નાકની સમસ્યા નથી, તે નાક સાથે જોડાયેલ આ અંગોને લગતી સમસ્યાઓનો પણ સંકેત હોઈ શકે છે.

નસકોરાની સમસ્યા દુર કરવાના કેટલાંક આયુર્વેદિક ઉપાયો છે. આવો જાણીએ આ સરળ અને અસરદાર આયુર્વેદિક ઉપાયો વિશે.

### 1.નાકમાં નાખવું જોઈએ ગાયનું ઘી

ગાયના ઘીના બે ટીપાં સવારે અને રાત્રે નાકમાં નાખવાથી સારી ઊંઘ આવે છે. આ સાથે માથાનો દુઃખાવો, તણાવ, માઈગ્રેન વગેરે કારણોથી રાહત મળે છે. ગાયનું ઘી નાખવાથી રોગપ્રતિકારક ક્ષમતામાં પણ વધારો થાય છે અને એલર્જી ઓછી થાય છે. એટલું જ નહીં, યાદશક્તિ અને માનસિક સ્વાસ્થ્યમાં પણ સુધારો થાય છે. આ પ્રક્રિયા 21 દિવસથી 3 મહિના સુધી કરવાની રહેશે.

### 2. મોલેક્યુલર તેલ

જો તમે ગાયના ઘીનો ઉપયોગ નથી કરવા માંગતા તો તેની જગ્યાએ મોલેક્યુલર તેલનો ઉપયોગ કરી શકો છો. આ એક આયુર્વેદિક તેલ છે જેનો તમે નસ્ય થેરેપી માટે ઉપયોગ કરી શકો છો. પરંતુ આ કરતા પહેલા ડોક્ટરની સલાહ જરૂર લેવી.

### 3.નસ્ય થેરેપી ઓટો-ઇમ્યુન ડિસઓર્ડરની સમસ્યાને દૂર કરશે

નસ્ય થેરેપી ઓટો ઈમ્યુન ડિસઓર્ડરમાં પણ ખૂબ અસરકારક સાબિત થાય છે. આ સિવાય નસ્ય થેરેપી ઓટો ઈમ્યુન થાઈરોઈડ, રૂમેટીઇડ અર્થરાઈટીસ, મલ્ટીપલ સ્કેલેરોસીસ જેવી બીમારીઓથી પણ બચાવે છે.

# બાળકોને હેલ્ધી રાખવા માટે બાળપણથી જ શીખવાડો આ 5 વસ્તુઓ

બાળકોનું માનસિક આરોગ્ય આપણી આગામી પેઢીના સ્વસ્થ ભવિષ્યની ચાવી છે પરંતુ વર્તમાન સમયમાં બાળકોમાં માનસિક તણાવ ઝડપથી વધી રહ્યો છે. જે એક ગંભીર સમસ્યા બનતી જઈ રહી છે. જેના ઘણા કારણ હોઈ શકે છે જેમ કે ભણતરનું દબાણ, માતા-પિતાની વધુ આશા, માતા-પિતાનું અલગ થવુ, ભાગદોડ ભર્યું જીવન અને સોશિયલ મીડિયાના કારણે બાળકો ગભરામણ, નકારાત્મકતા અને એકલતાનો શિકાર થઈ રહ્યા છે. દરમિયાન બાળકોને કંઈક એવી બાબતો બાળપણથી જ શીખવાડવામાં આવે જેનાથી તેમની મેન્ટલ હેલ્થ સ્ટ્રોંગ થઈ શકે કેમ કે બાળપણ એક એવો સમય હોય છે જ્યારે બાળકોના મગજનો ઝડપથી વિકાસ થાય છે. આ ઉંમરમાં તેમને અમુક વસ્તુઓ શીખવાડવામાં આવે તો તેઓ ઝડપથી શીખી લે છે.



### મ્યૂઝિક શીખવાડો

મ્યૂઝિક શીખવાડવુ બાળકો માટે ખૂબ લાભદાયી હોય છે. આ તેમના મગજના વિકાસમાં મદદ કરે છે અને તેમને ઘણા પ્રકારની સારી ટેવો શીખવાડે છે. જ્યારે બાળકો કોઈ સંગીત વાદ્યયંત્ર વગાડે છે તો તેમનું ધ્યાન સંપૂર્ણપણે તેની પર કેન્દ્રિત થઈ જાય છે. તેઓ લાંબા સમય સુધી એક જ બાબત પર ફોકસ કરી શકે છે. તેનાથી તેમની મેમરી મજબૂત થાય છે અને મગજ ઝડપી થાય છે.

### ડાન્સ શીખવાડો

જ્યારે બાળકો ડાન્સ કરે છે તો તેમને મૂવમેન્ટને સમજવી પડે છે અને સંગીતની ધૂનની સાથે પોતાના શરીરના અંગોને કો-ઓર્ડિનેટ કરવુ પડે છે. આ તેમના મગજ અને શરીર બંનેને જ એક્ટિવ રાખે છે. તેનાથી તેમનુ મગજ ઝડપી બને છે.

### સ્પોર્ટ્સ શીખવાડો

બાળકોને સ્પોર્ટ્સ શીખવાડવુ ખૂબ જરૂરી હોય છે કેમ કે આ તેમના શારીરિક અને માનસિક વિકાસ બંને માટે ફાયદાકારક છે. સ્પોર્ટ્સના બાળકોનું મગજ તેજ હોય છે. સ્પોર્ટ્સમાં બાળકોને રમતના નિયમો, રણનીતિ બનાવવી અને સ્પર્ધકની ચાલની સમજવાની જરૂર પડે છે. આ બધુ તેમના મગજને એક્ટિવ કરે છે. તે ઝડપથી નિર્ણય લેતા શીખે છે. સાથે જ શારીરિક વ્યાયામ તેમના મગજમાં બ્લડ સર્ક્યુલેશન વધારે છે જેનાથી તેમની એકાગ્રતા, સમસ્યા હલ કરવાની ક્ષમતા અને મેમરી પાવરમાં સુધારો થાય છે.

### ડ્રોઈંગ શીખવાડો

બાળકો માટે આર્ટ એક્ટિવિટી જેમ કે ડ્રોઈંગ અને કલરિંગ કરવા ખૂબ જ જરૂરી છે. આ બાળકોના મગજના વિકાસમાં પણ મદદ કરે છે. જ્યારે બાળકો કોઈ ચિત્ર બનાવે છે કે રંગ ભરે છે તો તેમનુ પૂરુ ધ્યાન તેની પર લાગેલુ રહે છે. તેઓ એકાગ્ર થઈને લાંબા સમય સુધી તે કામમાં વ્યસ્ત રહે છે. તેનાથી તેમની ફોકસ કરવાની ક્ષમતા વધે છે.

### ગાર્ડનિંગ શીખવાડો

ગાર્ડનિંગથી બાળકો દરરોજની સારસંભાળ, ધીરજ અને પરિશ્રમ શીખે છે જે ભવિષ્યમાં તેમના માટે ખૂબ લાભદાયી હોય છે.

# પોષક તત્વોથી ભરપૂર છે મીઠો લીમડો: વાળની અનેક સમસ્યાઓ કરે છે દૂર, આ રીતે કરો ઉપયોગ



વાળની સારી વૃદ્ધિ માટે જરૂરી છે કે તેને પૂરતું પોષણ મળે. મીઠા લીમડામાં એવા અનેક પોષક તત્વો હોય છે જે વાળ માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. તેમાં વિટામિન C, એન્ટીઑક્સિડન્ટ, વિટામિન B, પ્રોટીન વગેરે પર્યાપ્ત માત્રામાં મળી આવે છે. તે સરળતાથી વાળના સેલ્યુલર પુનર્જીવનમાં મદદ કરે છે અને માથાની ચામડીના રક્ત પરિભ્રમણને સુધારે છે જેનાથી તેને સ્વસ્થ રાખવામાં મદદ મળે છે. તેનાથી વાળનો સંપૂર્ણ વિકાસ થાય છે અને વાળની વૃદ્ધિ માટે પણ તે ખૂબ જ ફાયદાકારક હોય છે. તો ચાલો જાણીએ કે તમે વાળને હેલ્ધી રાખવા અને ગ્રોથ વધારવા માટે તેનો કેવી રીતે ઉપયોગ કરી શકો છો.

**હેર ટોનિક :** વાળને મજબૂત બનાવવા માટે તમે એક પેનમાં 3થી 4 ચમચી નારિયેલનું તેલ નાખો અને તેમાં એક મુઠ્ઠી મીઠો લીમડો ઉમેરો. તેને ત્યાં સુધી ગરમ કરો જ્યાં સુધી મીઠા લીમડાના પત્તા કાળા ન થઈ જાય. હવે ગેસ બંધ કરો અને આ મિશ્રણને ઠંડુ થવા દો. હવે તેને મેશ કરીને અને વાળમાં મૂળમાં લગાવી દો. હવે 1 કલાક પછી વાળને શેમ્પૂથી ધોઈ લો. વધુ સારા રિઝલ્ટ માટે તમે જોજોબા ઓઈલનો ઉપયોગ કરો.

**હેર માસ્ક :** એકથી બે ચમચી દહીંમાં એક મુઠ્ઠી મીઠો લીમડો મિક્સ કરીને તેની પેસ્ટ બનાવો. તમે તમારા વાળ પ્રમાણે તેની માત્રા વધારી કે ઘટાડી શકો છો. હવે આ પેસ્ટને વાળમાં સારી રીતે લગાવો અને સ્કેલ્પ પર પણ લગાવો. અડધા કલાક પછી વાળને સારી રીતે ધોઈ લો. જો તમે તેને અઠવાડિયામાં બે વાર લગાવશો તો વાળ નરમ અને સ્વસ્થ બનશે.

**આહારમાં સામેલ કરો:** જો તમે મીઠા લીમડાને ડાયટમાં સામેલ કરશો તો મૂળ વધુ સ્વસ્થ અને મજબૂત બનશે. તેના માટે તમે તેના પાઉડરનો ઉપયોગ ભાત કે કઢીમાં કરી શકો છો. જો તમે ઈચ્છો તો તેને છાશ, ચટણી વગેરેમાં નાખીને આહારમાં સામેલ કરી શકો છો. તમે મીઠા લીમડાના પત્તાનો ઉપયોગ અન્ય ઘણી રીતે પણ કરી શકો છો. જો તમે આહારમાં કે વાળની સંભાળમાં મીઠા લીમડાના પત્તાનો સમાવેશ કરશો તો તેનાથી માથાની રક્તની નસો સુધરી જશે, વાળના ફ્રિઝી થવાની સમસ્યા દૂર થશે, ડેન્ડ્રફ નહીં થાય, વાળ કાળા થશે અને બીજી ઘણી સમસ્યાઓ સરળતાથી દૂર થઈ જશે.

# શું તમે પણ તમારી મેકઅપ કિટ અન્ય સાથે શેર કરો છો? તો થઈ જજો સાવધાન

મેકઅપ કરતી વખતે ઘણી વખત તમે જોયુ હશે કે લોકો એક જ બ્રશથી દરેકનું ટચઅપ કરી દે છે. ઓફિસમાં કે ઘરમાં પણ આપણે આપણી મેકઅપ કિટ શેર કરીએ છીએ પરંતુ આવુ કરવુ અયોગ્ય છે. અમુક હદ સુધી શેરિંગ તમે એ વસ્તુઓનું કરી શકો છો જે ટ્યૂબમાં હોય કે જેને કાઢીને અલગથી લગાવી શકાય. પરંતુ જે વસ્તુઓને તમે ડાયરેક્ટ અપ્લાય કરી છે તે તમારા માટે સમસ્યાઓનું ઘર બની શકે છે. દરમિયાન તમારે ધ્યાન રાખવુ જોઈએ કે તમે ડાયરેક્ટ ઉપયોગ થનારી વસ્તુઓને શેર ન કરો.

## મેકઅપ શા માટે શેર કરવો જોઈએ નહીં



**મેકઅપની આ વસ્તુઓને શેર કરો નહીં** | મેકઅપમાં ખાસ કરીને મસ્કરા, આઈશેડો અને આઈલાઈનર શેર કરવાથી આંખોમાં સંક્રમણ થઈ શકે છે. આ સિવાય ફેસ પાઉડર, લિપસ્ટિક અને મેકઅપ બ્રશ શેર કરવા પણ તમારા માટે નુકસાનકારક હોઈ શકે છે. તેથી આ ડાયરેક્ટ કોન્ટેક્ટ વાળી વસ્તુઓને શેર કરવી જોઈએ નહીં.

### 1. ઈન્ફેક્શનનું જોખમ

મેકઅપ શેર કરવાથી ઈન્ફેક્શનનું જોખમ થઈ શકે છે. જેમ કે આઈ ઈન્ફેક્શન કે પછી સ્કિન ઈન્ફેક્શન જે મેકઅપ શેરિંગ દ્વારા સરળતાથી શેર થઈ શકે છે. જેમ કે કાજલ દ્વારા કે કોઈ મેકઅપ બ્રશ દ્વારા અન્યની સ્કિનમાં થતી મુશ્કેલી તમારી સ્કિન સુધી પહોંચી જાય છે.

### 2. હોઠમાં દાણા

જો તમે લિપસ્ટિક શેર કરો છો તો તમારા હોઠ પર ઈન્ફેક્શન થઈ શકે છે. જેમ કે તમારા હોઠ પર દાણા થઈ શકે છે કે પછી ફોલ્લીઓ થઈ શકે છે. આ સિવાય હોઠની આસપાસની સ્કિન પણ પ્રભાવિત થઈ શકે છે અને આ ગંભીરરૂપ લઈ શકે છે.

### 3. સ્કિનની બીમારીઓ

મેકઅપ દ્વારા ફંગલ ઈન્ફેક્શન ઝડપથી ફેલાઈ શકે છે. આ સિવાય શેરિંગનું જોખમ એક બાબત પર પણ છે કે તમે જાણતા નથી કે પ્રોડક્ટ્સનું શેરિંગ તમારા સિવાય કયા-કયા લોકો સાથે થયુ છે. દરમિયાન તમે બેક્ટેરિયા અને ફંગસને પણ શેર કરો છો અને કારણ વિના ઘણી સમસ્યાઓના શિકાર થઈ શકો છો.

# શિયાળામાં ગોળ છે સુપરફુડ, શરીરને થશે 5 જબરદસ્ત ફાયદા

શિયાળાની કડકડતી ઠંડીમા લોકો પોતાના સારા આરોગ્ય માટે વહેલી સવારે યોગ-પ્રાણાયમ કરે છે. તેમજ લીલા શાકભાજી અને ફળો આરોગે છે. શિયાળાના સમયમાં ગોળ ખાવાથી પણ અનેક ફાયદા થાય છે. ઠંડા વાતાવરણમાં ખાલી પેટે ગોળ ખાવાથી ઘણા ફાયદા થાય છે.

### 1. બ્લડ પ્રેશર

ગોળમાં કેલ્શિયમ, ફોસ્ફરસ, મેગ્નેશિયમ, પોટેશિયમ, આયર્ન સહિત અનેક પોષક તત્વો મળી આવે છે. આ સિવાય ગોળ એન્ટીઓક્સીડેન્ટ અને બળતરા વિરોધી ગુણોથી ભરપૂર હોય છે. બ્લડ પ્રેશરના દર્દીઓ માટે ગોળનું સેવન ખૂબ જ ફાયદાકારક છે. રોજ ખાલી પેટે ગોળ ખાવાથી બ્લડપ્રેશર કંટ્રોલમાં રહે છે.તે પોટેશિયમનો સારો સ્ત્રોત માનવામાં આવે છે.

### 2. એનિમિયા

ગોળમાં આયર્ન અને ફોલેટ પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે. જે લોકોના શરીરમાં એનિમિયા હોય તેમણે ખાલી પેટે ગોળનું સેવન કરવું જોઈએ. તેના સેવનથી શરીરમાં આયર્નની ઉણપ પણ દૂર થાય છે.

### 3. હાડકાં મજબૂત બને છે

ગોળમાંથી કેલ્શિયમ અને આયર્ન પણ મળે છે. તેનાથી હાડકા



મજબૂત થાય છે અને સાંધાના દુખાવામાં પણ રાહત મળે છે.જેનાથી હાડકા સંબંધિત કોઈ પણ બીમારીથી પીડિત લોકોએ ગોળનું સેવન કરવું જોઈએ.

### 4. આળસ દૂર થાય છે

ગોળમાંથી મળતી કાર્બોહાઈડ્રેટ શરીરમાંથી આળસ અને થાક દૂર કરે છે અને ઈન્સ્ટન્ટ એનર્જી આપે છે. રોજ ખાલી પેટે ગોળ ખાવાથી દિવસભર એનર્જી જળવાઈ રહે છે.

### 5. પેટ સંબંધિત રોગો

રોજ ગોળ ખાવાથી પેટ સંબંધિત બીમારીઓ જેવી કે અપચો, કબજિયાત, પેટનો દુખાવો દૂર રહે છે.આ વસ્તુઓનું સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે અને સાથે જ શરીરને ગરમી પણ મળે છે.

નોંધ: આ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, તે કોઈ પણ પ્રકારે દવા કે ઈલાજનો વિકલ્પ હોઈ શકે નહીં. વધુ માહિતી માટે તમારાં ડોક્ટરની સંપર્ક કરો.

## ભારતની હાર થવા છતાં વિરાટ કોહલીએ સર્જ્યો ઈતિહાસ

# એક કેલેન્ડર વર્ષમાં 7 વખત 2000થી વધુ રન બનાવનાર દુનિયાનો પ્રથમ બેટ્સમેન બન્યો



ગુજરાત | વંદન

સેન્ચુરિયન ટેસ્ટમાં ભારતને દક્ષિણ આફ્રિકાના હાથે ઈનિંગ્સ અને 32 રનથી શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો. આ હાર છતાં ટીમ ઈન્ડિયાનો સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી ઈતિહાસ રચવામાં સફળ રહ્યો. કિંગ કોહલીએ યજમાન ટીમ સામે બીજી ઈનિંગમાં 76 રન બનાવ્યા હતા, આ ઈનિંગના આધારે તે ફરી એકવાર વર્ષ 2023માં 2000 ઈન્ટરનેશનલ રનનો આંકડો પાર કરવામાં સફળ રહ્યો હતો. વિરાટ કોહલીએ હવે એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ 7 વખત 2000 થી વધુ આંતરરાષ્ટ્રીય રન બનાવવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. આ બાબતમાં, ભારતીય રન મશીને શ્રીલંકાના ભૂતપૂર્વ કેપ્ટન કુમાર સંગાકારાને હરાવ્યો છે,

**એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ 2000 રન બનાવનાર બેટ્સમેન**

| | | |
|---|---|---|
| વિરાટ કોહલી- 7* | મહેલા જયવર્દને - 5 | જેક કાલિસ - 4 |
| કુમાર સંગાકારા- 6 | સચિન તેંડુલકર - 5 | |

જેણે તેની કારકિર્દીમાં 6 વખત આ સિદ્ધિ મેળવી હતી.

કોહલીએ પ્રથમ વખત 2012 માં એક કેલેન્ડર વર્ષમાં 2000 આંતરરાષ્ટ્રીય રન બનાવવાની સિદ્ધિ હાંસલ કરી હતી, આમ કરનાર છઠ્ઠો ભારતીય બેટ્સમેન બન્યો હતો. આ પછી તેણે 2014, 2016, 2017, 2018, 2019 અને હવે 2023માં આ સિદ્ધિ મેળવી છે. વિરાટ કોહલી હાલમાં ભારત માટે એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ 2818 આંતરરાષ્ટ્રીય રન બનાવવાનો રેકોર્ડ ધરાવે છે. તેણે 2017માં આ કારનામું કર્યું હતું. 2818 રન બનાવવા માટે, તેણે 46 મેચ રમી જેમાં તેની એવરેજ 68.73 હતી, જ્યારે તે વર્ષે તેણે તેના બેટથી 11 સદી અને 10 અડધી સદી ફટકારી હતી. જોકે, સાઉથ આફ્રિકા સામેની સેન્ચુરિયન ટેસ્ટમાં કોહલીના નામે એક શરમજનક રેકોર્ડ પણ જોડાયો હતો. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ઈતિહાસમાં ભારતની હારમાં સૌથી વધુ રન બનાવવાનો આ રેકોર્ડ છે. કોહલીએ WTCમાં અત્યાર સુધીમાં કુલ 2177 રન બનાવ્યા છે, જેમાંથી 669 રન તેના બેટથી ભારતની હારમાં આવ્યા છે. આ રેકોર્ડ અગાઉ ચેતેશ્વર પૂજારાના નામે હતો.

## ડેવિડ વોર્નરે ટેસ્ટ ક્રિકેટને કહ્યું અલવિદા,પેવેલિયનમાં લોકોએ તાળીઓથી અભિવાદન કર્યુ



ગુજરાત | વંદન

ક્રિકેટમાં જ્યારે કોઈ ખેલાડી સારું પ્રદર્શન કરે છે તો સ્ટેડિયમમાં રહેલા દર્શકો તેના માટે ઉભા થઈને તાળીઓ પાડે છે. પરંતુ મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર ઓસ્ટ્રેલિયા અને પાકિસ્તાન વચ્ચે રમાઈ રહેલી બોક્સિંગ ડે ટેસ્ટના ત્રીજા દિવસે એક બેટ્સમેન સસ્તામાં આઉટ થયો તેમ છતાં સ્ટેડિયમમાં હાજર તમામ લોકો તેના માટે ઉભા થઇ ગયા હતા. આ ખેલાડી ઓસ્ટ્રેલિયા ટીમનો દિગ્ગજ બેટ્સમેન ડેવિડ વોર્નર હતો.

વોર્નરે આ સિરીઝ પહેલા કહ્યું હતું કે આ સિરીઝ તેના કરિયરની અંતિમ સિરીઝ છે. આ સિરીઝ પછી તે ક્રિકેટને અલવિદા કહી દેશે. વોર્નરની ઈનિંગના અંત સાથે આજે તેના ટેસ્ટ કરિયરનું પણ અંત આવ્યું હતું. તે હવે ફરી બોક્સિંગ ડે ટેસ્ટ મેચ રમતો જોવા નહી મળે. બોક્સિંગ ડે મેચ ઓસ્ટ્રેલિયામાં એક મોટી ટેસ્ટ મેચ માનવામાં આવે છે અને આ મેચ MCGમાં જ રમવામાં આવે છે. આ સાથે જ વોર્નરે MCGમાં તેની છેલ્લી ટેસ્ટ મેચ રમી હતી. જેના કારણે આખા સ્ટેડિયમમાં હાજર તમામ દર્શકો ઉભા થઈને તેના માટે તાળીઓ પાડી રહ્યા હતા.

## ઓસ્ટ્રેલિયાનો ખેલાડી નાથન લિયોને ઈતિહાસ રચ્યો, હરભજનનો રેકાર્ડ તોડ્યો

ગુજરાત | વંદન

ઓસ્ટ્રેલિયા અને પાકિસ્તાન વચ્ચે ટેસ્ટ સિરીઝની બીજી મેચ મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડમાં રમાઈ રહી છે. આ મેચની બીજી ઈનિંગમાં ઓસ્ટ્રેલિયાના અનુભવી સ્પિનર નાથન લિયોને 4 વિકેટ ઝડપી હતી. આ સાથે જ તેણે એક ખાસ સિદ્ધિ મેળવી હતી. તે ટેસ્ટ ફોર્મેટમાં 5 દેશો સામે 50 કે તેથી વધુ વિકેટ મેળવનાર પાંચમો બોલર બની ગયો છે. આ ખાસ રેકોર્ડના મામલે તેણે ભારતીય ટીમના પૂર્વ સ્પિનર હરભજન સિંહ અને બિશન સિંહ બેદીને પાછળ છોડી દીધા છે.



હરભજન સિંહ અને બિશન સિંહ બેદીએ ટેસ્ટ ક્રિકેટમાં 4 ટીમો સામે 50-50 વિકેટ ઝડપી છે. આ લીસ્ટમાં પ્રથમ સ્થાને શ્રીલંકાના દિગ્ગજ સ્પિનર મુથૈયા મુરલીધરનનું નામ છે. તેણે 9 ટીમો સામે 50થી વધુ વિકેટ લીધી છે. તે પછી લીસ્ટમાં બીજા સ્થાને પૂર્વ ભારતીય સ્પિનર અનિલ કુંબલેનું નામ છે. કુંબલેએ 7 ટીમો સામે 50થી વધુ વિકેટ ઝડપી છે. જ્યારે ત્રીજા અને ચોથા સ્થાને રવિચંદ્રન અશ્વિન અને શેન વોર્ન છે. બને ખેલાડીઓએ 6-6 દેશો સામે 50થી વધુ વિકેટ ઝડપી છે.

નાથન લિયોને અત્યાર સુધી પાકિસ્તાન સામે 43ની એવરેજથી 52 વિકેટ ઝડપી છે. લિયોને પાકિસ્તાન સામે ટેસ્ટ ફોર્મેટમાં બે વખત પાંચ અને ત્રણ વખત ચાર વિકેટ લેવાની સિદ્ધિ હાંસલ કરી છે. પાકિસ્તાન સામે ટેસ્ટ ફોર્મેટમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ શ્રીલંકાના પૂર્વ સ્પિનર રંગના હેરાથના નામે છે. હેરાથે પાકિસ્તાનની ક્રિકેટ ટીમ સામે કુલ 106 વિકેટ લીધી છે.



## આઈપીએલને લઈને બીસીસીઆઈનો મહત્વપૂર્ણ નિર્ણય

# આઈપીએલ સ્પોન્સરશીપમાંથી ચીનની કંપનીઓ માટે 'નો એન્ટ્રી'

■ **હાલ ચાઈના અને ભારતના સંબંધોને લઈને નિર્ણય કરાયો: બીસીસીઆઈનો ખુલાસો**

ગુજરાત | વંદન

IPL 2024 માટે BCCI પૂરજોશમાં તૈયારીઓ કરી રહી છે. હાલમાં જ દુબઈમાં મિની ઓક્શન સમાપ્ત થયાં. હવે BCCIએ વધુ એક મોટો અને મહત્વનો નિર્ણય લીધો છે. આઈપીએલ 2024નાં ટાઈટલ સ્પોન્સરની શોધ થઈ રહી છે જે માટે ચીની સ્પોન્સરશિપ પર બેન લગાડવાની તૈયારીઓ દેખાઈ રહી છે. ચીન અને ભારતનાં હાલનાં સંબંધોને ધ્યાનમાં રાખતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ક્રિકબઝની એક રિપોર્ટ અનુસાર BCCIએ IPLનાં ટાઈટલની સ્પોનસરશિપ માટે જે ટેંડર બહાર પાડ્યું છે તેમાં સ્પષ્ટપણે લખવામાં આવ્યું છે કે જે દેશોનાં ભારત સાથે મૈત્રીપૂર્ણ સંબંધ નથી તેમને આ ટેન્ડરમાં કોઈ મહત્વ આપવામાં આવશે નહીં. ટાઈટલ સ્પોન્સરશિપ માટેની બેઝ પ્રાઈઝ 360 કરોડ રૂપિયા પ્રતિવર્ષ છે આ બાદ બોલીનાં આધાર પર ટેન્ડર આપવામાં આવે છે. પહેલા ચીની ફોન કંપની VIVO આઈપીએલનું ટાઈટલ સ્પોન્સર કરી ચૂક્યું છે પણ વર્ષ 2020માં ભારત-ચીન બોર્ડર પરની સ્થિતિ બગડ્યાં BCCIએ વીવોને હટાવવાનો નિર્ણય લીધો અને ટાટા ટાઈટલ સ્પોન્સરનાં રૂપમાં આગળ આવી હતી.

હવે BCCIએ પોતાના ટેન્ડરમાં લખ્યું કે કોઈપણ બિડરનો એવા કોઈ દેશ સાથે સંબંધ ન હોવો જોઈએ જેનાં ભારત સાથે સારા સંબંધ નથી. જો કોઈ એવો બિડર સામે આવે છે તો તેણે બોર્ડને પોતાના શેરહોલ્ડર સાથે જોડાયેલી તમામ જાણકારી આપવી પડશે અને એ બાદ જ બિડ પર કોઈ પ્રકારનો નિર્ણય લેવામાં આવશે. એટલું જ નહીં બોર્ડ દ્વારા ફેન્ટસી ગેમ, ક્રિપ્ટોકરેંસી અને સટ્ટાબાજી સાથે જોડાયેલી કંપનીઓ પર પણ રોક લગાડવામાં આવી છે. ઉપરાંત જે કંપનીઓ મેચનાં કપડાં બનાવવામાં એક્ટિવ છે તે પણ ટાઈટલ સ્પોન્સરશિપ માટે બિડ નહીં કરી શકે.

## પૂર્વ ભારતીય ક્રિકેટર અંબાતી રાયડુની રાજકારણમાં એન્ટ્રી



ગુજરાત | વંદન

અનેક પૂર્વ ક્રિકેટરો જે સન્યાસ લીધા પછી રાજકારણમાં જોડાય છે તેવા નામમાં હવે વધુ એક નામ જોડાશે. ભારતીય પૂર્વ ક્રિકેટર અંબાતી રાયડુએ રાજકારણમાં એન્ટ્રી કરી છે. રાયડુ જગન મોહન રેડ્ડીની પાર્ટીમાં સામેલ થયો છે. નિવૃત્તિ લીધાના લગભગ એક મહિના પછી પૂર્વ ક્રિકેટરે સત્તાવાર રીતે પાર્ટીમાં જોડાવાની જાહેરાત કરી છે. તેઓ પાર્ટી પ્રમુખ જગન મોહન રેડ્ડીની હાજરીમાં પાર્ટીમાં જોડાયા હતા.

આ સમાચાર એવા સમયે સામે આવી રહ્યા છે જ્યારે હાલ તમામ પાર્ટીઓ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે.એવામાં પ્રશ્નએ થઈ રહ્યા છે કે શું પાર્ટી તેમને આગામી લોકસભા ચૂંટણીમાં ટિકિટ આપશે? રાજકારણમાં જોડતા પહેલા તેમણે ગુંટુર જિલ્લાના દરેક વિસ્તારની મુલાકાત લીધી અને સમસ્યાઓ સમજવા માટે લોકોને મળ્યા હતા.

રાયડુ ભારતીય ટીમમાં મિડલ ઓર્ડર બેટર હતા, તેને 55 વનડે મેચ રમી જેમાં 1694 રન કર્યા હતા. તે આઈપીએલમાં ચેન્નાઈ સુપર કિંગ્સ વતી રમતો હતો.

## અગાઉ મને ખરાબ ગણાવ્યાં, હવે મારી બેટિંગના વખાણ : રાહુલ

■ **રાહુલ સાઉથ અફ્રીકા સામે ભારતીય ટીમ માટે સંકટમોચન બન્યો હતો**

ગુજરાત | વંદન

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે સેન્ચુરિયનમાં બે મેચની પ્રથમ ટેસ્ટ મેચ રમાઈ રહી છે. આ મેચમાં ભારત શરૂઆત ઈનિંગ સારી રહી ન હતી અને કેએલ રાહુલે ભારતીય ટીમની ઈનિંગને સાંભળી આગળ વધારી હતી. રાહુલે સાઉથ આફ્રિકા સામે 101 રન બનાવ્યા હતા. તેની આ ઈનિંગને લોકો ખૂબ જ વખાણી રહ્યા છે. જોકે મેચ બાદ રાહુલનું દુખ છલકાયું હતું. તેમણે કહ્યું કે, આજે જે લોકો મારી રમતને વખાણી




રહ્યા છે તે જ લોકો ત્રણ મહિના પહેલા મને ગાળો આપી રહ્યા હતા.

રાહુલે કહ્યું કે, વર્ષ 2023 મારા માટે ઘણું મુશ્કેલ રહ્યું છે. વર્ષની શરૂઆતમાં ખરાબ ફોર્મના કારણે તેને T20 ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. આ પછી, તે IPL 2023 દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો જેના કારણે તે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ સહિત ઘણી મેચો ચૂકી ગયો હતો. જેને લઈ રાહુલને સોશિયલ મીડિયા પર ઘણી ટીકાનો સામનો કરવો પડ્યો હતો. જે ટીકાઓને લઈ રાહુલે જણાવ્યું કે, સોશિયલ મીડિયા એક પ્રેશર છે, આજે મેં સદી ફટકારી છે તેથી લોકો મને વખાણી રહ્યા છે. ત્રણ-ચાર મહિના પહેલા બધા મને ગાળો આપી રહ્યા હતા. જ્યારે પણ તમે ઈન્ટરનેશન ક્રિકેટ રમો છો તો તમને ઘણી પ્રકારના અવરોધો નડે છે. એક વ્યક્તિના રૂપથી, એક ક્રિકેટરના રૂપથી તમારી સામે દરરોજ ઘણી મુશ્કેલીઓ આવે છે. એટલા માટે તેનાઠી દૂર રહેવું તમારી રમત અને માનસિકતા માટે સારું છે.

## આઈસીસી T20 રેન્કિંગ જાહેર, સૂર્યકુમાર પ્રથમ, સોલ્ટ બીજા સ્થાને

ગુજરાત | વંદન


તાજેતરની ICC T-20 રેન્કિંગમાં ઈંગ્લેન્ડના ફિલ સોલ્ટને ફાયદો થયો છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ



કાઉન્સિલ (ICC) એ, તમામ ફોર્મેટ માટે નવીનતમ રેન્કિંગ બહાર પાડી. સોલ્ટને 18 સ્થાનનો ફાયદો થયો છે અને તે T20 રેન્કિંગમાં બીજા સ્થાને પહોંચી ગયો છે. તેનું રેટિંગ હવે 802 પર પહોંચી ગયું છે, જે તેની કારકિર્દીનું સર્વોચ્ચ રેટિંગ છે.

જ્યારે ભારતના સૂર્યકુમાર યાદવ પ્રથમ સ્થાને યથાવત્ છે. પાકિસ્તાનનો વિકેટકીપર બેટર મોહમ્મદ રિઝવાન ત્રીજા નંબર પર છે. તાજેતરની રેન્કિંગમાં ટોચના 5 સ્થાનોમાંથી 2 પાકિસ્તાની ખેલાડીઓના નામે છે. ત્રીજા નંબરે રિઝવાન અને પાંચમા નંબરે પૂર્વ કેપ્ટન બાબર આઝમ છે.ઈંગ્લેન્ડના ઓપનર સોલ્ટને વેસ્ટ ઈન્ડિઝ સામે રમાયેલી T20 શ્રેણીનો ફાયદો થયો છે. જોકે, ઈંગ્લિશ ટીમ આ સિરીઝ 3-2થી હારી ગઈ હતી. પરંતુ, પાંચ મેચની શ્રેણીમાં 331 રન બનાવ્યા બાદ સોલ્ટને પ્લેયર ઓફ ધ સિરીઝ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. તેણે ચોથી મેચમાં 119 રનની ઈનિંગ રમી હતી. બોલિંગ રેન્કિંગમાં ઈંગ્લેન્ડનો આદિલ રાશિદ ટોપ પર છે. ટોપ-10માં માત્ર એક ભારતીય બોલર છે. કોણ છે રવિ બિશ્નોઈ. બિશ્નોઈ 685 રેટિંગ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે. નંબર 1 ઓલરાઉન્ડર શાકિબ અલ હસન છે.તાજેતરની ICC રેન્કિંગમાં, નંબર 1 બેટર બાબર આઝમ ODI ફોર્મેટમાં તેના સ્થાને યથાવત્ છે. ટીમ ઈન્ડિયાનો ઓપનર શુભમન ગિલ બીજા સ્થાને છે. બોલિંગ રેન્કિંગમાં દક્ષિણ આફ્રિકાના કેશવ મહારાજ ટોપ પર છે. ભારતીય ઝડપી બોલર મોહમ્મદ સિરાજ ત્રીજા સ્થાને છે. T-20ની જેમ આ ફોર્મેટમાં પણ નંબર 1 ઓલરાઉન્ડર શાકિબ અલ હસન છે.

## 'ભારત પણ આપણા કરતા વધારે' ફિટ છે: પૂર્વ ક્રિકેટર હર્ષલ ગિબ્સનું નિવેદન



ગુજરાત | વંદન

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે સેન્ચુરિયનમાં બંને વચ્ચે ટેસ્ટ સિરિઝની મેચ રમાઈ રહી છે. જેમાં પહેલા દિવસે સાઉથ આફ્રિકાના બોલરએ ખુબ જ સારૂ પ્રદર્શન કર્યુ હતું. જ્યારે યજમાન કેપ્ટન ટેમ્બા બાવુમાને થયેલી ઈજા પણ ખુબ જ ચર્ચામાં રહી હતી. ભારતીય ઈનિંગ્સની 20મી ઓવરમાં વિરાટ કોહલીનો એક શોર્ટ રોકતા સમયે બાવુમાને હેમાસ્ટ્રિંગમાં તણાવ થયો હતો. જે બાદ તે ફીલ્ડમાંથી બહાર નીકળી ગયા હતા અને પછી પરત ફર્યા ન હતા. તેની ગેરહાજીરીમાં ડીન એલ્ગરે ટીમની કમાન સંભાળી હતી.પણ આ ઘટનાને લઈને સાઉથ આફ્રિકાના પૂર્વ ક્રિકેટર હર્શેલ ગિબ્સના ચહેરા પર નાખુશીની ઝકલ જોવા મળી રહી હતી. તેને સોશિયલ મીડિયા પર કોમેન્ટ કરીને પોતાનો ગુસ્સો ઠાલવ્યો હતો. તેને ગુસ્સો આવવો તે સુધી બરાબર હતું પણ પણ જ્યારે તેને ભારતનો ઉલ્લેખ કરીને પોતાનું નિવેદન આપ્યું ત્યારે ફેન્સ પણ ચોંકી ગયા હતા. જે બાદ ગિબ્સ પોતાના જ નિવેદનમાં ઘેરાઈ ગયો હતો. ત્યારે ભારતીય ફેન્સે તેને ફિક્સિંગ વિવાદની યાદ અપાવી હતી.

## પૂર્વ ક્રિકેટર દ્વારા પંત સાથે 1.63 કરોડની ઠગાઈ, મોંઘી ઘડિયાળોની લાલચમાં છેતરાયો

■ **આરોપી પોતાને આઈપીએસ ઓફિસર ગણાવતો હતો, કેટલીક હોટલોમાં પણ છેતરપિંડી**

ગુજરાત | વંદન

મહાઠગ સુકેશ ચંદ્રશેખર વિશે તો ઘણાં લોકોને ખબર હશે જે હાલ દિલ્હીની મંડોલી જેલમાં છે. તાજેતરનો ઠગીનો મામલો પૂર્વ IPL ક્રિકેટર સાથે સંબંધિત છે, જેણે ફાઈવ સ્ટાર હોટલ અને ભારતીય ટીમના ક્રિકેટર રિષભ પંત સાથે કરોડોની છેતરપિંડી કરી હતી. મૃણાંકની આ છેતરપિંડી લાંબો સમય ન ચાલી અને 25મી ડિસેમ્બરે તે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. હરિયાણાના ફરીદાબાદનો રહેવાસી આરોપી મૃણાંક સિંહ અંડર-19 સ્તરે રાજ્યની ક્રિકેટ ટીમનો ભાગ રહ્યો હતો. તેણે IPLની એક ટીમનો ભાગ હોવાનો પણ દાવો કર્યો છે.

આરોપી મૃણાંકે પોતાને વરિષ્ઠ IPS ઓફિસર ગણાવીને દેશભરની ઘણી લક્ઝરી હોટલના માલિકો સાથે છેતરપિંડી કરી હતી. તેની આ છેતરપિંડીના શિકાર થયેલા લોકોમાં કથિત રીતે ભારતીય ટીમના વિકેટકીપર બેટ્સમેન રિષભ પંતનું પણ નામ સામેલ છે. આરોપીએ જુદી-જુદી ફાઈવ સ્ટાર હોટલો અને રીસોર્ટ્સ સાથે છેતરપિંડી કરવા માટે પોતાની જાતને એક વરિષ્ઠ IPS ઓફિસર ગણાવ્યો હતો. પોલીસે કહ્યું કે તેણે પોતાને એક IPL ફ્રેન્ચાઈઝીના ખેલાડી તરીકે રજુ કર્યો હતો અને પોતાના સ્ટારડમથી મહિલાઓ સાથે પણ છેતરપિંડી કરી હતી.

મૃણાંક ભારતીય ક્રિકેટર રિષભ પંત સાથે પણ છેતરપિંડી કરી ચુક્યો છે. પંત સાથે તેણે વર્ષ 2020-21માં 1.63 કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ મૃણાંકે પંતને સસ્તા ભાવે લક્ઝરી ઘડિયાળો અપાવવાની લાલચ



આપી હતી. આ કારણે પંતના મેનેજરે પણ ફરિયાદ નોંધાવી હતી. પંત સાથે છેતરપિંડી કરતા પહેલા મૃણાંકે પોતાને લક્ઝરી ઘડિયાળો, બેગ અને જ્વેલરીનો બિઝનેસમેન ગણાવ્યો હતો જે તેની લક્ઝરી વસ્તુઓ સસ્તા ભાવે વેચે છે. પંતનો વિશ્વાસ જીતવા માટે તેણે ઘણાં જૂઠાણાં બોલ્યા અને કહ્યું કે તેણે આ વસ્તુઓ અન્ય ક્રિકેટરોને પણ ડિસ્કાઉન્ટ રેટ પર વેચી છે.

મૃણાંકે પોતાને એક ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સ બ્રાંડનો એમ્બેસેડર ગણાવ્યો અને સ્પોર્ટ્સ સાથે સંબંધિત શોરૂમોને પણ ચૂનો લગાવ્યો હતો. મૃણાંકે એવો દાવો પણ કર્યો કે ઘણાં ભારતીય ક્રિકેટર્સ સાથે તેના ઘનિષ્ઠ સંબંધો છે. મધ્ય દિલ્હીની એક ફાઈવ સ્ટાર હોટલના સુરક્ષા નિર્દેશક તરફથી 22 ઓગસ્ટ, 2022 ના રોજ ચાણક્યપુરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે ફરિયાદમાં આરોપ હતો કે મૃણાંકે પોતાને ક્રિકેટર ગણાવ્યો હતો અને 22થી 29 જુલાઈ, 2022ના રોજ સુધી હોટલમાં રોકાયો હતો અને 5,53,362 રૂપિયાના બિલની ચુકવણી કર્યા વિના જ તે ફરાર થઇ ગયો હતો. જયારે હોટલના એક અધિકારીએ બિલ ચૂકવવા કહ્યું તો તેણે કહ્યું કે બિલ તેની સ્પોન્સર કંપની ચૂકવશે. જે પછી હોટલે તેને બેંક ડિટેલ્સ આપી, પરંતુ આરોપીએ 2 લાખ રૂપિયાના ઓનલાઈન ટ્રાન્ઝેક્શનનો જે QR નંબર મોકલ્યો તે નકલી હતો. ત્યારબાદ હોટલે મૃણાંક અને તેના મેનેજર ગગન સિંહથી સંપર્ક કર્યો હતો.

## અફગાનિસ્તાનના ત્રણ ક્રિકટરો પર પ્રતિબંધ, IPL રમવા પર શંકા

ગુજરાત | વંદન

અફગાનિસ્તાન ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા સોમવારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધોહતો. જેમાં દેશના નવીન ઉલ હક ,મુજીબ ઉર રહેમાન,ફઝલહક ફારુકિ પર ફ્રેન્ચાઈઝી ક્રિકેટ રમવાની મનાઈ કરવામાં આવી છે. તેમના પર આરોપ છે કે તેઓ અંગત હિતને ધ્યાનમાં લઈને રમત રમે છે. દેશહિત તેમના માટે મહત્વપૂર્ણ નથી. તેથી તેઓ આગામી ipl-2024 પણ રમી શકશે નહીં.

અફગાનિસ્તાન ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા તેમને આગામી બે વર્ષ સુધી t-૨૦ મેચ માટેની noc પણ આપવાનો ઈનકાર કરી દેવામાં



આવ્યો છે. વધુમાં આ ત્રણ ખેલાડીઓનો સેંટ્રલ કોન્ટ્રાક્ટ પર પણ રોક મૂકવામાં આવી છે.

નોંધનીય બાબત એ છે કે આ ત્રણ ખેલાડીઓ પરનો પ્રતિબંધ જો હટાવવામાં આવે નહીં તો ipl-2024ના ફ્રેન્ચાઈઝી કલકત્તા નાઈટ રાઈડર્સ ,લખનઊ સુપર જાયન્ટ્સ તેમજ સન રાઈઝર્સ હૈદ્રાબાદને મોટો ઝટકો લાગવાની સાંભવના છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# પ્રોજેક્ટ ટાઈગરને 50 વર્ષ પૂરા, પરંતુ એક જ વર્ષમાં 204 વાઘના મોત

■ વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન સોસાયટી ઑફ ઈન્ડિયાના રિપોર્ટમાં ખુલાસો

ગુજરાત | વંદન

વિશ્વમાં ભારત સહિત નેપાળ, ભુતાન, બાંગ્લાદેશ, મ્યાનમાર, રશિયા, ચીન, થાઈલેન્ડ, મલેશિયા, ઈન્ડોનેશિયા, કંબોડિયા, લાઓસ અને વિયેતનામ એમ 13 દેશમાં વાઘ જોવા મળે છે. આ પૈકી દુનિયાના 80 ટકા વાઘ એકલા ભારતમાં જોવા મળે છે. જોકે હાલ ભારતમાં પણ વાઘ અભયારણ્ય ધીમ ધીમે વાઘ વગરના થઈ રહ્યા છે. નોન-પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન સોસાયટી ઓફ ઈન્ડિયા (WPSI)ના રિપોર્ટમાં આ વાતનો ખુલાસો કરાયો છે. આ વર્ષે પહેલી જાન્યુઆરીથી 25 ડિસેમ્બર સુધી ભારતમાં 204 વાઘ માર્યા ગયા હતા.

આ રિપોર્ટમાં જણાવાયું છે કે, છેલ્લા એક વર્ષમાં સૌથી વધુ 52 વાઘના મોત મહારાષ્ટ્રમાં થયા છે, જે સૌથી મોટો આંકડો છે. ત્યારપછી બીજા ક્રમે મધ્ય પ્રદેશ છે, જ્યાં 45 વાઘના મોત થયા છે. દેશમાં સૌથી વધુ વાઘ પણ મધ્ય પ્રદેશમાં જ જોવા મળે છે. વાઘના મૃત્યુની બાબતમાં ત્રીજા ક્રમે ઉત્તરાખંડ છે, જ્યાં 26 વાઘ મર્યા છે. તમિલનાડુ અને કેરળમાં પણ 15-15 વાઘના મૃત્યુ થયા છે. મધ્ય પ્રદેશ પછી દેશમાં સૌથી વધુ વાઘ કર્ણાટકમાં છે અને ત્યાં પણ 13 વાઘના મોત થયા છે. આસમ અને રાજસ્થાનમાં પણ 10-10 વાઘના મોત થયા છે. ઉત્તર પ્રદેશમાં સાત, બિહાર



અને છત્તી સગઢમાં 3-3, ઓડિશા અને આંધ્રપ્રદેશમાં 2-2 અને તેલંગાણામાં એક વાઘનું મોત થયું છે.

આ દરેક વાઘ શિકારના કારણે જ નથી મર્યા પરંતુ વાઘના મોત પાછળ અલગ-અલગ કારણો છે. તે પૈકી કુદરતી કારણસર મૃત્યુ પામનારા વાઘની સંખ્યા 79 છે, તો શિકારના કારણે 55 વાઘ મૃત્યુ પામ્યા છે. પરસ્પર સંઘર્ષ એટલે કે ઈનફાઈટમાં 46 અને બચાવ કે સારવાર વખતે 14 વાઘ મૃત્યુ પામ્યા છે. ટ્રેન અકસ્માતમાં પણ સાત વાઘ મૃત્યુ પામ્યા છે. આ ઉપરાંત વનવિભાગની ગોળીથી કે ગ્રામજનોના કારણે એક વાઘ મૃત્યુ પામ્યો છે.

નવમી એપ્રિલ, 2023 ઓલ ઈન્ડિયા ટાઈગર એસ્ટિમેટ (2022) મુજબ, ભારતમાં 2018થી 2022 વચ્ચે 200 વાઘ વધવાનો અંદાજ હતો. આ રિપોર્ટ પ્રમાણે દેશમાં 2018માં વાઘની સંખ્યા 2,967 હતી, જે 2022માં વધીને 3,167 થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કર્ણાટકના મૈસૂરમાં 'પ્રોજેક્ટ ટાઈગર'ના 50 વર્ષની ઉજવણીમાં એક કાર્યક્રમમાં આ અહેવાલ રજૂ કરાયો હતો. આ પ્રસંગે તેમણે આંતરરાષ્ટ્રીય બિગ કેટ્સ એલાયન્સની પણ શરૂઆત કરી હતી.

# વર્ષની શરૂઆતમાં જ ISRO કરશે નવા મિશનની જાહેરાત

ગુજરાત | વંદન

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન હવે અવકાશના રહસ્યોનો ભેદ ઉકેલવાની તૈયારી કરી રહ્યું છે. આ પહેલા ઈસરોએ ચંદ્ર અને સુર્યના રહસ્યો ખોલવાનું અભિયાન હાથમાં લીધું હતું . જેમાં તેમને અદભૂત સફળતા મળી હતી.

તેથી હાલમાં ઈસરો પોતાનું નવું મિશન શરૂ કરવાને લઈને અતિશય ઉત્સાહી જોવા મળી રહ્યું છે.મળતી માહિતી મુજબ ઈસરો નવા વર્ષ 2024માં મોટો ધમાકો કરવાની યોજના બનાવી રહ્યું છે. ISRO અવકાશમાં એક્સ-રે સ્ત્રોતોના તીવ્ર ધ્રુવીકરણની તપાસ કરવા માટે તેના પ્રથમ એક્સ-રે પોલરિમીટર સેટેલાઇટના પ્રક્ષેપણ સાથે નવા વર્ષની શરૂઆત કરવા માટે તૈયાર છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, XPoSat 1 જાન્યુઆરી 2024ના રોજ લોન્ચ થશે. આ ભારતનું પ્રથમ સમર્પિત ધ્રુવીય મેટ્રી મિશન છે. ISRO એ જાહેરાત કરી છે કે XPoSat મિશન પોલર સેટેલાઇટ લોંચ વ્હીકલનો ઉપયોગ કરીને સવારે 9:10 વાગ્યે લોન્ચ થશે. ભારતની અવકાશ યાત્રામાં આ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સાબિત થવા જઈ રહ્યું છે.સૌથી મોટી વાત એ છે કે આ મિશન માત્ર ભારતનું પ્રથમ સમર્પિત પોલેરીમેટ્રી મિશન નથી, પરંતુ 2021માં લોન્ચ કરાયેલ નાસાના ઈમેજિંગ એક્સ-રે પોલેરીમેટ્રી એક્સપ્લોરર (IXPE) પછી વિશ્વનું બીજું મિશન પણ છે.

એકવાર આશરે 650 કિમીની નીચી પૃથ્વી ભ્રમણકક્ષા (LEO)માં તૈનાત કર્યા પછી, તે આગામી પાંચ વર્ષ માટે ડેટા પ્રદાન કરશે. ઉપગ્રહમાં બે મુખ્ય પેલોડ હશે, એક

અવકાશના રહસ્યને ઉકેલવાની તૈયારી શરૂ



બેંગલુરુ સ્થિત રમન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા વિકસાવવામાં આવ્યો છે અને બીજો ISROના UR રાવ સેટેલાઇટ સેન્ટર દ્વારા.

આવા મિશન સુપરનોવા વિસ્ફોટ જેવી બ્રહ્માંડની કેટલીક સૌથી રસપ્રદ ઘટનાઓની આસપાસના રહસ્યોને ઉજાગર કરવામાં પણ મદદરૂપ થાય છે. તેઓ ખગોળશાસ્ત્રીઓ માટે મહત્વપૂર્ણ છે જેઓ આમાંની કેટલીક ખગોળશાસ્ત્રીય પ્રક્રિયાઓ અને તેઓ જે એક્સ-રે પાડે છે તેની તપાસ કરે છે. પોલેરીમેટ્રી મૂળભૂત રીતે પ્રકાશની મિલકત છે. અવકાશમાં એક્સ-રે પોલેરીમેટ્રી કેવી રીતે કાર્ય કરે છે તેનો અભ્યાસ કરીને, ખગોળશાસ્ત્રીઓ પ્રકાશ ક્યાંથી આવે છે અને તે ઊર્જા સ્ત્રોત શું છે તે વિશે નવા રહસ્યો ઉકેલી શકે છે.

પ્રાપ્ત માહિતી મુજબ નાસાએ તાજેતરમાં ડિસેમ્બર 2021માં અવકાશમાં એક્સ-રે પોલેરીમીટરનો અભ્યાસ કરવા માટે એક મિશન પણ લોન્ચ કર્યું હતું. ઈમેજિંગ એક્સ-રે પોલેરીમેટ્રી એક્સપ્લોરર નામનું મિશન પહેલેથી જ તેનું બે વર્ષનું મિશન જીવન પૂર્ણ કરી ચૂક્યું છે અને તેને 2025 સુધી લંબાવવામાં આવ્યું છે.

# અમેરિકાએ સહાય મંજૂર કરતા રશિયા-યુક્રેન યુદ્ધ વકરશે

ગુજરાત | વંદન



અમેરિકી વિદેશમંત્રી એન્ટોની બ્લિંકને જાહેરાત કરી હતી કે અમેરિકા યુક્રેનને રશિયા સામેના યુદ્ધમાં મદદ કરવા માટે ચાલુ વર્ષે સહાયના છેલ્લાં પેકેજ તરીકે યુક્રેનને 250 મિલિયન ડૉલરના હથિયારો અને અન્ય ઉપકરણો પૂરાં પાડશે. અમેરિકી પ્રમુખ જો બાયડેને કોંગ્રેસને યુક્રેનને 61 બિલિયન ડૉલરની સહાય પૂરી પાડવા કહ્યું છે, પરંતુ રિપબ્લિકન અમેરિકા-મેક્સિકો સરહદ પર સુરક્ષા કડક કરવા ડેમોક્રેટ્સ સાથે કરાર કર્યા વિના સહાયને મંજૂરી આપવાનો ઈનકાર કરી રહ્યા છે.રશિયાના આક્રમણ પછી કોંગ્રેસે યુક્રેન માટે 110 બિલિયન ડૉલરથી વધુની રકમ મંજૂર કરી છે, પરંતુ જાન્યુઆરી 2023માં રિપબ્લિકન્સે ડેમોક્રેટ્સ પાસેથી હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સનો કબજો છીનવ્યો ત્યારથી કોઈ ફંડ મંજૂર થયું નથી.

# રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન PM મોદીની સાથે 4 લોકો જ રહેશે હાજર

ગુજરાત | વંદન

અયોધ્યામાં 22 જાન્યુઆરીએ નિર્માણાધીન રામ મંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન ગર્ભ ગૃહમાં માત્ર 5 લોકો હાજર રહેશે. જે સમયે રામલલાની મૂર્તિની આંખો પરથી પટ્ટી હટાવવામાં આવશે તે દરમિયાન પીએમ મોદી સિવાય માત્ર 4 લોકો હાજર રહેશે. પૂજા માટે આચાર્યોની 3 ટીમો પણ બનાવી દેવાઈ છે. પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન માત્ર 84 સેકન્ડનું જ શુભ મુહૂર્ત છે. આ દરમિયાન પીએમ મોદી રામલલાની મૂર્તિને ગર્ભગૃહમાં સ્થાપિત કરશે. આ દરમિયાન માત્ર 2 સેકન્ડમાં 'પ્રતિષ્ઠિત પરમેશ્વર' આ મંત્રનો પાઠ કરવામાં આવશે.

પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન ગર્ભગૃહમાં માત્ર 5 લોકો હાજર રહેશે. પીએમ મોદી સિવાય ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, સંઘ પ્રમુખ મોહન ભાગવત અને રામ મંદિરના મુખ્ય આચાર્ય સત્યેન્દ્ર હાજર રહેશે. રામલલાની મૂર્તિ સ્થાપિત કર્યા બાદ 'પ્રતિષ્ઠિત પરમેશ્વર' મંત્રનું ઉચ્ચારણ કરવામાં આવશે. આનો અર્થ થાય છે પરમેશ્વર તમે બિરાજમાન થાવ. આ મંત્રની સાથે જ રામલલાની મૂર્તિ સ્થાપિત થઈ જશે.

22 જાન્યુઆરીએ ઘણા વર્ષો બાદ દુર્લભ સંયોગ બની રહ્યો છે. બપોરે લગભગ 12.30 વાગે અમુક સેકન્ડ માટે આ યોગ બની રહ્યો છે. જ્યારે 9 ગ્રહોમાંથી 6 ગ્રહ એક સાથે હશે. આ દરમિયાન રામલલાની મૂર્તિને ગર્ભગૃહમાં સ્થાપિત કરવામાં આવશે. આ માટે આચાર્યોની ત્રણ ટીમ બનાવવામાં આવી છે. પહેલાનું નેતૃત્વ સ્વામી ગોવિંદ ગિરી કરશે. બીજી ટીમનું નેતૃત્વ કાંચી કામકોટિ શંકરાચાર્ય વિજયેન્દ્ર સરસ્વતી કરશે. ત્રીજી ટીમમાં કાશીના 21 વિદ્વાન હાજર રહેશે.

# માઇક્રોસોફ્ટ-ઓપન AI સામે કોપીરાઇટ ભંગ બદલ ન્યૂયોર્ક ટાઇમ્સે કેસ કર્યો

■ માઈક્રોસોફટે ટાઈમ્સના લાખો લેખોનો તેની મંજૂરી વગર ઉપયોગ કર્યાનો દાવો

ગુજરાત | વંદન

ન્યૂયોર્ક ટાઇમ્સે ચેટજીપીટી બનાવનારી ઓપન એઆઇ અને માઈક્રોસોફ્ટ સામે અમેરિકન કોર્ટમાં કેસ કર્યો છે કે આ કંપનીઓએ તેમના શક્તિશાળી એઆઇ મોડેલ્સ બનાવવા માટે તેમના લાખો લેખોનો તાલીમ માટે ઉપયોગ કર્યો છે અને આ માટે તેમની મંજૂરી લીધી નથી અને તેમજ તેને વળતર પણ ચૂકવ્યું નથી. હવે તે તેનો ઉપયોગ કરીને જંગી નફો રળી રહી છે.

આમ ન્યૂયોર્ક ટાઇમ્સના જર્નાલિઝમમાં જંગી રોકાણનો તેમણે વિના મૂલ્યે ઉપયોગ કરીને નફો રળતી પ્રોડક્ટ્સ બનાવી છે. એઆઇ ચેટબોટ્સના અચાનક થયેલા ઉદભવને લઈને ન્યૂયોર્ક ટાઈમ્સે આ કેસ દાખલ કરીને સંઘર્ષમાં ઉતરવાનો માર્ગ અપનાવ્યો છે. જ્યારે અન્ય મીડિયા જૂથોએ તેનાથી વિપરીત વલણ દાખવતા જર્મનીના એક્સેલ સિંગર અથવા એસોસિયેટેડ પ્રેસે ઓપન એઆઇ સાથે કન્ટેન્ટ ડીલ કર્યુ છે. અમેરિકામાં ધ ટાઇમ્સ અત્યંત પ્રતિષ્ઠિત સમાચાર સંગઠન છે. તેણે હવે આ કંપનીઓ તેની પ્રોડક્ટ્સનો ઉપયોગ કરતાં અટકે અને તેમના આધારે તેઓએ જે ડેટા બનાવ્યો છે તેને ખતમ કરવામાં આવે તેની માંગ કરી છે.

માઈક્રોસોફ્ટ ઓપન એઆઈમાં અગ્રણી રોકાણકાર છે. ગયા વર્ષે ચેટજીપીટી જારી થયા બાદ તેની પોતાની પ્રોડક્ટ્સ માટે એઆઇના પાવરનો સરળતાથી ઉપયોગ કરી રહ્યું છે.ચેટજીપીટીથી સજ્જ એઆઇ મોડેલ અને માઈક્રોસોફ્ટની કોપીલોટે વર્ષો સુધી ઈન્ટરનેટ પર ઉપલબ્ધ કન્ટેન્ટનો ઉપયોગ તેની તાલીમ માટે કર્યો છે.

## ભારત જોડો યાત્રા-2.0

# રાહુલ ગાંધી હવે પૂર્વથી પશ્ચિમ ભારત યાત્રા કરશે

■ મકરસંક્રાતિના પાવન દિવસથી મણીપુરથી શરૂ થઈને મુંબઈમાં સમાપ્તિ

ગુજરાત | વંદન



કોંગ્રેસ લોકસભાની ચૂંટણી પહેલા ભારત જોડો યાત્રાનો બીજો તબક્કો શરૂ કરવા જઇ રહી છે. અગાઉ રાહુલ ગાંધીની આગેવાનીમાં કેરળના કન્યાકુમારીથી જમ્મુ કાશ્મીર સુધી એટલે કે દક્ષિણથી ઉત્તર સુધી આ યાત્રા કાઢવામાં આવી હતી. આ વખતે મણિપુરથી મુંબઇ સુધી યાત્રા કાઢવામાં આવશે. રાહુલ ગાંધીની આગેવાનીમાં ભારત જોડો યાત્રાનો બીજો તબક્કો મણિપુરથી ૧૪મી જાન્યુઆરીથી શરૂ થશે. અને ૨૦મી માર્ચે મુંબઈમાં પૂર્ણ કરવામાં આવશે. યાત્રા દરમિયાન ગુજરાત સહિત ૧૪ રાજ્યોને આવરી લેવામાં આવશે. આ પહેલા રાહુલ ગાંધી અને તેમના કાફલાએ કન્યાકુમારીથી કાશ્મીર સુધી ૪૦૦૦ કિમીની યાત્રા પગપાળા પૂર્ણ કરી હતી.

આ દરમિયાન તેમણે બેરોજગારી, ખેડૂતોની આત્મહત્યા સહિતની સમસ્યાઓ, મહિલાઓની સુરક્ષા, કાયદો વ્યવસ્થા, મજૂરો, દલિતોની સમસ્યાઓ વગેરે મુદ્દા ઉઠાવ્યા હતા. ૧૪મી જાન્યુઆરીએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે મણિપુરના ઈમ્ફાલથી યાત્રાને લીલી ઝંડી આપશે. આ યાત્રા મણિપુરથી શરૂ થઈને નાગાલેન્ડ, આસામ, મેઘાલય, પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત થઈને મહારાષ્ટ્રમાં પ્રવેશ કરશે. મુંબઈમાં ભવ્ય કાર્યક્રમ યોજવાની શક્યતાઓ છે.

આગામી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે એવામાં રાહુલ ગાંધીની આ યાત્રા રાજકીય રીતે કોંગ્રેસ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. લોકસભાની ચૂંટણી એપ્રીલથી મે વચ્ચે યોજાઇ શકે છે તે પહેલા રાહુલ ગાંધીની યાત્રા પૂર્ણ થઇ જશે.

ભારત જોડો યાત્રાના બીજા તબક્કાને ભારત ન્યાય યાત્રા નામ આપવામાં આવ્યું છે. ભારત જોડો યાત્રાની સૌથી પહેલા શરૂઆત ૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ કરવામાં આવી હતી. જેનાથી કોંગ્રેસને હિમાચલ પ્રદેશ, કર્ણાટક અને તેલંગણામાં ફાયદો થયો હતો અને સત્તા પણ મેળવી હતી. લોકોને કોંગ્રેસ સાથે જોડવામાં પણ યાત્રા મહત્વપૂર્ણ સાબિત થઇ રહી હોવાનો દાવો પક્ષના નેતાઓ કરતા આવ્યા છે. ભારત ન્યાય યાત્રાની જાહેરાત કરતા કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું હતું કે આ યાત્રાની આગેવાની રાહુલ ગાંધી લેશે. કોંગ્રેસની ન્યાય યાત્રા પગપાળા અને બસ દ્વારા પૂર્ણ કરાશે, આ દરમિયાન ૬૨૦૦ કિમીનું અંતર કાપવામાં આવશે.

જ્યારે ભાજપે દાવો કર્યો છે કે કોંગ્રેસ ભારત ન્યાય યાત્રાના માધ્યમથી જનતાને મૂર્ખ નહીં બનાવી શકે.

# કતારની જેલમાં બંધ 8 ભારતીયઓને રાહત, મૃત્યુદંડની સજા પર સ્ટે મૂકાયો

■ ભારતીય નૌકાદળના 8 પૂર્વ અધિકારીઓ હવે હેમખેમ ભારત પરત આવશે...

ગુજરાત | વંદન



ઈસ્લામિક દેશોમાં જેનું મોટું નામ છે એવો કતાર પણ ભારત સામે ઝૂકી ગયો છે. કતારની કોર્ટે પહેલા 8 ભારતીયોને જાસૂસીના આરોપમાં મોતની સજા ફટકારી હતી પરંતુ ભારતના ઉગ્ર વાંધા બાદ તેને ઝૂકવું પડ્યું હતું. કતારમાં ફાંસીની સજા પામેલા ભારતના 8 પૂર્વ નેવી અધિકારીઓને મોટી રાહત મળી છે. કતારની કોર્ટે હવે તેમની સજા હળવી કરી છે.

કતારની એક કોર્ટે આ 8 ભારતીયોને જાસૂસીના આરોપસર ફાંસીની સજા સંભળાવી હતી જે પછી ભારત સરકારે કતારની કોર્ટના આ ચુકાદા સામે ભારે નારાજગી વ્યક્ત કરીને તેમની સજા રદ કરવાનો આગ્રહ કર્યો હતો પરંતુ હવે કોર્ટે તેમની રાહત આપી છે. ભારતીય વિદેશ મંત્રાલયે માહિતી આપતાં કહ્યું કે અમારી અપીલની અસર થઈ છે. દોહા કોર્ટે 8 ભારતીયોને સજા હળવી કરી છે હવે તેમને ફાંસીની સજા નહીં કરવામાં આવે.

ભારતના 8 નેવી અધિકારીઓને જાસૂસીના આરોપસરમાં કતારમાં ફાંસીની સજા કરવામાં આવી હતી. કતાર કોર્ટના ફાંસીની સજા હળવી કરવાના ચુકાદા બાદ ભારતમાં રહેતા તેમના પરિવારમાં ખુશી છલકાઈ હતી. પરંતુ હવે ખરો સવાલ એ છે કે તેમનું ભવિષ્ય શું. તેમને છોડવામાં આવશે કે નહીં. કે પછી તેમને આજીવન જેલમાં રહેવું પડશે.

# 'સાસરિયા પક્ષનો પુત્રવધુ સામે સામાન્ય દુર્વ્યવહાર ક્રૂરતા ન ગણાય': સુપ્રીમ કોર્ટ

ગુજરાત | વંદન

કર્ણાટકના એક કેસની સુનાવણી કરતા દહેજ ઉત્પીડન અંગે સુપ્રીમ કોર્ટે એક મોટી ટિપ્પણી કરી છે. કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસ સંજીવ ખન્નાની અધ્યક્ષતાવાળી ખંડપીઠે કહ્યું કે સાસરિયામાં છોકરી સાથે સામાન્ય દુર્વ્યવહારના કેસને દહેજ ઉત્પીડનનું નામ ન આપી શકાય. ખંડપીઠે કહ્યું કે, જો ફરિયાદીના લગ્ન જીવનમાં દખલગીરી અથવા સંડોવણીના કોઈ ફિઝિકલ પુરાવા નથી તો આરોપીને IPCની કલમ 498A હેઠળ ક્રૂરતા માટે દોષી ન ઠેરવી શકાય. જસ્ટિસ સંજીવ ખન્નાએ એક તાજેતરના આદેશમાં આ સ્પષ્ટ કર્યું છે.



કોર્ટ કર્ણાટકના એક મહિલાની અપીલ પર સુનાવણી કરી રહી હતી. જેમાં તેમની નવપરિણીત ભાભીએ અભદ્ર ભાષાનો ઉપયોગ કરીને તેમના પ્રાઈવેટ સામાનને કચરાપેટીમાં ફેંકવાનો આરોપ લગાવ્યો હતો. કલમ 498A હેઠળ જે કોઈ પણ કોઈ મહિલાનો પતિ અથવા સબંધી આવી મહિલી સાથે ક્રૂરતા કરશે તેને ત્રણ વર્ષની કેદની સજા થશે અને દંડ પણ ફટકારવામાં આવશે. જોકે, ખંડપીઠને એ જાણવા મળ્યું કે, આરોપી મહિલા પોતાની ભાભી સાથે તે ઘરમાં નથી રહેતી. મહિલા વિદેશમાં રહેતી હતી. અદાલતને જાણવા મળ્યું કે, ભાઈની પત્નીએ મહિલા દ્વારા પોતાના ઉપર કરવામાં આવેલી ક્રૂરતાની કોઈ વિશેષ માહિતી નથી આપી. ખંડપીઠે કહ્યું કે, ભાઈએ 2022માં જ પોતાની પત્નીને ડિવોર્સ આપી દીધા હતા. તેમના વિરુદ્ધ તેમની ભાભીના આરોપ ખૂબ જ અસ્પષ્ટ અને સામાન્ય હતા.

કોર્ટે આદેશ આપ્યો કે,અમે અપીલકર્તાઓ સામે ફોજદારી કાર્યવાહી રદ કરીએ છીએ. જો કે, અમે સ્પષ્ટ કરીએ છીએ કે પુરાવાના રેકોર્ડિંગ દરમિયાન જો કોઈ સામગ્રી રેકોર્ડ પર આવે છે, તો તે ટ્રાયલ કોર્ટ માટે કાયદા મુજબ આગળ વધવા માટે ખુલ્લો રહેશે.

## 2023નું વર્ષ કલાઈમેટ ચેન્જની રીતે અત્યાર સુધીનું સૌથી વધુ ગરમ વર્ષ રહ્યું....

# પ્રદૂષણને રોકવા નવા વર્ષમાં બેટરી ઓપરેટેડ વાહનોનો નવો યુગ આવશે..!

ગુજરાત | વંદન

વર્ષ 2023 ગણતરીના કલાકોમાં કાળની ગર્તામાં સમાઈ જશે. 2023નું વર્ષ કેવુ રહ્યું તેના લેખાજોખાં થયા અને થશે. વિવિધ ક્ષેત્રની જેમ પર્યાવરણક્ષેત્રે પણ 2023ના વર્ષમાં વાતાવરણ કેવુ રહ્યું, દિલ્હીમાં વાયુ પ્રદૂષણે કેવો હાહાકાર મચાવ્યો તેની નોંધ લેવાઈ તો તેની સાથે દુનિયા આખીને પરેશાન કરનાર ક્લાઈમેટ ચેન્જ(જળવાયુ પરિવર્તન)ના મૂલ્યાંકનમાં એવુ પૂરવાર થયું કે 2023નું વર્ષ કલાઈમેટ ચેન્જ માટે સારું રહ્યું નથી. કેમ કે આ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ હતું.

આ વર્ષે કાર્બન ઉત્સર્જન(વાયુ પ્રદૂષણ જેમાં વાહનોના ધૂમાડાનો પણ સમાવેશ થાય છે)માં નવા રેકોર્ડ સર્જાયા છે. તે ફરી એક વખત સાબિત થયું કે દુનિયા જળવાયુ સંકટને પહોંચી વળવા માટેના પ્રયાસોમાં ઘણી પાછળ છે. દુબઈમાં આયોજિત ક્લાઈમેટ કોન્ફરન્સ COP28માં કંઈ મોટું જોવા મળ્યું ન હતું. તેમ છતાં, જર્મન થિંક ટેન્ક ન્યૂ ક્લાઈમેટ ઈન્સ્ટિટ્યૂટના સંશોધને વર્ષ 2024 માટે આશાજનક ચિત્ર દોર્યું છે. આબોહવા અંગે આવા ફેરફારો થઈ રહ્યા છે જેની અસર 2024માં ચોક્કસપણે જોવા મળશે.

છેલ્લા કેટલાક દાયકાઓમાં ક્લાઈમેટ ચેન્જ એક સળગતી સમસ્યા બની રહી છે. ડીડબ્લ્યુના રિપોર્ટ અનુસાર, આ અભ્યાસમાં 2015માં પેરિસ સમજૂતી બાદ ક્લાઈમેટ ચેન્જ પર થયેલી પ્રગતિની તપાસ કરવામાં આવી છે. આ સમજૂતીમાં વૈશ્વિક તાપમાનમાં સરેરાશ વધારાને દોઢ ડિગ્રી સેલ્સિયસ સુધી સીમિત કરવાના પ્રયાસો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો

રિપોર્ટ અનુસાર, અભ્યાસમાં દુનિયામાં ચાલી રહેલા એવા સંકેતો તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે જે દર્શાવે છે કે બધુ હજી પૂરું નથી થયું. છેલ્લાં 8 વર્ષમાં એક મોટો બદલાવ એ છે કે આજે સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા ચોખ્ખી શૂન્ય ઉત્સર્જન(નેટ ઝીરો કાર્બન)નું સ્તર હાંસલ કરવામાં વ્યસ્ત છે. હવે આ લક્ષ્યોને રાજકીય રીતે પણ સ્વીકારવામાં આવી રહ્યા છે, જે એક સારી નિશાની કહી શકાય.




એક એવા છોડની શોધ થઇ કે જે દુષ્કાળમાં પણ ઉગશે અને ઉપજ આપશે..

અહેવાલમાં સંતોષ વ્યક્ત કરવામાં આવ્યો છે કે જળવાયુ પરિવર્તન અંગે જાગૃતિ ઘણી વધી છે. પ્રદર્શનો વધ્યા છે અને તેના મુદ્દાઓ મીડિયામાં વધુ ધ્યાન આપી રહ્યા છે. તેના કાયદાકીય કેસો અને નીતિની ચર્ચા વધી છે. કંપનીઓ હવે આબોહવા પ્રત્યે સંવેદનશીલ બની છે. ઉદ્યોગપતિઓ અને રોકાણકારોએ પણ તેની નોંધ લેવાનું શરૂ કર્યું છે. નવા ઉત્પાદનો બનાવતી વખતે ઉત્પાદકોએ આબોહવાને ધ્યાનમાં લેવાનું શરૂ કર્યું છે. તે સાચું છે કે તેલ અને ગેસ હજુ પણ વિશ્વના ઉર્જા બજાર પર પ્રભુત્વ ધરાવે છે, તેમ છતાં પરિવર્તન દેખાઈ રહ્યું છે. હવે વિશ્વ પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉત્પાદન અને કિંમતો અંગે ગંભીર અને સંવેદનશીલ બનવાનું શરૂ કર્યું છે. અભ્યાસુઓ તેને નવો નોર્મલ કહી રહ્યા છે. હવે અશ્મિભૂત ઈંધણ(પેટ્રોલ-ડિઝલ) ક્યારે દૂર કરી શકાય તેના પર ફોકસ છે. નવા વર્ષમાં બેટરી ઓપરેટેડ ઈલેક્ટ્રિક વાહનોનું આગમન એક નવા યુગનો સંકેત આપી રહ્યું છે.

બીજી તરફ કલાઈમેટ ચેન્જની અસરમાંથી ખેતીને બચાવવાના સંશોધનોમાં વિજ્ઞાનીઓને એક એવી ફોર્મ્યુલા હાથ લાગી છે કે કલાઈમેટ ચેન્જની અસરથી કદાજ વરસાદ ન આવે કે ઓછો પડે અને દુષ્કાળની સ્થિતિમાં સર્જાય તો પણ છોડ ઉગશે અને ઉપજ આપશે.

જો વિશ્વના પાકને જળવાયુ પરિવર્તન અને આત્યંતિક હવામાનની અસર ન થાય તો શું? જો આમ કરી શકાય તો દુનિયાને એક સાથે અનેક સમસ્યાઓમાંથી મુક્તિ મળી શકે તેમ છે. યુનિવર્સિટી ઓફ નોટિંગહામના સંશોધકો દ્વારા કરવામાં આવેલી શોધ મહત્વની બની શકે છે. તેમણે છોડના મૂળમાં એક વિશેષ પ્રોટીન શોધી કાઢ્યું છે જે પાણીના પ્રવાહ અને પોષક તત્વોને નિયંત્રિત કરે છે.

વૈજ્ઞાનિકોને આશા છે કે આ સાથે દુષ્કાળ પ્રતિરોધક પાકો વિકસાવવામાં આવશે અને ભવિષ્યમાં વિશ્વની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવી શક્ય બનશે. અન્ય રીતે જોઈએ તો દુષ્કાળની સ્થિતિમાં જ્યારે પાણીની તંગી હોય તેવા સમયે પણ આ છોડ ઉગશે અને ઉપજ આપી શક્શે.

સાયન્સ જર્નલમાં પ્રકાશિત થયેલા એક અહેવાલ અનુસાર, છે. સંશોધકોએ છોડના મૂળમાં ડિગ્રેડન્ટ પ્રોટીન શોધી કાઢ્યું છે જે કોષોના આંતરિક સ્તર એંડોડર્મિસમાં લિગ્નિન અવરોધને નિયંત્રિત કરે છે. આનાથી મૂળ કેટલું પાણી અને પોષણ શોષે છે તે નિયંત્રિત કરી શકે છે. તેમણે આ વ્યવસ્થાને સમજવાનો પ્રયત્ન કર્યો છે.

(અનુસંધાન પેજ નં.6 પર)

# એનિમલનું અનકટ વર્ઝન ઓટીટી પર રજૂ કરવાનો પ્લાન ફેલ થયો




ટિકિટબારી પર સુપરહિટ સાબિત થયેલી ફિલ્મ 'એનિમલ'નું અનકટ વર્ઝન ઓટીટી પર રજૂ કરવાનો પ્લાન નિષ્ફળ જાય તેવા સંજોગો છે. ઓટીટી પ્લેટફોર્મે કોઈ અન્સેન્સર્ડ દશ્યો બતાવવાનો ઈનકાર કરી દીધો હોવાનું કહેવાય છે.

ફિલ્મ સર્જક સંદિપ રેડ્ડી વાંગા દ્વારા એવો પ્રચાર કરવામાં આવ્યો હતો કે આ ફિલ્મનું અનસેન્સર્ડ વર્ઝન ઓટીટી પર રજૂ થશે. સેન્સર બોર્ડ દ્વારા કાપી નાખવામાં આવેલાં કેટલાંક દશ્યો તથા સંવાદો ઓટીટી પર જોઈ શકાશે. તેના કારણે ઓટીટી પર ફિલ્મ વધારે લાંબી પણ હશે.

જોકે, આ ફિલ્મ માટે સોદો કરનાર આંતરરાષ્ટ્રીય ઓટીટી પ્લેટફોર્મે કોઈ વિવાદ ટાળવા માટે ભારતીય સેન્સર બોર્ડ દ્વારા જે વર્ઝન માન્ય કરાયું છે તે જ રજૂ કરવાનો નિર્ણય કર્યો છે. તેમણે સંદિપ રેડ્ડી વાંગાને જણાવી દીધું છે કે તેઓ કોઈ અન્સેન્સર્ડ દશ્યો કે સંવાદો દર્શાવી શકાશે નહીં. થિયેટર વર્ઝનમાં ફિલ્મના સાઉન્ડ મિક્સિંગમાં કેટલાક ઈશ્યૂ રહી ગયા હતા હતા તે દુરસ્ત કરવાની જોકે, મંજૂરી આપવામાં આવી છે. સંદિપ રેડ્ડી વાંગાએ જાતે કબૂલ્યું છે કે ફિલ્મ રીલીઝ કરવાની ડેટ નજીક આવી ગઈ હતી તેના કારણે ઉતાવળને લીધે ફિલ્મના સાઉન્ડ મિક્સિંગમાં કેટલીક ટેકનિકલ ખામીઓ રહી ગઈ છે. તે હવે ઓટીટી રીલીઝમાં સુધારી દેવાશે.

# 'આશિકી ૩'માં કાર્તિક આર્યન સાથે તૃપ્તિ ડીમરી આશિકી કરશે...



રણબીર કપૂર-બોબી દેઓલ સાથેની ફિલ્મ એનિમલના કારણે તૃપ્તિ ડીમરી તરફ સૌની નજર મંડાયેલી છે. અગાઉ 'કાલા' અને 'બુલબુલ' જેવી ફિલ્મોમાં તૃપ્તિની એક્ટિંગ વખણાઈ હતી, પરંતુ 'એનિમલ' સાથે તેને સ્ટાર કેટગરીમાં સ્થાન મળ્યુ હતું. સોશિયલ મીડિયા પર તૃપ્તિને નેશનલ ક્રશનું બિરુદ મળી રહ્યું છે. વધી રહેલી લોકપ્રિયતાનો લાભ તૃપ્તિને મળવા માંડ્યો છે. કાર્તિક આર્યન સાથે આગામી ફિલ્મ આશિકી ૩માં તૃપ્તિનો લીડ રોલ ફાઈનલ થયો છે.

ભુષણ કુમાર કાર્તિક આર્યન સાથે આશિકી ૩ બનાવવાની જાહેરાત ઘણાં સમય પહેલા કરી ચૂક્યા છે. 'એનિમલ'ના પ્રોડ્યુસર પણ ભુષણ કુમાર જ છે. આમ, તેઓ તૃપ્તિથી પરિચિત છે. તેઓ કાર્તિક આર્યન સાથે આશિકી ૩ બનાવવા માગતા હતા, પરંતુ લીડ રોલમાં કોઈ એક્ટ્રેસ નક્કી થઈ ન હતી. તેમણે તૃપ્તિ ડીમરીને આ રોલ માટે ફાઈનલ કરી હોવાનું કહેવાય છે. લીડ એક્ટ્રેસ નક્કી થઈ જતાં બે મહિનામાં ફિલ્મનું શૂટિંગ શરૂ કરવાનું આયોજન છે. શૂટિંગની શરૂઆત કરતા પહેલા ફિલ્મના ડાયરેક્ટરે તેમને હોમવર્ક પણ આપી દીધું છે. તેમને સ્ક્રિપ્ટ સમજવા અને વર્કશોપ્સ કરવા કહેવાયું છે, જેથી સેટ પર પહોંચે ત્યારે માનસિક સજ્જ થઈ શકાય. 10 વર્ષ અગાઉ આશિકી 2 રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં શ્રદ્ધા કપૂર અને આદિત્ય રોય કપૂર લીડ રોલમાં હતા. સીક્વલ અને ફ્રેન્ચાઈઝી ફિલ્મો ઓડિયન્સને પસંદ આવી રહી હોવાથી આશિકીનો ત્રીજો ભાગ બનાવવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. કાર્તિક આર્યન અને ભુષણ કુમાર આ પહેલાથી ભૂલ ભુલૈયા ૩નું કામ પણ શરૂ કરી ચૂક્યા છે.





# રવીનાની વેબ-સિરીઝ 'કર્મા કૉલિંગ' 26 જાન્યુઆરીએ રિલીઝ થશે

રવીના ટંડન વેબ-સિરીઝ 'કર્મા કૉલિંગ' લઈને આવી રહી છે. ડિઝની + હૉટસ્ટાર પર આ સિરીઝ ૨૬ જાન્યુઆરીએ રિલીઝ થવાની છે. એ શોમાં ઈન્દ્રાણી કોઠારીના રોલમાં રવીના જોવા મળવાની છે. આ સિરીઝ યુએસની 'રિવેન્જ' પરથી ઍડપ્ટ કરવામાં આવી છે. ગ્લૅમરના ઝગમગાટમાં છેતરપિંડી અને વિશ્વાસઘાતની સ્ટોરી રવીના દેખાડશે. શોને રુચિ નારાયણે ડિરેક્ટ કરી છે.

શો વિશે રવીના ટંડને કહ્યું કે 'ઈન્દ્રાણી કોઠારી આખા વિશ્વને પોતાનું મંચ માને છે અને ઘણા સમયથી મેં આવો રોલ નથી કર્યો. 'કર્મા કૉલિંગ'માં ધનવાનોનાં વિવિધ પાસાંઓને દેખાડશે. ઈન્દ્રાણીનો રોલ કરીને મને એક ઍક્ટર તરીકે પોતાની જાતને વધુ એક્સપ્લોર કરવાની તક મળી છે. આ એક એવો રોલ છે જે કદી જોયો નહીં હોય અને મેં કદી કર્યો નથી. લોકોનાં રીઍક્શન્સ જાણવા માટે હું આતુર છું. રુચિ નારાયણ સાથે કામ કરવાનો અનુભવ શાનદાર રહ્યો.'

# પ્રિયંકાના નામનો લાભ ઉઠાવી કામ કરવા નથી માગતી મીરા ચોપડા



મીરા ચોપડા ફિલ્મ 'સફેદ'માં દેખાવાની છે. આ ફિલ્મ ૨૯ ડિસેમ્બરે ઝીફાઈવ પર રિલીઝ થવાની છે. પ્રિયંકા ચોપડા જોનસ અને પરિણીતી ચોપડાની તે કઝિન છે. જોકે તેમની પાસેથી મીરાએ કદી કોઈ અપેક્ષા નથી રાખી. એ વિશે મીરાએ કહ્યું કે 'હું ઈન્ડસ્ટ્રીમાં ૯ વર્ષથી કામ કરું છું અને મેં માત્ર ચાર પ્રોજેક્ટ્સમાં જ કામ કર્યું છે. એનો અર્થ એ નથી કે હું અટકી જાઉં. મને વધુ રોલ મળવા જોઈતા હતા, જે નથી મળ્યા. હું લોકોની પાછળ દોડીને થાકી ગઈ છું. આ જ કારણ છે કે 'સફેદ' જેવી ફિલ્મો બનવી જોઈએ જેમાં હું પ્રામાણિકતા અને વાસ્તવિકતાની સાથે મારી કુશળતા દેખાડી શકું. મને લાગે છે કે કદાચ લોકોને નથી ખબર કે હું સારી ઍક્ટર છું.'

કઝિન પ્રિયંકા અને પરિણીતી વિશે મીરાએ કહ્યું કે 'તેઓ ફિલ્મની ફેમિલીમાંથી આવે છે અથવા તો તેઓ ઈન્ડસ્ટ્રીમાં લોકોને ઓળખે છે. આ અટકવું જોઈએ અને ટૅલન્ટને આગળ વધવાનો ચાન્સ મળવો જોઈએ. દર્શકોએ પણ ટૅલન્ટની કદર કરવી જોઈએ. હું તેમના પરિવારની જ છું. જોકે એવું ક્યારેય નથી બન્યું કે મને જ્યારે કોઈ રોલ નહોતા મળતા ત્યારે કોઈએ મારી મદદ કરી હોય. કોઈએ ફોન કરીને પણ નહોતું જણાવ્યું કે આ મારી બહેન છે તો તેને કામ આપો. આવું ક્યારેય નથી થયું અને હું પણ એવું નથી ચાહતી. મારે કામ મેળવવા માટે ફૅમિલી કાર્ડ નહોતું રમવું.'

# રૉબર્ટ ડાઉની જુનિયર હવે આયર્ન મૅન નહીં બને : કેવિન ફાઈગી



માર્વલ સિનેમૅટિક યુનિવર્સના પ્રેસિડન્ટ કેવિન ફાઈગીનું કહેવું છે કે રૉબર્ટ ડાઉની જુનિયર હવે આયર્ન મૅન તરીકે જોવા નહીં મળે. ૨૦૧૯માં આવેલી 'ધ અવેન્જર્સ : એન્ડગેમ'માં તે છેલ્લે જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં દુનિયાને બચાવવા માટે તેણે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. આ વિશે વાત કરતાં કેવિન ફાઈગીએ કહ્યું કે 'અમે આ ફિલ્મની જે ક્ષણ હતી એને એમની એમ જ રાખવા માગીએ છીએ. અમે એને ક્યારેય ટચ નહીં કરીએ. અમે અહીં સુધી પહોંચવા માટે છેલ્લાં ઘણાં વર્ષોથી ખૂબ જ મહેનત કરી હતી. અમે કોઈ પણ મૅજિક કે ટ્રિક દ્વારા આ મોમેન્ટને બદલવા નથી માગતા.'

# ફુલ્લી કોમેડીથી ભરપૂર 'ડેની જીગર' ફિલ્મ 5 જાન્યુઆરીએ રિલિઝ થશે




તમામ સીનેમાઘરોમાં ધુમ મચાવવા 5 જાન્યુઆરી ના વધુ એક ગુજરાતી ફિલ્મ 'ડેની જીગર' ફુલ્લી કોમેડી અને પરિવાર સાથે માણી શકાય તેવી ફિલ્મ રિલિઝ થવા જઈ રહી છે. આ ફિલ્મ ના મુખ્ય પાત્રો યશ સોની અને તર્જની ભાડલાએ સાંજ સમાચાર હાઉસ ની મુલાકાત લીધી હતી. ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી નો સુવર્ણ સમય ચાલી રહ્યો છે. ત્યારે ફરી એક વાર હાસ્ય પિરાસવા યશ સોની પી.આઈ. ડેની જીગરની ડેની જીગર ફિલ્મ આવી રહી છે. તેઓ ત્રણ એકકા, નાડીદોષ, રાડો, છેલ્લો દિવસ જેવી ફિલ્મોથી દર્શકોમાં છવાઈ ચુક્યા છે. આ ફિલ્મમાં તેઓએ પી.આઈ. ડેની જીગરનો રોલને ન્યાય આપ્યો છે. મુર્તિ ચારને પકડવા તેમણે આદરેલા પ્રયાસો કઈક અલગ જ અંદાજમાં રજુ થયા છે.

આ ફિલ્મ નું શૂટિંગ અમદાવાદ માં કરવામાં આવ્યું હતું. આ તકે યશ સોની જણાવે છે કે મારા માટે એકદમ નવો અનુભવ છે. જેમાં અમને પણ કિરદાર નિભાવામાં ખૂબ મજા આવી હતી. દર્શકોને ને પણ આનંદ આવશે સૌ પરિવાર સાથે નિહાળી શકશો. આગામી 5 જાન્યુઆરી ના આ ફિલ્મ રિલિઝ થશે. 'ડેની જીગર નો નીડસ ગન એન્ડ ટ્રીગર' જેવા ડાયલોગ્સ પણ દર્શકોને સ્પર્શી જાય તેવા છે. આ ફિલ્મમાં 600 વર્ષ જુની મુર્તિ ચોરાય જવાની વાર્તા છે. આ મુર્તિ ભારત તરફથી જાપાનના વડાપ્રધાનને ભેટ આપવાની હતી.

# 'ડંકી'માં કામ કરવું એ મારા વિશેની પહેલી એવી અફવા છે જે સાચી પડી : તાપસી પન્નુ



તાપસી પન્નુ 'ડંકી'માં શાહરુખ ખાન સાથે જોવા મળી રહી છે. આ ફિલ્મની સત્તાવાર જાહેરાત થાય એ પહેલાં તાપસી આ ફિલ્મમાં દેખાવાની છે એવી અફવા ફેલાઈ હતી. એ અફવાને તે સારી અને સાચી ગણે છે.

આ ફિલ્મને રાજકુમાર હીરાણીએ ડિરેક્ટ કરી છે. 'ડંકી'માં કામ કરવાની અફવા અને તેને કેવી રીતે ફિલ્મ મળી એ વિશે તાપસીએ કહ્યું કે 'મારા માટે પણ એ થોડું મજેદાર છે, કેમ કે

'ડંકી' માટેનો પહેલો કૉલ રાજુસર પાસેથી જ આવ્યો હતો, પરંતુ એ પહેલાં એ અફવા અનેક ઠેકાણે ફરી વળી હતી. મને આ ફિલ્મ માટે કન્સિડર કરવામાં આવી છે અને હું આ ફિલ્મમાં કામ કરી રહી છું એવી અફવા ફેલાઈ હતી. મને વિચાર આવ્યો કે આ તો શક્ય જ નથી. પહેલી વખત ઢંગની અફવા મારા વિશે ફેલાઈ હતી. ચાલો, હું આ સાંભળીને જ ખુશ થઈ જાઉં. જોકે બાદમાં મને સરનો કૉલ આવ્યો. તેમણે મને પહેલાં એમ જ કહ્યું કે ચાલો મીડિયાએ તો જણાવી જ દીધું છે તો હું વિચારું છું કે ફોન કરીને હું પણ તને જણાવી દઉં. આ એકમાત્ર એવી અફવા હતી જે સારી અને સાચી પણ પડી હતી.'

# ઈશાન ખટ્ટરને એક રોમેન્ટિક ઓટીટી સીરીઝ મળી



મોટા પડદે ખાસ નહીં ચાલતો ઈશાન ખટ્ટર જોકે, ઓટીટીમાં ચાલી પડયો છે. તેને વધુ એક ઓટીટી સીરીઝ મળી ગઈ છે. એક મલ્ટીનેશનલ ઓટીટી પ્લેટફોર્મ પર રીલીઝ થનારી આ સીરીઝનું કામચલાઉ ટાઈટલ હાલ 'રોયલ' નક્કી કરવામાં આવ્યું છે. આ સીરીઝ પ્રિતિશ નાંદી કોમ્યુનિકેશન દ્વારા બનાવાઈ રહી છે. આ જ નિર્માતા દ્વારા અગાઉ 'ફોર મોર શોટ્સ ' નામની બહુ લોકપ્રિય પરંતુ અતિશય બોલ્ડ વેબ સીરીઝ બનાવવામાં આવી હતી. ઈશાન ખટ્ટર આ પહેલાં 'એ સ્યૂટેબલ બોય' વેબ શોમાં દેખાઈ ચૂક્યો છે. હાલ તે 'પરફેક્ટ કપલ' નામના વેબ શોમાં પણ કામ કરી રહ્યો છે. તેની ફિલ્મ 'પિપા' તાજેતરમાં રીલીઝ થઈ છે પરંતુ તે બહુ લોકપ્રિય બની નથી. ઈશાને 'ધડક' ફિલ્મ દ્વારા જાહ્નવી કપૂરના હિરો તરીકે કારકિર્દી શરુ કરી હતી. પરંતુ તે પછી તેની ફિલ્મ કારકિર્દી બહુ મોટા સ્કેલ પર આગળ વધી નથી. જોકે, તે છેલ્લા કેટલાક સમયથી જે રીતે વિવિધતાભર્યા રોલ કરી રહ્યો છે તે પરથી ક્રિટિક્સ એવું માની રહ્યા છે કે ઈશાનને ટિપિકલ મસાલા ફિલ્મોના સ્ટાર બની રહેવામાં કોઈ રસ પણ નથી.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

### ઉજવણીના કાર્યક્રમોમાં ભાગલેનાર સંતાનો પર રહેશે જાસૂસોની નજર

# થર્ટી- ફર્સ્ટની ઉજવણી માટે અમદાવાદ તૈયાર, રંગારંગ કાર્યક્રમોની ભરમાર...

■ સીજી રોડ સહિત કલબો, પાર્ટી પ્લોટ, શોપિંગ મોલ વગેરેમાં યોજાશે હાઈપ્રોફાઈલ પાર્ટીઓ...

ગુજરાત | વંદન

ઈશુના નવા વર્ષની ઉજવણીને આખરી ઓપ આપવામાં આવી રહ્યું છે. અમદાવાદ શહેરમાં કોર્પોરેશન દ્વારા 25 ડિસેમ્બર નાતાલથી કાંકરિયા કાર્નિવલનો પ્રારંભ થયો છે અને થર્ડી ફર્સ્ટ એટલે કે 31 ડિસેમ્બરના રોજ તેનું સમાપન થશે તેની સાથે ખેલમહાકુંભનો પણ પ્રારંભ થયો છે. શહેરની વિવિધ કલબો, હોટલો, પાર્ટીપ્લોટ, શોપિંગ મોલ વગેરેમાં થર્ટી- ફર્સ્ટની ઉજવણીના કાર્યક્રમો યોજાશે. શહેરના હાર્દ સમાન સીજી રોડ પર સાર્વજનિક રીતે 31ની ઉજવણીના કાર્યક્રમો યોજાય છે. તે વખતે ટ્રાફીક સગવડતા માટેની એડવાઝરી પણ જાહેર કરવામાં આવી છે. ક્યાંક- ક્યાંક મદિરા પાનની મહેફિલો પણ યોજાય છે. આવી પાર્ટીઓમાં ભાગ લેનાર સંતાનોના માતા-પિતા તેમના પર ધ્યાન રાખવા હવે જાસૂસી એજેંસીઓનો સહારો લઇ રહી છે. તેથી બની શકે કે આવી હાઈફાઈ અને હાઈપ્રોફાઈલ પાર્ટીઓમાં નબીરા સંતાનોની સાથે મહેમાનના સ્વાંગમાં જાસૂસ પણ હોઈ શકે જે તે સંતાનની ગતિવિધિ પર ધ્યાન રાખી પળે પળની જાનકારી તેના માતા-પિતાને આપશે.



31 ડિસેમ્બરની ઉજવણી કરીને 2024ના નવા વર્ષના આગમનની જોરશોરથી તૈયારીઓ યુવાપેઢીઓ કરી રહી છે. પરંતુ આ સેલિબ્રેશન વચ્ચે માતા-પિતાની ચિંતા વધી છે. કારણ કે તેમને ચિંતા કે છે તેમના સંતાનો ડ્રગ્સના રવાડે તો નથી ચડતાંને..? બાળકોને કોઈ ખોટી સંગતમાં તો નથી..? તેમને એ પણ નથી ખબર કે બાળકો કયા મિત્રો સાથે સેલિબ્રેશન કરી રહ્યાં છે. આ ડર અને બાળકોની સુરક્ષા માટે તેઓ જાસુસના શરણે થઈ રહ્યાં છે. માહિતી અનુસાર આશરે 40 %થી વધુ માતા-પિતાએ બાળકો પર નજર રાખવા ડિટેકટીવને રોક્યા છે. નવરાત્રી બાદ હવે 31 ડીસેમ્બરની ઉજવણીમાં પણ જાસુસો નજર રાખશે.

31 ડિસેમ્બરનાં ડ્રગ્સની રેવ પાર્ટી અને દારૂની મહેફીલમાં પોલીસની નજર રહેશે. આ સિવાય માતા પિતાઓએ પણ પોતાના બાળકો પર નજર રાખવા માટે ખાસ જાસુસને રોક્યાં છે. અમદાવાદમાં ડ્રગ્સનું દુષણ વધી રહ્યું છે. યુવા પેઢીમાં ડ્રગ્સનું ચલણ વધતું જાય છે. જયારે યુવતીઓ સોશિયલ મિડીયાનાં કારણે અજાણ્યા લોકો પર વિશ્વાસ કરીને શારીરીક શોષણનો પણ ભોગ બની રહી છે. જેથી પોતાનાં દિકરો અને દિકરીની સલામતી માટે હવે માતા-પિતાની ચિંતા વધી છે. જેથી તેમણે અમદાવાદનાં ડિટેકટીવને બાળકો પર નજર રાખવાનું કામ સોપ્યું છે. જે બાળકોની સલામતીની સાથે તેમના મિત્રો પર પણ નજર રાખશે.

માહિતી અનુસાર 31 ડિસેમ્બરની ઉજવણી માટે પોલીસે એકશન પ્લાન બનાવ્યો છે સાથે જાસુસોની ટીમ પણ સક્રીય થઈ છે. જે પોલીસની જેમ નાગરીકોની સુરક્ષાને લઈને નજર રાખશે અને પોલીસને મદદ કરશે. ડિટેક્ટિવ શિવ શાહે જણાવ્યું કે, છેલ્લાં 5 વર્ષથી આ પ્રકારનાં કેસ વધ્યાં છે. વાલીઓ અમને 31stનાં એક અઠવાડિયાં પહેલા હાયર કરે છે. તેમનો એક જ હેતુ હોય છે કે મારો બાળક કોઈ ડ્રગ્સનાં ચક્કરમાં ન પડી જાય તેથી તેઓ બાળકોનાં મિત્રો અને પાર્ટીને લઈને જાણકારી મેળવવા ઈચ્છે છે.

# રામમંદિર માટે આજે રવાના કરાશે વિશાળ અગરબત્તી

■ વડોદરાના રામભક્તોએ 108 ફુટ લાંબી બનાવી અગરબત્તી ...

ગુજરાત | વંદન



વર્ષોની પ્રતીક્ષા અને સંઘર્ષ બાદ અયોધ્યામાં તા.22 જાન્યુઆરી 2024 ના રોજ ભગવાન શ્રી રામ તેમના જન્મ સ્થળ પર બનેલા દિવ્ય મંદિરમાં બિરાજમાન થશે. આ ઐતિહાસિક અને આધ્યાત્મિક કાર્યક્રમમાં સહભાગી થવા માટે વડોદરા શહેરના ગોપાલક સમાજના આગેવાનો અને રામભક્તો દ્વારા 108 ફૂટ લાંબી અગરબત્તી બનાવી છે. આ અગરબત્તી તારીખ 31 ના રોજ બપોરે બે વાગ્યે વડોદરા દરજીપુરા પાંજરાપોળ થી અયોધ્યા રવાના કરાશે. 108 ફૂટ લાંબી અગરબત્તી માટે વિશેષ ટ્રેલર સ્વરૂપે રથ તૈયાર કરવામાં આવ્યો છે.

તારીખ 31 ના રોજ ધાર્મિક વિધિ બાદ અગરબત્તીને આ ટ્રેલરમાં સુરક્ષા ભેર અયોધ્યા લઈ જવાશે. આશરે 1,200 કિલોમીટરનું અંતર કાપીને અગરબત્તી અયોધ્યા પહોંચશે. આ અગરબત્તી તૈયાર કરનાર વડોદરાના ગોપાલક વિહાભાઈ ભરવાડએ કહ્યું હતું કે રામ મંદિર માટે તૈયાર કરેલી આ અગરબત્તીનું વજન 3500 કિલો છે. અગરબત્તી 108 ફૂટ લાંબી અને સાડા ત્રણ ફૂટ પહોળી છે. અગરબત્તીમાં ગુગળ, કોપરાનું છીણ, જવ, 280 કિલો તલ, ગીર ગાયનું શુદ્ધ ઘી, હવન સામગ્રી અને ગીર ગાયના છાણનો પાવડર ઉપયોગ કરવામાં આવ્યો છે. આ અગરબત્તી 47 દિવસ સુધી અખંડ ચાલશે. અગરબત્તી તૈયાર કરતા છ મહિનાનો સમય લાગ્યો છે. અગરબત્તી લોકાર્પણ પ્રસંગે તારીખ 30 ની રાત્રે 8 વાગે દરજીપુરા એરફોર્સ સામે લોક ડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# 2 ફેબ્રુઆરીએ વિધાનસભામાં રજૂ કરાશે રાજ્યનું બજેટ




■ પહેલીથી બજેટ સત્રનો પ્રારંભ, રાજ્યપાલ દ્વારા સંબોધન

ગુજરાત | વંદન

પંદરમી ગુજરાત વિધાનસભાનું ચોથુ સત્ર તા. ૧લી ફેબ્રુઆરીથી શરૂ થશે.આ બજેટ સત્રમાં તા.૨જી ફેબ્રુઆરીએ નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈ વિધાનસભામાં અંદાજપત્ર રજૂ કરશે.પ્રવકતા મંત્રી એ ઉમેર્યુ કે,આ સત્રમાં પૂર્ણ કક્ષાનું બજેટ વિધાનસભા ખાતે રજૂ કરાશે. સરકારી વિધેયકો અને અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા અને માંગણીઓ પર પણ વિધાનસભા ગૃહમાં ચર્ચા થશે. બંધારણના અનુચ્છેદ મુજબ તારીખ ૧લી ફેબ્રુઆરીના રોજ મહામહિમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત વિધાનસભા ગૃહની બેઠકને સંબોધન કરશે. જે બાદ વિધાનસભા ગૃહમાં રાજ્યપાલના સંબોધનને લઈ આભાર પ્રસ્તાવ રજૂ થશે.

તેમણે કહ્યું કે, વર્ષ૨૦૨૪-૨૫નું બજેટ તા.૨જી ફેબ્રુઆરીના રોજ વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવશે. આ સત્ર બજેટનું સત્ર હોવાથી બજેટ પર સામાન્ય ચર્ચા અને માંગણી ઉપર ચર્ચા તેમજ મતદાન માટે બેઠકો થશે. વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવેલા બજેટસત્રમાં ૨૬ બેઠકોમાં ચર્ચા થશે. સત્ર દરમિયાન સરકારી વિધેયકો તેમજ સરકારી કામકાજ માટેની ચર્ચા માટે પણ બેઠકો

...અનુસંધાન પેજ નં. 6 પર



# 15 જાન્યુઆરી સુધી મહેંકશે ફલાવર-શો, ટિકિટ માત્ર 50 રૂપિયા..!

■ મોઢેરા સૂર્યમંદિર, નવા સંસદભવનની પ્રતિકૃતિ આકર્ષણનું કેન્દ્ર

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિ.તંત્ર દ્વારા ૧૧મા રંગબેરંગી ફલાવર-શોને ખુલ્લુ મુકવામાં આવ્યું છે. આ વર્ષે ફલાવર-શોના મુલાકાતીઓ માટે વડનગરના તોરણ ઉપરાંત મોઢેરા સુર્યમંદિર તથા નવા સંસદભવન સહિતની પ્રતિકૃતિ આકર્ષણ બની રહેશે.૧૨ વર્ષથી વધુની વયના લોકો માટે સોમથી શુક્રવાર સુધી રુપિયા પચાસ તથા શનિ અને રવિવારે પંચોતેર રુપિયા ટિકીટના દર રાખવામાં આવ્યા છે.સ્કેન કરી ઓનલાઈન પણ ટિકીટ મેળવી શકાશે.રાજયમાં જાન્યુઆરી મહિનામાં વાઈબ્રન્ટ સમિટ યોજાવાની છે.આ સમિટમાં દેશ અને વિદેશથી મોટી સંખ્યામાં ડેલીગેટસ આવવાના છે.આ બાબતને ધ્યાનમાં લઈ ૩૦ ડિસેમ્બરથી જ મ્યુનિ.તંત્ર તરફથી ફલાવરશો શરૂ કરવામાં આવ્યો છે.મેયર પ્રતિભાબહેન જૈન અને સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેનના કહેવા મુજબ, ૧૫ જાન્યુઆરી-૨૦૨૪ સુધી સાબરમતી રિવરફ્રન્ટ,ઈવેન્ટ ગાર્ડન અને ફલાવર ગાર્ડન ખાતે ફલાવર-શો આયોજીત કરાશે.સવારના ૯થી રાત્રિના ૧૦ કલાક સુધી લોકો ફલાવરશોની મુલાકાત લઈ શકશે. ફલાવર-શોમાં ૨૧ ગાર્ડનને લગતા સ્ટોલ ઉપરાંત ૧૫ ફુડ કોર્ટ તથા ૮ નર્સરી કોર્ટ ઉભી કરવામાં આવી છે.

## આપ નેતા સંજયસિંહને 11મીએ અમદાવાદની કોર્ટમાં હાજર કરવા આદેશ

ગુજરાત | વંદન



વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી મામલે ગુજરાત યુનિવર્સિટી વિશે બદનક્ષીભર્યા નિવેદનો કરવાના કેસમાં વારંવાર ગેરહાજર રહેનાર આપના રાષ્ટ્રીય સંયોજક સંજય સિંહ સામે કોર્ટે વોરંટ ઈશ્યૂ કર્યું છે. હાલમાં તેઓ તિહાર જેલમાં બંધ હોવાથી જેલ સુપરિન્ટેન્ડેન્ટે સંજયસિંહને 11 જાન્યુઆરી, 2024ના રોજ કોર્ટમાં હાજર રાખવા આદેશ કર્યો છે. બીજી તરફ, આ જ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મુદત અંગે કરેલી અરજી કોર્ટે ગ્રાહ્ય રાખી છે. નોંધનીય છે કે, આ કેસમાં બન્ને નેતા હાજર ન રહેતા ફરિયાદ પક્ષે વોરંટ

...અનુસંધાન પેજ નં. 6 પર

### દૂધની દાઝેલી કોર્પોરેશન છાશ ફુંકીને પીએ છે...

# હાટકેશ્વર બ્રિજ મામલે કરારમાં 10 વર્ષની વોરંટીની જોગવાઈ કરાઈ

ગુજરાત | વંદન

શહેર કોર્પોરેશનમાં ભાજપના સત્તાકાળમાં હાટકેશ્વર બ્રિજ ભ્રષ્ટાચારનું પ્રતિક બન્યું છે. આ બ્રિજની ગુણવત્તા સામે અનેક સવાલો થયા હતા જેના પગલે તપાસ કરવામાં આવતા બ્રિજ બનાવતી વખતે કટકી કાંડના મામલે કોન્ટ્રાક્ટરની ધરપકડ પણ થઈ છે. સમગ્ર બ્રિજ તોડીને નવેસરથી બનાવવાને બદલે નબળુ બાંધકામ તોડી ફરીથી બનાવવામાં



આવી રહ્યું છે. વિવાદિત હાટકેશ્વર ફ્લાયઓવરના ખખડી ગયેલા 8 સ્પાન-સ્લેબને તોડવા અને રિટ્રોફિટિંગ માટે કોર્પોરેશને ઓક્ટોબરમાં ટેન્ડર બહાર પાડ્યું હતું. તે વખતે કોઈ પણ કંપનીએ ટેન્ડર ન ભરતા ફરી એક વખત 24.87 કરોડનું ટેન્ડર બહાર પડાયું છે. નવા ટેન્ડરમાં બ્રિજની કામગીરી પૂરી થયા બાદ 10 વર્ષની ડિફેક્ટ લાયેબિલિટી (વોરંટી) ની

...અનુસંધાન પેજ નં. 6 પર

## આગામી 9થી 13 જાન્યુ.એ ગાંધીનગરના રસ્તાઓ રહેશે બંધ

ગુજરાત | વંદન



ગાંધીનગર ખાતે જાન્યુઆરીમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ યોજાવા જઈ રહી છે. જેને લઈને ગાંધીનગર કલેકટરે એક મહત્વનું જાહેરનામુ બહાર પાડ્યું છે. વિવિધ રસ્તાઓને લઈ આ જાહેરનામુ બહાર પાડ્યું છે. જેમાં ગ રોડ અને જ રોડ સામાન્ય ટ્રાફિક વ્યવહાર માટે બંધ રાખવાનો પણ મહત્વનો નિર્ણય લીધો છે.

જાહેરાનામામાં જણાવ્યા મુજબ આ રસ્તાઓ સંબંધિત જાહેરનામું આગામી 9થી 13 જાન્યુઆરી સુધી અમલમાં રહેશે. ચ (0) થી ચ (5) રોડને નો પાર્કિંગ ઝોન પણ જાહેર કરાયો છે.

...અનુસંધાન પેજ નં. 6 પર

### ફોરેસ્ટ બીટ ગાર્ડની પરીક્ષાની તારીખ જાહેર

# રાજ્યના 11 જિલ્લાના સેન્ટરો પર 8 ફેબ્રુ.એ લેવાશે પરીક્ષા

ગુજરાત | વંદન

ગુજરાતમાં સરકારી પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે મોટા સમાચાર આવ્યા છે જેમાં ફોરેસ્ટ બીટ ગાર્ડની પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે. આ પરીક્ષા ગૌણ સેવા પસંદગી મંડળ લેશે અને રાજ્યના 11 જિલ્લાના સેન્ટરો પર પરીક્ષા લેવાનું આયોજન છે.

રાજ્યમાં સરકારી ભરતી પરીક્ષાને લઈને વધુ એક મહત્વના સમાચાર આવ્યા છે જેમાં ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલ જણાવ્યું હતું કે રાજ્યમાં વર્ગ 3ની 5 હજાર જગ્યાઓ માટે 15 દિવસમાં ભરતીની જાહેરાત થશે



તેમજ આગામી 8 ફેબ્રુઆરીથી ગૌણ સેવા પસંદગી મંડળ ફોરેસ્ટ બીટ ગાર્ડની પરીક્ષા લેશે. રોજના 50 હજાર જેટલાં ઉમેદવારો ફોરેસ્ટ બીટ ગાર્ડની પરીક્ષા આપશે અને આ પરીક્ષા કોમ્પ્યુટર આધારિત હશે જે 7 દિવસ સુધી ચાલશે. રાજ્યભરમાંથી કુલ 4.18 લાખ ઉમેદવારો ફોરેસ્ટ બીટ ગાર્ડની પરીક્ષામાં આપશે અને રાજ્યના

...અનુસંધાન પેજ નં. 6 પર

### અમેરિકા જવા નિકળેલા ચાર્ટર્ડ પ્લેનના પ્રવાસીઓ વિલા મોઢે પરત આવ્યાં

# ફ્રાન્સ ઇફેક્ટ: જ્યારે દુબઈમાં 30 ગુજરાતીઓમાં ફેલાયો ફફડાટ

■ નિકારાગુઆ જવા નિકળેલા 30 ગુજરાતીઓને જાણ થઈ કે અગાઉના પકડાઈ ગયા...

ગુજરાત | વંદન

ચાર્ટર્ડ ફ્લાઈટથી નિકારાગુઆ પહોંચીને ત્યાંથી ગમે તેમ કરી અમેરિકા જવાના પ્રયાસમાં ફ્રાંસમાંથી જ પકડાઈને ૨૧ ગુજરાતીઓને પાછા આવવાની ફરજ પડી છે ત્યારે આ ઘટના બાદ એજન્ટોમાં ફફડાટ ફેલાઈ ગયો હોવાનું જાણવા મળી રહ્યું છે. સૂત્રોના હવાલેથી એક મીડિયાને મળેલી માહિતી અનુસાર, જે ફ્લાઈટ દુબઈથી નિકારાગુઆ જવા નીકળી હતી તે જ ફ્લાઈટનાં બીજા રાઉન્ડમાં બીજા ત્રીસેક જેટલાં ગુજરાતીઓને નિકારાગુઆ પહોંચાડવાના હતા.

જોકે, આ ચાર્ટર્ડ ફ્લાઈટ ફ્રાંસમાં પકડાઈ જતાં એજન્ટોનો કાંડ ખૂલ્લો પડી ગયો હતો, અને તેના કારણે જે ગુજરાતીઓને બીજા રાઉન્ડમાં દુબઈથી રવાના કરવાના હતા તે તમામને રાતોરાત ઘરભેગા કરી દેવામાં આવ્યા હતા. એક મીડિયા સાથે ચોંકાવનારી માહિતી શેર કરનારા સોર્સે એમ પણ જણાવ્યું હતું કે જે ત્રીસેક જેટલા ગુજરાતીઓ જાન્યુઆરી મહિનામાં નિકારાગુઆ જવા નીકળવાના હતા તેમાંના મોટાભાગના ઉત્તર ગુજરાતનાં હતાં, અને તેમાંય કલોલના એક એજન્ટના પેસેન્જર્સની સંખ્યા સૌથી વધુ હતી.

દુબઈથી ઉપડતી ચાર્ટર્ડ ફ્લાઈટ મારફતે ઈન્ડિયન્સને નિકારાગુઆ પહોંચાડવાનો આ મામલો ભલે હાલમાં જ બહાર આવ્યો હોય, પરંતુ સૂત્રોનું માનીએ તો આ ચાર્ટર્ડ ફ્લાઈટ દ્વારા મૂળ દિલ્હીના



એજન્ટો લગભગ સાતેક જેટલી ટ્રીપ લગાવી ચૂક્યા છે અને તેના દ્વારા સેંકડો લોકોને નિકારાગુઆ લઈ જઈને મેક્સિકો બોર્ડર ક્રોસ કરાવી અમેરિકા પણ પહોંચાડી દેવામાં આવ્યા છે. આ ફ્લાઈટ્સમાં જે ગુજરાતીઓને મોકલવાના હોય છે તેમને પહેલા દિલ્હી મોકલવામાં આવે છે, અને ત્યાંથી તેમને દુબઈની ફ્લાઈટમાં બેસાડી દેવાય છે. દુબઈ પહોંચેલા ગુજરાતીઓને ત્રણસો જેટલા પેસેન્જર્સ ભેગા થયા બાદ આ ચાર્ટર્ડ ફ્લાઈટમાં બેસાડી દેવાય છે અને પછી તેમને નિકારાગુઆ પહોંચાડવામાં આવે છે. પેસેન્જર્સને વાયા નિકારાગુઆ અમેરિકા પહોંચાડવામાં એજન્ટોને પ્રમાણમાં ઓછો ખર્ચો આવે છે. જે પેસેન્જર્સને તુર્કી કે પછી મેક્સિકોના વિઝા મળી શકે તેમ ના હોય તે લોકોને પણ મોટાભાગે આ રૂટ પર રવાના કરાતા હોય છે.

ગુજરાતના એજન્ટો પેસેન્જર્સ સાથે જે ડીલ કરતા હોય છે તે અનુસાર, તેમનો જે કંઈ ચાર્જ છે તે પેસેન્જર અમેરિકા પહોંચી જાય ત્યારપછી જ તેમને મળતો હોય છે. એટલું જ નહીં, જો રસ્તામાં કોઈ પેસેન્જરનું મોત થાય, કોઈ ઈજા થઈ જાય કે પછી તેને જેલમાં જવાનો વારો આવે તો પણ એજન્ટે જ તેની બધી વ્યવસ્થા કરવાની હોય છે. જોકે, આ એજન્ટો પહેલાથી જ પેસેન્જર્સને કહી રાખતા હોય છે કે કોઈપણ સંજોગોમાં તેમને પોલીસ સામે મોઢું નથી ખોલવાનું. હજુ સપ્ટેમ્બર ૨૦૨૩માં જ ઉત્તર ગુજરાતના એક યુવક-યુવતી અલગ-અલગ દેશોમાં...

...અનુસંધાન પેજ નં. 6 પર



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009